

# પ્રમોદ પમરાટ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

પ્રમોદ પમરાટ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

અમને Telescopeની બે વિશેષતાઓ ખાસ પસંદ છે. એક એ કે તે ભલે ધરતી પર છે. પરંતુ એ દર્શન તો ઉત્તુંગ આકાશમાં રહેલ સૂર્ય–ચન્દ્ર–ગ્રહ–નક્ષત્રાદિનાં એકદમ સૂક્ષ્મતાપૂર્વક કરાવે છે અને બીજી એ કે તે આકાશી ગતિવિધિઓને બહુ વ્યાપકપણે Catch up કરે છે. અમારું મન્તવ્ય એ છે કે પ્રભુશાસને દર્શાવેલ સોળ પૈકીની એક પ્રમોદભાવના આ Telescope જેવી છે. ફર્ક એટલો જ છે કે Telescope ની ઉપરોક્ત બે વિશેષતાઓ આકાશનાં ક્ષેત્રની છે, જ્યારે પ્રમોદભાવનાની એ જ બે વિશેષતાઓ આધ્યાત્મિક ક્ષેત્રની છે.

પ્રમોદભાવના અન્યોનાં જીવનમાં રહેલ ઉત્તુંગ Sideની બાબતો જ અર્થાત્ વિવિધ સદ્‌ગુણો જ દર્શાવે, નિમ્ન sideની બાબતોનાં અર્થાત્ દુર્ગુણોનાં–દોષોનાં દર્શન ન કરાવે. કેમ કે પ્રમોદભાવના ગુણો માટે વાચાળ રહે છે અને દોષો માટે મૌન! પ્રભુશાસનપ્રણીત પ્રમોદ ભાવના 'અન્યો'ને ગુણોના સંદર્ભમાં બહુ વ્યાપકપણે catch up કરે છે. ત્યાં આ પક્ષ–તે પક્ષ મારા–તારા જેવા ખ્યાલ નથી. માત્ર માર્ગસ્થ ગુણો હોય એ જ ખ્યાલ છે. અરે! અન્ય ધર્મપરંપરાના જીવોના ય માર્ગસ્થ ગુણોના પ્રમોદનું પ્રભુશાસનમાં વિધાન છે જે 'અમૃતવેલસજ્ઝાય' જેવી કૃતિઓમાં સ્પષ્ટ અક્ષરે નિહાળાય છે. ત્યારે એમ પ્રતીત થાય કે પ્રમોદભાવના આધ્યાત્મિકસ્તરનું Super Telescope છે!

– આચાર્ય વિજય રાજરત્નસૂરિ

(આ પુસ્તકનાં 'લેખકીય નિવેદન'માંથી)

# સાહિત્યયાત્રાનો સત્કાર

સાહિત્યયાત્રાનો સત્કાર

સાહિત્યયાત્રાનો સત્કાર

વિદ્વાન્, તત્ત્વવેત્તા, પ્રવચનપ્રભાવક, નિયમિત ગુજરાતસમાચાર-'ધર્મલોક'માં છેલ્લા ૩૩ વર્ષથી તત્ત્વપ્રચૂર લખાણ સાથે સુંદર દૃષ્ટાંતો-ઉત્તમ શિરમોર સુવાક્યોથી વાચકોને તરબોળ બનાવનાર હળવા રમૂજી લૌકિક-લોકોત્તર પ્રસંગો તથા 'અ' વગેરે અક્ષરઆધારિત ત્રિપદી-ચતુષ્પદીથી પદાર્થોને સરળ બનાવનાર સમૃદ્ધ લેખક

**પરમપૂજ્ય આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.!**

સાદર વંદના.

આપની વ્યાખ્યાનશૈલી આજ સુધી સાંભળી ન હતી. આજે એ ઉમદા અવસર અહીં પાલિતાણામાં આગમવાચનામાં મળ્યો. ઉત્તરાધ્યયનઆગમના ઉજાસમાં આપની સરળ શૈલી, નિર્દંભ વાણી ખરેખર સ્પર્શી ગઇ. પહેલા અધ્યાયની પહેલી ગાથાની પહેલી પંક્તિ આપે ગજબ રીતે વિસ્તારીને સમજાવી. આપના લેખો સતત વાચવાનાં કારણે આપના Star વાક્યો જેવી Style થી પરિચિત છું. પણ આજે સાક્ષાત્કાર થયો.

ત્રણ કક્ષાના શિષ્યત્વ અને ત્રણ કક્ષાના ગુરુત્વનાં નિરૂપણમાં આપની હળવી શૈલી, સરસ શૈલી ડોલાવી ગઇ. કોઇ આડંબર નહીં, માત્ર સરળ તત્ત્વ જ. ગાથાનો વિષય ઠેઠ સુધી જરા પણ છૂટ્યો નહિ. છતાં કલાક જાણે આંખના પલકારમાં પૂરો થઇ ગયો. આપનો fan હતો, હવે Superfan થઇ ગયો.

આપે પ્રદાન કરેલા ત્રણ પુસ્તકોમાં અદ્ભુત છણાવટ છે. અમૃતવેલ-સજ્ઝાયના શરૂઆતના પદોની અક્ષરશઃ Audio reel બનાવડાવી મારા Followersને આનંદયાત્રા કરાવી. Hope you do not mind.

આપના ગુરુદેવને ધન્ય. આપને ધન્ય!

પાલિતાણામાં પધારી આપે તત્ત્વનાં અમીછાંટણાં કરાવ્યાં એ માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

**- પૂ. ડૉ. મુનિરાજ શ્રી હેમબોધિવિજયજી મ.સા.**

(પૂ.આ.શ્રી રામચન્દ્રસૂ. મ. સમુદાય)

સાહિત્યયાત્રાનો સત્કાર

સાહિત્યયાત્રાનો સત્કાર

સાહિત્યયાત્રાનો સત્કાર

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * श्री गौतमगणधराय नम: * सूर्योदयं सूरिवरं नमामि

# પ્રમોદ પમરાટ

વિવિધ ગુણવાન વ્યક્તિત્વો માટે પ્રસંગોપાત્ત આલેખાયેલ ગુણસંકીર્તનલેખોનો સંચય


❀ લેખક ❀

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
વ્યા. સા. ન્યા તીર્થ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યકાર શતાધિક ગ્રન્થસર્જક તેજસ્વીવક્તા
શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ**



❀ પ્રકાશક ❀

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૯૯

**પ્રકાશક :**

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે, જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

**પ્રાપ્તિસ્થાન :**

**શ્રી વિશાલભાઈ ડી. ગાલા**
બી-૧૪/૪૦૧, સૂર્યદર્શન, આનંદ નગર,
સી.એસ. રોડ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮.
મો.: ૯૮૩૩૦૦૬૧૬૪ / ૮૬૫૫૮૭૧૫૦૩

**પ્રકાશનતિથિ તથા સ્થળ :**

શ્રાવણ શુદિ-૧૧, તા. ૫-૮-૨૦૨૫.
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મદિન.
પંકજ જૈન સંઘ-અમદાવાદ.

**પ્રથમાવૃત્તિ પ્રત :** ૧૦૦૦

**મૂલ્ય :** રૂ.૧૦૦

**મુદ્રક :**

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન : ૪૩૬૬ ૭૧૭૧**

SAIYAM GOLDEN SERIES

50

*Aa. Rajratnasuri*

SAIYAM GOLDEN YEAR

# આનંદો...આનંદો...આનંદો

પૂજ્યપાદ શતાધિક ગ્રન્થસર્જક સિદ્ધહસ્તસાહિત્યકાર

**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ના

સંયમ સુવર્ણવર્ષનો પ્રારંભ વિ.સં.૨૦૮૪માં થાય છે.

તે વર્ષે પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા

૧૨૫ પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

**પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે પૂજ્યશ્રી તથા શિષ્ય - પ્રશિષ્યરત્નો દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-ઈંગ્લીશ-ગુજરાતી ભાષામાં નવસર્જિત કુલ 50 પુસ્તકોનું પ્રકાશન થશે. તે સાથે ધર્મકૃપા ટ્રસ્ટની સાહિત્ય પ્રકાશનયાત્રા 265 પુસ્તકોનો MILE STONE પસાર કરશે.**

Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

# હાર્દિક અનુમોદન

**પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી**

**આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**

તથા

**પૂજ્યપાદ શતાધિકગ્રન્થસર્જક**

**આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ની

પુણ્યપ્રેરણાથી શ્રી સંઘમાં સર્જાયેલ

બે શિખરબદ્ધ ભવ્ય જિનાલયો–ઉપાશ્રયો–જૈન ભવન–આયંબિલ ખાતું

આદિ ધર્મોપકારોની સ્મૃતિમાં તેમજ

શતાધિકગ્રન્થસર્જક પૂજ્યશ્રીએ સ્વયં માસક્ષમણસાધના

ઉપરાંત કુલ **3198** માસક્ષમણોની કરાવેલ આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી વસઈ રોડ શ્વે.મૂ.જૈન સંઘ** તરફથી

આ પુસ્તક–પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાને હાર્દિક અનુમોદના સાથે ધન્યવાદ.

**- પ્રકાશક**



દર્ભાવતીતીર્થાધિનાયક પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, निःशेषभूमीतलभूषणं यः ।
स्वरूपसम्पत्तिनिकेतनं य,-स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।



ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मधामवरतीर्थपतिं गुणाढ्यं,
पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं,
नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्।।



ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

## શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मसूर्यवरधाम्नि विराजमानं,
ध्यानस्थितं च दशहस्तमयप्रमाणम्।
स्वर्णप्रभं भविनतं भवसिन्धुयानं,
जीरावलाजिनवरं प्रणमामि नित्यम्।।



શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્યવસન્તધામતીર્થમણ્ડન

# શ્રી આદિનાથ ભગવાન

तीर्थे स्थितं प्रवरदिव्यवसन्तधाम्नि, भक्त्योल्लसद्–भविकवृन्दसुसेव्यमानम् ।
शत्रुञ्जयाधिपतिरूप–समानरूपं, श्रीमद्युगादिजिनदेवमहं नमामि ।।

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર ૧૩૫ જિનાલયપ્રણેતા પૂજ્યપાદ યુગદિવાકર



## આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्री धर्मसूरिं प्रवरं नमामि ।
तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि ।।

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક



## આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नमः
श्री शत्रुञ्जययुगादिदेवदिव्यवसन्तधाममण्डनआदिनाथाय नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमस्वामिने नमः ✻ सूर्योदयं सूरिवरं नमामि

ગુણીજનના
ગુણ ગાવતા,
ઊપજે ગુણ નિજ અંગ...

# લેખકીય નિવેદન

આધુનિક વિજ્ઞાને નિતનવાં સંશોધનો દ્વારા વિશ્વની તાસીર એ હદે બદલી નાંખી છે કે જેની પચાસ-સો વર્ષ પૂર્વે કોઈ કલ્પના ય ન કરાતી હોય. શું Communication ક્ષેત્ર કે અવકાશી સંશોધનક્ષેત્ર, શું રોગોપચારનું ક્ષેત્ર કે શું વાહનવ્યવહારનું ક્ષેત્ર : સર્વત્ર નિતનવાં સંશોધનો અને નવી પ્રગતિ થયા કરે છે. અલબત્ત, એના લાભ જ છે એવું નથી. નુકસાનો પણ નોંધપાત્ર છે. આ સતત થતાં સંશોધનોમાં ઉપયોગી થતાં સાધનોનું ખૂબ મહત્ત્વ હોય છે. અવકાશી સંશોધનક્ષેત્રે આવું એક સાધન છે Telescope.

અમને Telescope ની બે વિશેષતાઓ ખાસ પસંદ છે. એક એ કે તે ભલે ધરતી પર છે. પરંતુ એ દર્શન તો ઉત્તુંગ આકાશમાં રહેલ સૂર્ય-ચન્દ્ર-ગ્રહ-નક્ષત્રાદિનાં એકદમ સૂક્ષ્મતાપૂર્વક કરાવે છે અને બીજી એ કે તે આકાશી ગતિવિધિઓને બહુ વ્યાપકપણે Catch Up કરે છે. અમારું મન્તવ્ય એ છે કે પ્રભુશાસને દર્શાવેલ સોળ પૈકીની એક પ્રમોદભાવના આ Telescope જેવી છે. ફર્ક એટલો જ છે કે Telescope ની ઉપરોક્ત બે વિશેષતાઓ આકાશનાં ક્ષેત્રની છે, જ્યારે પ્રમોદભાવનાની એ જ બે વિશેષતાઓ આધ્યાત્મિક ક્ષેત્રની છે. પ્રમોદભાવના અન્યોનાં જીવનમાં રહેલ ઉત્તુંગ Sideની બાબતો



Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

જ અર્થાત્ વિવિધ સદ્ગુણો જ દર્શાવે, નિમ્ન Side ની બાબતોનાં અર્થાત્ દુર્ગુણોનાં-દોષોનાં દર્શન ન કરાવે. કેમ કે પ્રમોદભાવના ગુણો માટે વાચાળ રહે છે અને દોષો માટે મૌન! બીજી વાત એ કે પ્રભુશાસનપ્રણીત પ્રમોદભાવના 'અન્યો'ને ગુણોના સંદર્ભમાં બહુ વ્યાપકપણે Catch up કરે છે. ત્યાં આ પક્ષ-તે પક્ષ મારા-તારા જેવા ખ્યાલ નથી. માત્ર માર્ગસ્થ ગુણો હોય એ જ ખ્યાલ છે. અરે! અન્ય ધર્મપરંપરાના જીવોના ય માર્ગસ્થ ગુણોના પ્રમોદનું પ્રભુશાસનમાં વિધાન છે જે 'અમૃતવેલસજ્ઝાય' જેવી કૃતિઓમાં સ્પષ્ટ અક્ષરે નિહાળાય છે. ત્યારે એમ પ્રતીત થાય કે પ્રમોદભાવના આધ્યાત્મિક સ્તરનું Super Telescope છે!

પ્રભુશાસનને સમ્યક્પણે સમજતા દરેક પુણ્યાત્માને આ આધ્યાત્મિક Super Telescope ભેટ ઉપલબ્ધ થાય છે. પરંતુ અમને લાગે છે કે જેઓને પ્રવચન-લેખન જેવા યોગો મળ્યા છે તેઓને આ Telescope વિશેષપણે-અતિ વિશેષપણે ખપમાં-ઉપયોગમાં આવે છે : કૈં કેટલીયવાર ગુણાનુવાદનાં પ્રવચનોનાં માધ્યમે, તો કૈં કેટલીયવાર ગુણાનુવાદના લેખોનાં માધ્યમે! અમને આ બાબતનો ખૂબ સરસ-સુખદ અનુભવ દાયકાઓથી થતો રહ્યો છે. ગુણાનુવાદનું પ્રવચન હોય કે લેખ, એના પ્રસંગો જ્યારે જ્યારે આવે ત્યારે એની પૂર્વતૈયારીથી લઇને તે ક્ષણો સુધી વિવિધ વ્યક્તિત્વોના ગુણોની ઘેરી અસર દિલ-દિમાગ પર પ્રમોદરૂપે થતી અનુભવી છે. ત્યારે અક્ષરશ : એમ અનુભવ્યું છે કે 'સદ્ગુરુભગવંતે પ્રવચન-લેખનયોગો આત્મસાત્ કરાવ્યા તો જ આપણે પ્રમોદભાવમાં વારંવાર સરસ નિમજ્જન કરી શકીએ છીએ ને? બહુ મોટી ફલશ્રુતિ છે આ તો!' આની જ અસરરૂપે, ગુણાનુવાદનાં પ્રવચનો યા લેખોના અવસરો/આમન્ત્રણો આવ્યા છે ત્યારે એના સ્વીકારનો જ અભિગમ લગભગ રહ્યો છેઃ સમયાભાવ હોય તો ય. આ અભિગમમાંથી પ્રગટ્યા છે આ 'પ્રમોદ પમરાટ' અને 'પ્રમોદ પરિમલ' પુસ્તકો.

સાડા ત્રણ દશકાની લેખનયાત્રામાં ગુણાનુવાદસંબંધી સૌથી વધુ લેખો લખાયા છે અમારા બે અનંતોપકારી ગુરુદેવો વિશે. પરંતુ તે અમારાં કોઇ ને કોઇ પુસ્તકોમાં સ્થાન પામી ચૂક્યા હોવાથી તેઓશ્રીસંબંધી પૂર્વ પ્રકાશિત એક પણ લેખ આ બે પુસ્તકોમાં લેવાયા નથી. આ પુસ્તકોમાં માત્ર એવા જ લેખ છે કે જે અમારાં એક પણ પુસ્તકમાં અગાઉ પ્રકાશિત થયા નથી.

મુખ્યત્વે આ લેખો તે તે ગુરુભગવંતાદિના સ્મૃતિગ્રન્થ-શ્રદ્ધાંજલિ વિશેષાંક વગેરે માટે તેના સંપાદકોનાં આમન્ત્રણથી લખાયેલ છે. તેમાં ગણધર ભગવાન શ્રી



Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

ગૌતમસ્વામીજી-શ્રુતહેમનિકષ પૂર્વાચાર્ય ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.થી લઈને નિકટના ભૂતકાલમાં પ્રભુશાસનને ઝળાંહળાં કરનાર પૂ. શાસનસમ્રાટ આ.ભ.શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ.સા.-પૂ. કવિકુલકિરીટ આ.ભ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.-પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) - પૂ. શાસનધુરીણ આ.ભ. શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.સા. વગેરે સૂરિપુંગવો સંબંધી લેખો છે, વર્તમાન પ્રવરસમિતિસંબંધી ગુણસંકીર્તન લેખ છે, તો વર્તમાનના જીવંત અન્ય સૂરિભગવંતોના ય લેખ છે. આ તમામ લેખો 'પ્રમોદ પમરાટ' અને 'પ્રમોદ પરિમલ' પુસ્તકોમાં પથરાયેલ હોવાથી બન્નેનું લેખકીય નિવેદન એક જ રખાયું છે.

ખાસ સ્પષ્ટતા કે આમાં જે પૂ. ગુરુભગવંતોના ગુણસંકીર્તનલેખો છે તે ઉપર જણાવ્યું તેમ તે તે ગુરુભગવંતોના સ્મૃતિગ્રન્થાદિ નિમિત્તે લખાયેલ છે, અમારી પસંદગીનાં ધોરણે નહિ. એથી એકાધિકપણે એવું બન્યું છે કે અતિ વિશિષ્ટ પ્રભાવક સૂરિપુંગવોના લેખો આમાં નથી. ઉદાહરણરૂપે છે પૂજ્યપાદ આગમોદ્ધારક સૂરિપુંગવ શ્રીમાન સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. તો સામે એમ પણ બન્યું છે કે પ્રસ્તાવનાસંબંધી બે પુસ્તકોમાં સૌથી મોટી અને સૌથી વધુ પ્રસ્તાવનાઓ પૂ. સાગરજીમહારાજના સાહિત્યસંબંધી છે. એથી ખાસ ખ્યાલ એ રાખવો કે આમાં પ્રસંગોપાત્તતા જ કારણ છે, પસંદગી નહિ.

આ પુસ્તકો તેમજ અમારી ૧૦૯ પુસ્તકો પર્યંતની સમગ્ર સાહિત્ય- યાત્રામાં જેઓશ્રીની કૃપા જ એકમેવ કારણ છે તે અમારા અનંતોપકારી બન્ને દિવંગત ગુરુદેવો પૂજ્યપાદ શાસનશિરતાજ યુગદિવાકર આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞતાપૂર્ણ ભાવવંદના સાથે એ જ અંતર-અભિલાષા વ્યક્ત કરીએ છીએ કે આ બન્ને પુસ્તકોના લેખક અને વાચક, સૌને પ્રમોદભાવનાનો પાવન સંસ્પર્શ સદૈવ થતો જ રહે. કારણ કે :-

**ગુણીજનના ગુણ ગાવતાં, ઊપજે ગુણ નિજ અંગ;**
**ધૂલિ પણ મસ્તક ચડે, સંતચરણને સંગ..**

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **-વિજય રાજરત્નસૂરિ**



Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ❊ श्री गौतमगणधराय नम: ❊ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

પૂજ્યપાદ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર **આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** ના શ્રાવણ શુદિ-૧૧ના ૧૨૨મા મંગલમય જન્મપર્વે પ્રસ્તુત **'પ્રમોદ પમરાટ'** સહિત પાંચ-પાંચ પુસ્તકોનું પ્રકાશન કરતા અમે ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસન પ્રભાવક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર અને અમારા વર્તમાન માર્ગદર્શક પૂજ્યપાદ **શતાધિકગ્રંથસર્જક આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.,** ત્રણ પૂ. આચાર્યદેવો-બે પૂ.પંન્યાસજી ભગવંતો આદિ ૯૦ શ્રમણ-શ્રમણી ભગવંતો સાથે વિ.સં. ૨૦૮૦માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં સામૂહિક ચાતુર્માસાદિ આરાધનાર્થે પધારતાં અનેક યશસ્વી આરાધનાઓ-પ્રભાવનાઓના ચિરંજીવ ઈતિહાસનું ત્યાં સર્જન થયું. શાનદાર સ્વાગતયાત્રા સાથે ચેન્નઇભવનધર્મશાળામાં પ્રવેશ, ૭૦૦ આરાધકોનું સમૂહ ચાતુર્માસ, નિત્ય બે વારનાં પ્રવચનો, નિત્ય પ્રભાતે વાજતે-ગાજતે જયતળેટીયાત્રા અને વિધવિધ આયોજનો - અનુષ્ઠાનોમાં શિરમોર બન્યું સામૂહિક માસક્ષમણ આયોજન. આમ તો પૂજ્યશ્રી અને તેમના શિષ્યવૃંદના છેલ્લા આઠ ચાતુર્માસોમાં દરેક સંઘમાં સામૂહિક માસક્ષમણો યોજાય છે અને પાલિતાણાનાં ચાતુર્માસ પૂર્વે તેની કુલ માસક્ષમણસંખ્યા 2235 જેવી અ..ધ..ધ..થઇ છે. પરંતુ પાલિતાણાનાં સમૂહ માસક્ષમણ અનેક રીતે યાદગાર નીવડ્યા.

એમાં પહેલી બાબત હતી **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્વયં માસક્ષમણ.** અઢળક શાસનપ્રભાવનાઓ-સાહિત્યસર્જન અને તપક્ષેત્રે એક ઉપવાસ


Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

પણ પરાણે કરાય તેવી મર્યાદિત શક્તિ છતાં પૂજ્યશ્રીએ પ્રતિદિન નવ કલાક જાપ-લેખન-શાસનકાર્યો કરવા સાથે સંપૂર્ણ માસક્ષમણ અપ્રમત્તભાવે કર્યું એ દેવ-ગુરુકૃપાનો બેજોડ ચમત્કાર હતો ! શત્રુંજયેશ્વર દાદા આદીશ્વરપ્રભુએ જ જાણે આ માસક્ષમણ કરાવ્યું ન હોય! પૂજ્યશ્રીની સાથે કુલ ૩૨ સંયમી ભગવંતો અને ગૃહસ્થવર્ગ મળીને ૧૨૩ તપસ્વીઓએ ૪૫-૩૬ આદિ ઉપવાસ સહિત માસક્ષમણ કર્યાં. પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ યથાર્થ લખ્યું કે ''પાલિતાણાના સો વર્ષના ઈતિહાસમાં આ રીતની સામૂહિક માસક્ષમણઘટના સર્વપ્રથમ છે.'' પ્રવરસમિતિના તમામ પૂજ્યો સહિત ૫૦ થી વધુ ગચ્છાધિપતિઓ-આચાર્યશ્રીઓનાં પત્રોમાં પૂજ્યશ્રીનાં માસક્ષમણતપની હાર્દિક અનુમોદના નીતરતી હતી. પાલિતાણા ગામના સંઘમાં પૂજ્યશ્રીના પરિવારના ગુરુભગવંતોનું ચાતુર્માસ થતાં પાલિતાણા સંઘના ઈતિહાસમાં સર્વપ્રથમવાર ૨૭ માસક્ષમણો થયા. એક અજબ ઘટના એ બની કે માસક્ષમણના ૨૯મા ઉપવાસની મધ્યરાત્રિએ, શ્રી હસ્તિગિરિતીર્થે પ્રતિષ્ઠિત થનાર આદીશ્વરદાદાનું પ્રથમ અંજનવિધાન પૂજ્યશ્રીના હસ્તે થયું કે જેમાં પાલિતાણાસ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય હતું.

૩૦મા ઉપવાસે સવારે ૭.૦૦ ક. પાલિતાણા માટે અભૂતપૂર્વ કહેવાય તેવો ૧૨૩ માસક્ષમણતપસ્વીઓનો ભવ્યાતિભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. પૂજ્યશ્રીસહિત ૩૨/૩૨ સંયમી ભગવંતોની નયનરમ્ય શિબિકાઓ, તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિભગવંતોની નિશ્રા, અનેક બેન્ડો-મંડળીઓ વગેરેનાં કારણે એ તપોયાત્રાવરઘોડો ઐતિહાસિક અને જાજરમાન બન્યો હતો. મુંબઇ વગેરે સ્થળોએથી લગભગ ૪૦૦૦ ભાવિકો-ગુરુભક્તો તેમાં જોડાયા હતા. બપોરે ભવ્ય તપ અનુમોદન મહાસભામાં સર્વ સમુદાયોના સૂરિભગવંતોએ જે ઉત્કૃષ્ટ ગુણાનુરાગથી પૂજ્યશ્રીની-માસક્ષમણતપસ્વી દશવર્ષીય પૂ. બાલમુનિ શ્રી જિનાંશરત્ન-વિજયજી મ.ની-સળંગ ૭૭૦ આયંબિલ પર (એક પણ એકાસણાદિ વિના) માસક્ષમણ કરનાર પૂ.સા.શ્રી ધ્યાનદર્શિતાશ્રીજી મ.ની તપશ્ચર્યા વગેરેની જબરજસ્ત અનુમોદના કરી હતી તે ખરેખર વિસ્મયવિભોર કરી દે તેવી હતી. માહોલ એવો સર્જાયો હતો કે સર્વ સમુદાયોને આ રીતે એક મંચ પર નિહાળી ચાર હજારથી વધુ ભાવિકો ધન્ય ધન્ય થઇ ગયા.

માસક્ષમણપારણાદિને પણ આ જ રીતે સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય,

પૂ. પરમ ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું દેવરૂપે દેવવિમાનમાં આગમન અને એમના દ્વારા પૂજ્યશ્રીને પારણાનો Technology રચિત હૃદયંગમ Live Scene, પૂજ્યશ્રીલિખિત 101 થી 104 ક્રમાંકના પુસ્તકોનું વિમોચન, સંયમીભગવંતો સહિતના સર્વ માસક્ષમણતપસ્વીઓ માટે ઉત્તમ પારણાવ્યવસ્થા, ઉપસ્થિત તમામ ભાવિકોને વહોરાવવાનો Chance અને સર્વ સંયમીઓને સ્વયં વાસનિક્ષેપ બાદ ઠેઠ ૧૨.૩૦ ક. પૂજ્યશ્રી દ્વારા પારણા, અદ્‌ભુત મહાપૂજા વગેરે આંખ-અંતર ધન્ય બનાવતા પ્રસંગો યોજાયા હતા. નિત્ય ત્રણે ય સમય ચાર હજાર ભાવિકોનાં સંઘસાધર્મિકવાત્સલ્ય, અવનવા સ્ટેજ કાર્યક્રમો, વ્રત-નિયમોનાં લાખેણાં ભેટણાદિથીયુક્ત આ મહાન માસક્ષમણમહોત્સવના પ્રતિઘોષ સમગ્ર જૈનશાસનમાં ઝિલાયા હતા. એક ઉલ્લેખનીય બાબત એ બની કે પાલિતાણાસ્થિત પર્યાયસ્થવિર પૂ. મુનિવર્ય શ્રી જયભદ્રવિજયજી મહારાજે ઉલ્લાસની ચરમ સીમાએ, માસક્ષમણ-અનુમોદનસભામાં એમ જણાવ્યું હતું કે ‘‘આ. રાજરત્નસૂરિજીએ આટલી જવાબદારીઓ વચ્ચે પોતે માસક્ષમણ કરીને અમારા સમુદાયનું અને અમારા ગામ ડભોઇતીર્થનું ગૌરવ વધાર્યું છે. આજે હું જાહેર કરું છું કે આજનો દિવસ ‘સમુદાય ગૌરવ’ દિવસ છે.

આ મહામહોત્સવનું જ નહિ, બલ્કે પાલિતાણાનાં સર્વ ચાતુર્માસોનું સર્વપ્રથમ અને શિરમોર આયોજન થયું **શત્રુંજય–સૂર્યોદયધામ**નાં નિર્માણનું. પૂજ્યશ્રી જયારે સિદ્ધક્ષેત્રમાં પધાર્યા ત્યારે પૂજ્યશ્રીનું એકમાત્ર લક્ષ્ય હતું સ્વયંની માસક્ષમણતપ-સાધનાનું. પરંતુ નિયતિનું નિર્માણ એનાથી કાંઇક વિશેષ હશે. એથી માસક્ષમણના ૨૮મા ઉપવાસે અચાનક માત્ર 5 Minuteમાં વિરાટ ભૂમિસંપાદન સાથે શત્રુંજય સૂર્યોદયધામ નિર્માણનો નિર્ણય થયો. ૮૬ હજાર Square Feetsનો વિરાટ ભૂમિખંડ મેવાડભવનની પાછળ અને હસ્તગિરિ Road touch લેવાયો. જ્યાંથી શત્રુંજય-ગિરિરાજ એકદમ નિકટ નિહાળાય છે તેવા આ પૂર્વાભિમુખ વિરાટ સ્થાનમાં ત્રિશિખરીય દેવવિમાનસદૃશ ભવ્યાતિભવ્ય જિનાલય, બે વિરાટ ઉપાશ્રયો, પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવશ્રી તથા પૂ.દર્ભાવતીતીર્થોદ્ધારક પરમગુરુદેવશ્રીનું જીવનદર્શન કરાવતી આલીશાન Art Gallery, 184 ખંડોયુક્ત ચાર આલીશાન રાજમહેલ શા ધર્મશાળા ભવનો, પાંચ હજાર Square Feetના Pillarless ત્રણ વિરાટ ખંડો, ભોજનશાળા, વૃદ્ધ સંયમીઓ માટે સ્થિરવાસના વિશ્રામણાધામ,

સરસ્વતીસદન આદિ વૈવિધ્યભરપૂર આયોજનો એટલા વિશાલ ફલક પર આયોજિત થયાં છે કે એક સાથે ૮૦૦ યાત્રિકો ચાતુર્માસ-નવાણું આદિમાં પધારે તો નિવાસ-ભોજન વગેરે માટે કોઇ જ મંડપની આવશ્યક્તા ન રહે! આ ઉપરાંત **15000 Square Feet** નો **Open** ભૂમિખંડ અલગ. માસક્ષમણના પારણાદિને આ આયોજનની ઘોષણા થતાંવેંત તેમાં લાભ લેવા ભાવિકોએ સ્વયંભૂ ધસારો કર્યો. એ પછી તુર્ત પર્યુષણામહાપર્વમાં બે જબરજસ્ત મોટા લાભ બે પુણ્યવંતા પરિવારોએ લેતાં માત્ર ૧૨ દિવસમાં જ સંપૂર્ણ આયોજનના ૭૫% લાભો અપાઇ ગયા. પૂજ્યશ્રી પર વરસતી બેજોડ પ્રભુકૃપા/ગુરુકૃપાનું આ નજરે નિહાળાતું પરિણામ હતું. એક નોંધપાત્ર બાબત એ હતી કે અન્યોને આવાં આયોજનોનું અને એને સફલ બનાવવાનું માર્ગદર્શન પૂજ્યશ્રીનાં આ આયોજનમાંથી પ્રાપ્ત થયું!

ઊછળતા ઉમંગે અને ભાવોની ભરતી વચ્ચે પર્યુષણામહાપર્વની આરાધના, પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા વિવિધ સ્થાનોમાં પર્યુષણા-મહાપર્વની અને જન્મવાચનાદિ આરાધનાઓ વગેરે બાદ આરાધકોની વિદાયદિનની અંતિમ તળેટીયાત્રામાં ને અંતિમ હિતશિક્ષામાં પણ આઠસો/આઠસો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા...પર્યુષણામહાપર્વ પછીના વિશ્રામના સમયખંડમાં પૂજ્યશ્રી દ્વારા સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને નિયમિત જીવનઘડતરની વાચનાઓ અપાઇ. આ ઉપરાંત વાગડ સમુદાયના **પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.**એ પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીગણ માટે સર્વ સમુદાયોના સૂરિભગવંતો દ્વારા ‘વિમલાચલ વાચનાવૈભવ’ નામે વાચનાશ્રેણિ યોજી ત્યારે પ્રથમ દિવસની વાચના **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની અને બીજા દિવસની વાચના **પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.** ની હતી. બન્ને વાચનાઓથી શ્રમણ-શ્રમણી ભગવંતો ખૂબ પ્રભાવિત થયા. આ જ રીતે સામૂહિક સ્તરની ‘અલૌકિક આગમવાચના’માં પણ ઉક્ત બન્ને પૂજ્યશ્રીઓની એકેક દિવસની વાચનાઓ રંગ લાવી. ફલશ્રુતિરૂપે, ઘણા સંયમીભગવંતોએ ત્યારે જ વાચનાસમય લંબાવવાની વિનંતિ કરી. તો તે પછી ચૈન્નઇભવનમાં એ જ વિષયને સમજવા સંયમીઓ પધાર્યા હતા. ઉલ્લેખનીય બાબત આમાં એ છે કે તાજેતરમાં એ બન્ને વાચનાશ્રેણિનું પુસ્તક પ્રકાશિત થયું તેમાં સર્વગ્રાહી પ્રસ્તાવના પણ **પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની છે. આ ઉપરાંત નવપદ ઓળીની આવી જ સર્વ સમુદાયની યુવામુનિવરોની પ્રવચનમાળામાં **પૂ. મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.**નું પ્રવચન ખૂબ સરસ યોજાયું હતું.



Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

શાશ્વતી આસો માસની ઓળીની આરાધનામાં પૂજ્યશ્રીએ સ્વયં સળંગ પાંચમી નવપદઓળીની તપ+વિધિપૂર્વક આરાધના કરી. આસો શુદિ ચૌદશે ત્રણસો જેટલા આરાધકોની ૪૭ દિવસીય ભવ્ય ઉપધાનતપઆરાધના શરૂ થઇ. આ જ અરસામાં **પૂ.આ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા.** તથા **પૂ. આ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા.** દ્વારા સૂરિમન્ત્ર દ્વિતીય પીઠિકાની આરાધના થઇ. બન્ને ય પીઠિકાનો પૂર્ણાહુતિસમારોહ ખૂબ ભવ્યતાથી યોજાયો. આસો વદિ-૧ના **પૂ.પં.શ્રી હિતરત્નવિજયજી ગણિ**ના સળંગ પાંચસો આયંબિલનો સમારોહ યોજાતાં પાલિતાણાસ્થિત વિવિધ સમુદાયના સૂરિભગવંતોએ તેમાં પધારી તપસ્વીની સુંદર ઉપબૃંહણા કરી હતી. પંન્યાસશ્રીએ ચાર વાર પાંચસો આયંબિલ અને તેમાં બે વાર તો સળંગ પાંચસો આયંબિલ કર્યા છે.

આ તરફ ઉપધાનતપ દરમ્યાન પ્રવચનો-વાચનાઓની હેલિ વરસી. તેના પ્રભાવે મૂળવિધિથી ઉપધાનતપ-૨૧ તપસ્વીઓ દ્વારા એક જ વસ્ત્રજોડ દ્વારા સંપૂર્ણ ઉપધાનતપ-એક આરાધક દ્વારા તમામની નીવિના બદલે આયંબિલ વગેરે વંદનીય વિશેષતાઓ સર્જાઇ. ઉપધાનતપમાં જ **પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ.** ના એકાંતર ચૌદસો બાવન આયંબિલનો તપોત્સવ, **પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ના દીવાળીપર્વના ૫૮મા જન્મદિનનો પર્વોત્સવ વગેરે ધર્મપ્રભાવક ઉત્સવો થયા; તો **પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.** નો સમાધિમય કાલધર્મ થયો. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીના મુખે સંથારાપોરિસીઆધારિત પોણો કલાકની હિતશિક્ષા તે પૂ. સાધ્વીજીને પ્રાપ્ત થઇ. નૂતનવર્ષ-જ્ઞાનપંચમીપર્વ-ચાતુર્માસિકપર્વની ભવ્ય આરાધનાઓ સાથે ચાતુર્માસ યશસ્વી-યાદગારસ્વરૂપે સંપન્ન થયું.

અને... આવ્યો કાર્તિકીપૂર્ણિમાનો મહાયાત્રાદિન. ચાતુર્માસમાં શત્રુંજય-ગિરિરાજ યાત્રાનિષેધની સુવિહિત પરંપરાનુસાર સિદ્ધગિરિરાજ યાત્રાથી વંચિત ચતુર્વિધ શ્રી સંઘના હજારો-હજારો ભાવિકોએ તે પુનીત પર્વદિનથી ગિરિરાજયાત્રા શરૂ કરી. તદનુસાર, પૂજ્યશ્રીની નિશ્રામાં લગભગ ચારસો આરાધકોએ સામૂહિક નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના શ્રમણ-શ્રમણીભગવંતોએ પણ વિપુલ સંખ્યામાં નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના માત્ર શ્રમણવૃંદમાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાની શૃંખલા સળંગ નવ વાર યોજાઇ, તો અન્ય શ્રમણ-શ્રમણીભગવંતોએ અનુકૂળતાનુસાર ચોવિહાર છટ્ઠ સહ સાત યાત્રા-અટ્ઠમ સહિત અગિયાર યાત્રાનો



Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL

સિલસિલો જારી રાખ્યો. ખરી કમાલ સર્જાઇ શ્રાવક-શ્રાવિકાવર્ગની નવાણુંયાત્રામાં. ત્યાં એક શ્રાવકે ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા-ઉપર એક બિયાસણું-ઉપર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા : આ ક્રમે સળંગ સાત વાર ચોવિહાર છટ્ઠ સહિત સાત-સાત યાત્રાઓ કરી! આ ખરેખર આશ્ચર્યકારક તપશ્ચર્યા હતી. આ ઉપરાંત અન્ય વિપુલ સંખ્યાના આરાધકોની ચોવિહાર છટ્ઠ સાથેની સાત યાત્રાઓ -અટ્ઠમ સાથેની અગિયાર યાત્રાઓ અલગ.

એક તરફ સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો અને બીજી તરફ શરૂ થઇ પાંચ-પાંચ પદયાત્રાસંઘોની શૃંખલા. પૂજ્યશ્રીએ વ્યવસ્થા એ રીતે કરી હતી કે ૯૦ પૈકી ૪૫ જેટલા સંયમીભગવંતો એક પદયાત્રાસંઘમાં પધારે અને અન્ય તેટલા સંયમીઓ નવાણુંયાત્રા અનુષ્ઠાનમાં વિરાજે. બીજા પદયાત્રાસંઘમાં બન્ને સંયમીવર્ગનું સ્થાન પરાવર્તન થાય. જ્યારે પૂજ્યશ્રી સ્વયં તો દરેક પદયાત્રાસંઘમાં નિશ્રાપ્રદાન કરે. દરેક પદયાત્રાસંઘમાં આ ક્રમ રહ્યો. પ્રથમ પદયાત્રાસંઘ યોજાયો શ્રી કદંબગિરિથી શ્રી શત્રુંજય-તીર્થાધિરાજનો. ૪૫ સંયમીભગવંતો, સવા ચારસો યાત્રિકો અને સંઘપતિ સ્વજનો સાથે પાંચસો પચાસ આરાધકોના આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ શ્રી કદંબગિરિ અને શ્રી શત્રુંજય ગિરિરાજના ઈતિહાસની રસપ્રદ ઘટનાઓ ગૂંથી લેતાં તે પ્રવચનો યાત્રિકો માટે લોહચુંબક જેવા આકર્ષક નીવડ્યા હતા. આવું જ વિશિષ્ટ આકર્ષણ પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા અને વિખ્યાત સંગીતકારો દ્વારા થતી ભક્તિસંધ્યામાં રહેતું. અબોલ જીવોની વિશિષ્ટ અનુકંપા-સ્થળે સ્થળે સંઘપતિ દ્વારા સાધારણખાતાનું દાન-અતિ ભવ્ય ગિરિરાજવધામણાં-શાનદાર પાલિતાણા નગરપ્રવેશ-ભવ્ય તીર્થમાળ વગેરે યુક્ત આ પ્રથમ પદયાત્રાસંઘ ચાર દિવસે સંપન્ન થયો.

પદયાત્રાસંઘ બાદ બીજા જ દિવસથી શરૂ થયો ભાયંદરનિવાસી યુવામુમુક્ષુ કુ. ઋત્વીબેન દક્ષેશભાઈ શાહ (વર્ષ–૨૩) નો દીક્ષામહોત્સવ. વિવિધ મહાપૂજનો-અષ્ટોત્તરીમહાભિષેક-જાજરમાન વર્ષીદાનયાત્રા વરઘોડો-ભવ્ય વિદાય સમારોહ બાદ કા.વદિ તેરશે ઊગતા સૂરજની સાખે તેઓનો પ્રવજ્યાપ્રદાન સમારોહ સિદ્ધગિરિરાજની પુણ્યવંતી ભૂમિ ઉપરના સમવસરણમહામંદિરના ધર્મસંકુલમાં યોજાયો. યુગદિવાકર સમુદાયમાં આ સર્વપ્રથમ પ્રસંગ હતો કે જેમાં દીક્ષાવિધાન સિદ્ધગિરિરાજની પવિત્રતમ પુણ્યભૂમિની ઉપર થયું હોય! ભાગ્યવંતા મુમુક્ષુને

પૂ.સા. શ્રી ઋષભમિત્રાશ્રીજી મ. રૂપે ઘોષિત કરી તેઓને પૂ.સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી - વિશ્વમિત્રાશ્રીજી મ.ના પરિવારના પૂ.સા.શ્રી પ્રિયમિત્રાશ્રીજી મ.ના શિષ્યા કરાયા હતા.

તે પછી ઉપસ્થિત થયો ઉપધાનતપમાળારોપણનો મહોત્સવ. શાનદાર તપસ્વીવરઘોડો-તે જ દિવસે પૂ. સા. શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ. ના ભદ્રતપનો સમાપન-સમારોહ-મહાપૂજા-બાદશાહી સન્માનસમારોહ બાદ ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે માળમહોત્સવ યોજાયો 'શત્રુંજય સૂર્યોદયધામ'ની નવસંપાદિત પુણ્યભૂમિ પર. એકદમ સમયબદ્ધ યોજાયેલ આ માળાપરોપણસમારોહ દરમ્યાન શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલની મુખ્ય શિલાઓની ઉછામણી થતાં દરેક ઉછામણી માતબર થઇ હતી. તે પછી પ્રત્યેક ઉપધાનતપસ્વીને પૂજ્યશ્રીના વરદ્ હસ્તે માળારોપણ કરાયું હતું.

ઉપધાનમાળારોપણના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર દ્વિતીય પદયાત્રાસંઘ નિમિત્તે અયોધ્યાપુરમ્તીર્થ તરફ થયો. આ પદયાત્રાસંઘમાં અન્ય તમામ આયોજનો તથા સંખ્યાદિ પૂર્વના સંઘ જેવા હતા. આ સંઘના સંઘપતિશ્રીનું ઔદાર્ય એવું હતું કે દરેક સ્થળે સાધારણ દાન લખાવવામાં તેઓ એક જ વાક્ય ઉચ્ચારે : ''સાહેબજી જે ફરમાવે તે દાન કરીશ. મારે ક્યાં ય આંક બોલવાનો જ નથી. કેમ કે આ સંઘ સાહેબજીની કૃપાનું પરિણામ છે.'' આ એ સંઘપતિ હતા કે જેમણે શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલમાં સર્વપ્રથમ લાભ શ્રાવકઉપાશ્રયના મુખ્ય નામાંકનનો લઇ મંગલાચરણ કરાવ્યું હતું. હવે યોજાયો વડોદરાનિવાસી યુવામુમુક્ષુ શ્રી શ્રીરાજકુમાર ચિરાગભાઇ શાહ (વર્ષ-૧૯)નો શાનદાર પ્રવ્રજ્યામહોત્સવ. દ્વિતીય પદયાત્રાસંઘની શાનદાર પાલિતાણાપ્રવેશયાત્રાની સાથે જ એમનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રા-વરઘોડો યોજાયો. હાથીની અંબાડીએ આરૂઢ થઇ નિયત સ્થળે જ વર્ષીદાન આપનાર યુવામુમુક્ષુનો સર્વ મહોત્સવકાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ માગશર શુદિ તેરશે ગિરિરાજ પર તીર્થમાળ અને ચૌદશના પુણ્યદિને એમનો દીક્ષાસમારોહ પણ શ્રી સિદ્ધગિરિરાજ ઉપર જ યોજાયો. સ્થળ હતું સમવસરણમહામંદિર ની બરાબર સન્મુખનું બાબુનું દેરાસર.

૧૩૦ વર્ષ પ્રાચીન આ જિનાલયના પરિસરમાં મુમુક્ષુની દીક્ષાનો સમારોહ આ સર્વપ્રથમ વાર જ યોજાયો હતો. બન્યું હતું કે બાબુદેરાસરના પરિસરમાં પૂજ્યપાદ

પરમગુરુદેવ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો હતો. તેનું શુભ મુહૂર્ત આજનું-માગશર શુદિ ચૌદશનું જ હતું. એથી એક તરફ ગુરુમંદિરની પ્રતિષ્ઠા, બીજી તરફ શ્રીરાજકુમારની દીક્ષા, ત્રીજી તરફ નૂતન પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.ની વડીદીક્ષા અને ચોથી તરફ વર્ધમાનતપની ૧૦૦મી ઓળીના પારણામહોત્સવની આમન્ત્રણપત્રિકાનો આલેખનવિધિ : આ ચારે ય ધર્મકાર્યો બાબુ જિનાલયપરિસરમાં મંડપરચના સાથે યોજાયા. ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વચ્ચે મુમુક્ષુને રજોહરણપ્રદાનાદિ થયા બાદ અંતે તેઓને પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. નૂતન મુનિ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.રૂપે ઘોષિત કરાયા. દીક્ષાવિધાન દરમ્યાન જ ગુરુમંદિર-પ્રતિષ્ઠા-વડીદીક્ષાવિધિ-પત્રિકાલેખનાદિ સર્વ પ્રસંગો સંપન્ન થયા.

આ ચારે ય ધર્મકાર્યોના મહોત્સવ બાદ તુર્ત પૂજ્યશ્રીનો વિહાર થયો ઘોઘાતીર્થ તરફ. ત્યાંથી પ્રભુપાર્શ્વજન્મપર્વે શત્રુંજયમહાતીર્થનો અક્ષરશઃ ઐતિહાસિક પદયાત્રાસંઘ યોજાયો. પદયાત્રાસંઘના યાત્રિકોની સંખ્યા હતી ૧૨૯૦. યાત્રિકો માટે વ્યવસ્થા હતી Swiss Tents ની. જેની રોજેરોજની વ્યવસ્થા કઠિનતમ હોય તે આ Swiss tentsની વ્યવસ્થા આઠે ય દિવસ જરા ય મુશ્કેલ ન બની. યાત્રિકોની Generation 80% ૨૨ થી ૫૦ વર્ષના વયજૂથની હતી. જે પ્રમાણમાં ખૂબ અલ્પ મળે. સંઘપતિ અને યાત્રિકો મહદંશ રાજસ્થાની હતા, જ્યારે નિશ્રાદાતા આપણા પૂજ્યશ્રી ગુજરાતી હતા. એમનાં પ્રવચનો ય ગુજરાતી ભાષામાં થતા. છતાં પ્રથમ જ દિવસે પ્રવચનનો માહોલ એવો જામી ગયો કે આઠે ય દિવસ વિરાટ પ્રવચનમંડપ Before time છલોછલ રહેતો. ઘોઘાતીર્થના અને શત્રુંજયતીર્થાધિરાજના રસપ્રદ ઈતિહાસોની સાથે Heart touch શાયરીઓ-સુવાક્યો-દૃષ્ટાંતોની જાણે છોળો ઊછળતી. સંઘપતિનો ઉલ્લાસ એવો અદ્‌ભુત હતો કે તમામ ૧૨૯૦ યાત્રિકોને સુવર્ણની Chain ની પ્રભાવના-વિશિષ્ટ Kits વગેરે મળી પ્રત્યેકને રૂા. ૨૮ હજારની પ્રભાવના કરાઈ! પૂજ્યશ્રીની નિશ્રાના પદયાત્રાસંઘોમાં આવું ઔદાર્ય આ સર્વપ્રથમ હતું. આ ઉપરાંત માર્ગના દરેક ગામોમાં સાધારણનાં-જીવદયાનાં લાખો રૂપિયાનાં દાનો અલગ. સંઘ તો Extraordinary હતો જ. પરંતુ સંઘનો પાલિતાણાનગરપ્રવેશ પણ એવો જ Extraordinary હતો. પ્રવેશ સામૈયામાં ૧૦/૧૦ તો ગજરાજ હતા. આ ઉપરાંત બેન્ડો-મંડળીઓની હારમાળાઓ અલગ. આ વર્ષે શત્રુંજયમહાતીર્થે યોજાયેલ સર્વ

સંઘોમાં આ પદયાત્રાસંઘ ઔદાર્યની અને વ્યવસ્થાની દષ્ટિએ સૌથી શ્રેષ્ઠ હતો. આ સંઘની તીર્થમાળ ગિરિરાજ પર સાનંદ સંપન્ન થઇ.

હવે એક તરફ સામૂહિક નવાણુયાત્રા તીર્થમાળવિધાનાદિ સાથે સંપન્ન થઇ. તો બીજી તરફ ઉપસ્થિત થયો પૂ. સુદીર્ઘતપસ્વિની **સા.શ્રી ધ્યાનરસાશ્રીજી મ.**નો વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો સમાપનમહોત્સવ. ત્રિદિવસીય અર્હદ્મહાપૂજન-અન્યાન્ય અનુષ્ઠાનો-તપોવંદનાદિ કાર્યક્રમ બાદ પારણાદિને ભવ્ય તપોયાત્રા-વરઘોડો યોજાયો. તે પછીની ધર્મસભામાં પૂજ્યો દ્વારા વર્ધમાનતપની વિશિષ્ટતાઓ સાથે તપસ્વીની સરસ ઉપબૃંહણા થઇ. તે પછી આવ્યો ચોથો અને શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો અંતિમ સંઘ. આ પદયાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી જ આરંભાયો. પરંતુ પૂર્વના સંઘ કરતા આનો **Root** અલગ લેવાયો હોવાથી સંયમી-ભગવંતોને નવા નવા ગામ-નગરોના જિનાલયોનો લાભ મળ્યો. આ સંઘની યાત્રિકસંખ્યા હતી સાતસો પચાસ. આ સંઘના પ્રથમ જ દિને પૂ. નૂતન **મુનિરાજ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.**નું વડીદીક્ષાવિધાન સુંદર માહોલમાં થયું. અનેકવિધ સુંદર વ્યવસ્થાઓ-સંઘપતિ દ્વારા ઔદાર્યભર્યા સાધારણાદિદાનો અને પ્રવચનોના જબરજસ્ત માહોલ સાથેના આ પદયાત્રાસંઘનો પાલિતાણાનગરપ્રવેશ થયો પોષ વદિ તેરશ પ્રભુ આદિનાથદાદાના પવિત્ર નિર્વાણકલ્યાણકદિને. એ જ દિવસે મહાન કાર્ય થયું **શત્રુંજય સૂર્યોદયધામધર્મસંકુલ**ના તમામ વિભાગોના મળી કુલ ૧૫૩ શિલાઓના સ્થાપનાસમારોહનું.

વહેલી પ્રભાતથી તે સ્થાને નવગ્રહાદિપૂજનઅનુષ્ઠાન પૂજ્યશ્રીના સંયમીવૃંદની નિશ્રામાં આરંભાઇ ચૂક્યું હતું. બરાબર સવા આઠ કલાકે પૂજ્યશ્રી ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક તમામ સાતસો પચાસ પદયાત્રિકો સાથે ધર્મસંકુલમાં પધાર્યા. ૧૦૦થી વધુ શ્રમણ શ્રમણીભગવંતો, અનેક દાનવીર ગુરુભક્તો સહિત લગભગ બે હજાર ભાવિકો અને નયનરમ્ય સંગીતસૂરાવલિ વચ્ચે મન્ત્રોચ્ચારપૂર્વક તમામ શિલાઓની સ્થાપનાવિધિ થઇ ત્યારે ગગનભેદી મન્ત્રોચ્ચારોથી ગિરિરાજ અને ગગનાંગણ સુદ્ધા ગુંજી ઊઠ્યા. તે પછીનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ મનોરથરૂપે માત્ર વિચાર રજૂ કર્યો કે 'પ્રભુ-ગુરુકૃપા વરસી રહી છે. માટે જ કોઇ વિચાર ન હોવા છતા આવું વિરાટ ધર્મસંકુલ અચાનક નક્કી થયું અને ભૂમિસંપાદન-ખનન-શિલાન્યાસ-**Plan passing** જેવાં

કાર્યો પણ જાણે આંખના પલકારમાં થઇ ગયા. દાનની વર્ષા પણ ચમત્કાર ગણાય એટલી ઝડપથી થઇ છે. જો ત્રણ ચાતુર્માસમાં સમગ્ર સંકુલ તૈયાર થઇ જાય તો તે પછીના વર્ષે અંજનશલાકાપ્રતિષ્ઠામહોત્સવ ઉપરાંત પ્રથમ સામૂહિક ચાતુર્માસ-ઉપધાનતપ-સામૂહિક નવાણુંયાત્રા વગેરે આયોજનો આ ધર્મસંકુલમાં જ કરવાં. અને જો ચાર ચાતુર્માસમાં થાય તો તે પછીના વર્ષે આ તમામ આયોજનો કરવાં.''

યોગાનુયોગ એ વર્ષો પૂજ્યશ્રીના સંયમજીવનનાં ૫૦માં/૫૧માં વર્ષો હોવાથી ગુરુભક્તોએ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ આપીને તુર્ત જ ત્રણે ય મોટાં આયોજનોનો લાભ લઇ લીધો. એક જ પરિવાર તરફથી સમગ્ર સામૂહિક ચાતુર્માસ, એક જ પરિવાર તરફથી સંપૂર્ણ ઉપધાનતપ અને એક જ પરિવાર તરફથી સમગ્ર સમૂહ નવાણુંયાત્રા ! આમાં એક પણ બાબત પૂર્વઆયોજિત ન હતી. અચાનક જ વિચાર રજૂ થયો અને અચાનક જ લાભોની જય બોલાઇ ગઇ! પ્રભુ-ગુરુકૃપાનો એ પુણ્યપ્રભાવ હતો. આ જ સમારોહમાં પૂ. તપસ્વિની સા.શ્રી ભાવવર્ષાશ્રીજી મ. ના શ્રેણિતપપારણાનો કાર્યક્રમ પણ સંપન્ન થયો. બીજા દિવસે ગિરિરાજ પર તીર્થમાળવિધાન બાદ એક દિવસના અંતરે પૂજ્યશ્રીની વિહારયાત્રા શરૂ થઇ. એ પૂર્વે, સળંગ સાત માસ પાલિતાણાની પુણ્યભૂમિમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ઉપરોક્ત અદ્‌ભુત આરાધનાઓની-શાસનપ્રભાવનાઓની અખંડ શૃંખલા સર્જાઇ.

મહા શુદિ એકમે શરૂ થયેલ પૂજ્યશ્રીની વિહારયાત્રા શંખેશ્વરતીર્થના પદયાત્રાસંઘ માટે હતી. માત્ર પંદર દિવસમાં ઉગ્ર વિહાર સાથે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા વિરમગામ નિકટના Highway touch શ્રી નાગેશ્વરપાર્શ્વનાથધર્મધામતીર્થે. પૂજ્યશ્રીના ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલ આ વિહારધામની સંપૂર્ણ કાયાપલટ માત્ર ચાર માસમાં કરાઇ હતી. આલીશાન બે નૂતન ઉપાશ્રયોનું સંપૂર્ણ નવનિર્માણ, પૂ. સંયમીભગવંતોની વૈયાવચ્ચ અને વિહારસેવકોની સ્થિરતા માટે નૂતન વૈયાવચ્ચભવનનિર્માણ તેમજ જિનાલય-સુશોભનીકરણ થઇ ગયા બાદ આજે તેનો પ્રતિષ્ઠા-ઉદ્‌ઘાટન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. સમગ્ર પુનરુદ્ધાર તથા કાયમી વૈયાવચ્ચનો લાભ એક જ ગુરુભક્ત પરિવારે લીધો હતો. તેમના હસ્તે જિનાલયમાં શ્રી નેમિનાથપ્રભુની તથા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા તેમજ નવનિર્મિત ધર્મસંસ્થાનોનાં ઉદ્‌ઘાટન થયાં.

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા શ્રી ભોંયણીતીર્થે. આ વર્ષનો કુલ પાંચમો પદયાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં અહીંથી પ્રારંભાયો. સિત્તેર સંયમી-ભગવંતો, ચારસો પચાસથી વધુ યાત્રિકો અને સિદ્ધગિરિરાજના સંઘો જેવી જ સુચારુ વ્યવસ્થા ધરાવતા આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા વહી શ્રી શંખેશ્વરપ્રભુના ઈતિહાસ પર. પ્રવચનો અને ભક્તિસંધ્યાની જમાવટ સાથેના આ સંઘનું તીર્થમાળવિધાન શંખેશ્વરમહાતીર્થે થયા બાદ પૂજ્યશ્રીએ વધુ ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી શંખેશ્વરદાદાની વિશિષ્ટ ભક્તિ કરી. કુલ પાંચ દિવસની શ્રી શંખેશ્વરપ્રભુજીની ભક્તિ પછી હવે પૂજ્યશ્રીની વિહારયાત્રાએ કચ્છની દિશા સ્વીકારી.

લગભગ દશેક વર્ષથી પૂજ્યશ્રીનાં અંતરમાં એ ભાવ રમતા હતા કે યોગ આવે ત્યારે કચ્છના પ્રાયઃ કોઇ ગામ બાકાત રાખ્યા વિના સમગ્ર કચ્છની તીર્થયાત્રા કરવી. એથી સાડા ત્રણ માસનો સમય ફાળવીને પૂજ્યશ્રીએ એ તરફનો વિહાર આરંભ્યો. બાવીશ શ્રમણભગવંતો, સોળ શ્રમણી-ભગવંતો અને દીક્ષાર્થીઓ વગેરે સહિતની એ વિહારયાત્રામાં **લગભગ બસો પચીશથી અધિક જિનાલયોનાં દર્શન–ચૈત્યવંદન–સંધ્યાભક્તિ–યથાશક્ય વિશિષ્ટ જાપ,** લગભગ દરેક સ્થળે સામૈયાં-પ્રવચનો અને ઘણા સ્થળે સંઘનવકારશીઓ, પોતાના ગામોમાં ગુરુદેવની પધરામણી પ્રસંગે મુંબઇના ગુરુભક્તોની ઉપસ્થિતિ અને સામૈયાં-નવકારશી આદિ લાભો, રાધનપુર-ભદ્રેશ્વરજી-વાંકી જેવા વિશિષ્ટ તીર્થોમાં બે બે દિવસની પ્રભુભક્તિ, સંયમી ભગવંતો માટે નિત્ય એકાંતર વાચનાઓ, ઉગ્ર વિહારો છતાં શ્રમણભગવંતોમાં ૭૭/૭૫ જેવી મોટી વર્ધમાનતપઓળી-એકાંતર વીશસ્થાનક ઉપવાસો, શ્રમણી ભગવંતોમાં સળંગ સાતસોથી વધુ આયંબિલ-ઓળીઓ આદિ તપશ્ચર્યાઓ અને પંચમ કર્મગ્રન્થાદિના અર્થો-સંસ્કૃત ચરિત્રવાચનાદિ અભ્યાસ પણ જારી રહ્યો.

કચ્છની એ યાત્રા બાદ જેઠ શુદિ-૧૨ના પૂજ્યશ્રી આદિ ૮૮ સંયમી-ભગવંતોનો અમદાવાદશહેરનો નગરપ્રવેશ અમદાવાદના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે અઢળક વિશેષતાયુક્ત વિરાટ સ્વાગતયાત્રા સાથે શાનદાર સ્વરૂપે થયો. તે પછી અમદાવાદના વિવિધ સંઘોમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો, સામૂહિક માસક્ષમણોની પ્રેરણાઓ, (૧) પંકજ જૈન સંઘ (૨) આંબાવાડી જૈન સંઘ (૩) ઓપેરા જૈન સંઘ (૪) નવકાર વાસણા જૈન સંઘ (૫) ગૌતમ જૈન સંઘમાં શ્રમણ-શ્રમણીભગવંતો ઉભયના ભવ્ય ચાતુર્માસપ્રવેશો અને અન્યત્ર શ્રમણી ભગવંતોના

ચાતુર્માસપ્રવેશો થયા. તેમાં પંકજ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશદિને, યુવામુમુક્ષુ કુ. જૈની શાહ (વર્ષ-૧૫) ને પૂજ્યશ્રીના શ્રીમુખેથી દીક્ષામુહૂર્ત પ્રદાન થયું હતું. **સંયમીભગવંતોના કુલ પચીશ વૃંદોના ચાતુર્માસપ્રવેશ પચીશ સ્થાનોમાં** થયા. તેમાં શ્રી ધર્મવિહાર જૈન સંઘ-પાલડીમાં ચાતુર્માસપ્રવેશ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયના નૂતન શ્રી જિનબિંબાદિનો પણ ભવ્ય સામૈયાં સાથે નગરપ્રવેશ યોજાયો.

શ્રમણભગવંતોનાં ચાતુર્માસમાં દરેક સંઘોમાં વિશાલમેદની સમક્ષ પ્રવચનો-રવિવારીય યુવાશિબિરો-અનુષ્ઠાનો-રાત્રિપ્રવચનોની હારમાળા સર્જાઇ છે. આષાઢ વદિ છઠના સામૂહિક માસક્ષમણપ્રારંભના મંગલદિને પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ યોજાતાં 2700 ભાવિકો અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસમાં જોડાયા અને હાલમાં 840 ભાવિકો નિર્વિઘ્નપણે માસક્ષમણપૂર્ણતા તરફ અગ્રેસર છે. તમામ તપસ્વીઓનો સંયુક્ત ઐતિહાસિક શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો-Riverfront પર હજારોની મેદની વચ્ચે તમામ તપસ્વીઓનો પારણા સમારોહ-દરેક તપસ્વીનું સુવર્ણહારથી બહુમાન ઇત્યાદિયુક્ત ભવ્યાતિભવ્ય માસક્ષમણસમાપન મહોત્સવ આયોજિત થયો છે. આ સાથે નવ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલમાસક્ષમણ 3198 થયા છે.

આવી સાતત્યસભર શાસનપ્રભાવનાશ્રેણિ અને પોતાની નિત્યની વિશેષ આરાધનાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીએ સાહિત્યસર્જનની ધારા અખંડ રાખી હોવાથી અમે આજના પુણ્યદિને પૂજ્યશ્રીના 105 થી 109 ક્રમાંકના પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. આ સાથે ધર્મકૃપાપ્રકાશનનો કુલ Mile Stone 198 થી 202 ક્રમાંકનો થયો છે અને માત્ર ત્રણ વર્ષોમાં તે આંક 265 ની માતબર સંખ્યાએ પહોંચશે જે અમારા માટે ગૌરવપ્રદ બીના છે. આ પુસ્તકનાં વાંચન-મનનથી વાચકો શુભના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**<br>
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **- ધર્મકૃપા ટ્રસ્ટ**

# વિ...ષ...ય...દ...ર્શ...ન


૧.
અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી
૧ થી ૬

૨.
શ્રુતહેમનિકષ શિષ્યપંચશતીનેતા ...
૭ થી ૧૦

૩.
શાસનસમ્રાટ એટલે શાસનશિરતાજ
૧૧ થી ૨૨

૪.
પૂ.તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી ....
૨૩ થી ૨૮

૫.
પ્રજ્ઞા-પ્રતિભા પ્રસન્નતાના પુણ્યપુંજ :
૨૯ થી ૩૪

૬.
ગંગાપ્રવાહ સમા શ્રુતપ્રવાહના સ્રોત :
૩૫ થી ૩૮

૭.
મારા ગુરુ મહારાજ :
૩૯ થી ૪૬

૮.
તપાગચ્છનો તાજ : શ્રી તપાગચ્છીય પ્રવરમિતિ
૪૭ થી ૬૦

૯.
સપ્તરંગી મેઘધનુષ સમા સૂરિરાજ :
૬૧ થી ૬૮

૧૦.
સો ટચનું હેમ :
૬૯ થી ૭૪

૧૧.
જૈન શાસનની 'દોલત' : શતાયુષી...
૭૫ થી ૮૦

૧૨.
શ્રુતજ્ઞાનપ્રેમી સૂરિવર :
૮૧ થી ૮૪

૧૩.
સારલ્યપૂંજ સૂરિવર :
૮૫ થી ૮૮

૧૪.
શ્રદ્ધા અને સદ્બોધ :
૮૯ થી ૯૨




Book No. 106 pramod pamrat / Starting pages 1 TO 20 FINAL



૧

# અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી

ગણધર ભગવાન ગુરુ ગૌતમસ્વામી ! સંસારની સરિતામાંથી કાળનાં જળ ૨૫૦૦ થી વધુ વર્ષથી વણથંભ્યા વહી ગયા હોવા છતાં ય ગુરુ ગૌતમસ્વામીની સ્મૃતિને અંશ પણ ઘસારો નથી લાગ્યો. બલ્કે આજે ય એ સ્મૃતિ જયોતની જેમ જનમાનસમાં ઝળહળી રહી છે. જૈન સંઘ એમને ‘લબ્ધિતણા ભંડાર’ કહીને નવાજે છે અને ‘વાંછિત ફળ દાતાર’ રૂપે નિહાળે છે. અરે! એથી ય આગળ વધીને

પ્રત્યેક મહત્ત્વનાં કાર્યોમાં એમના મંગલમય નામનું સહુ સ્મરણ કરે છે. કારણ કે અનુભવીઓનાં વચન છે કે **'ગૌતમ નામે નવે નિધાન!!'**

એમના પાવન નામમાં જ જગતની ત્રણ અચિંત્યપ્રભાવશાલી શક્તિઓ સમાવિષ્ટ છે. ગૌ-ત-મ. આ નામમાં પ્રથમ અક્ષર છે ગૌ. ગૌ એટલે ગાય અર્થાત્ કામધેનુ. દ્વિતીય અક્ષર છે ત. ત એટલે તરુ અર્થાત્ કલ્પવૃક્ષ અને તૃતીય અક્ષર છે મ. મ એટલે મણિ અર્થાત્ ચિંતામણિ. કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવી સંસારની સર્વોત્તમ શક્તિઓની સાથે ગુરુ ગૌતમસ્વામીનું નામ આ રીતે સમાનતા ધરાવે છે. કિંતુ કવિજનો કહે છે કે એમનું નામ ભલે સામ્ય ધરાવતું હોય, બાકી કામ તો પેલી ત્રણે શ્રેષ્ઠ શક્તિઓ કરતા ય અધિક મહાન છે. કામધેનુ-કલ્પવૃક્ષ અને ચિંતામણિ માત્ર ભૌતિક સામગ્રી જ અને તે પણ માંગ્યા પછી જ આપવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે ગુરુ ગૌતમસ્વામી તો ભૌતિક અને આત્મિક તમામ શ્રેષ્ઠતાઓ વગર માંગ્યે અર્પવાની ક્ષમતા ધરાવે છે! હવે નથી લાગતું કે ગુરુ ગૌતમસ્વામીનું કામ પેલી ત્રણે ય શક્તિથી શ્રેષ્ઠ છે! આથી જ કવિજનોએ એમની સ્તુતિ આ રીતે કરી છે કે :- **''कल्पद्रु-चिन्तामणि-कामधेनु-समाननामानममानशक्तिम्...''**

ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક અને આત્મિક ઉપલબ્ધિઓ કરાવવાની ક્ષમતા અંગે એક/એક ઝલક આપણે નિહાળીએ :

એકદા ગુરુ ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીરદેવનાં મુખેથી સાંભળ્યું કે જે વ્યક્તિ સ્વશક્તિથી અષ્ટાપદ મહાતીર્થની યાત્રા કરે તે વ્યક્તિ તે જ ભવમાં મુક્તિ પામે. એમનાં અંતરમાં અષ્ટાપદયાત્રાના મનોરથ મહોર્યા અને એ અષ્ટાપદગિરિ સમીપ પધાર્યા. લબ્ધિનાં તો તેઓ નિધાન હતા જ. એથી બાળક જેમ રજ્જુ ગ્રહીને ઉપર ચડે તેમ તેઓ સૂર્યકિરણો ગ્રહીને અષ્ટાપદગિરિના શિખર સુધી પહોંચી ગયા. (ના, આ સૂર્યકિરણ પકડવાની ઘટના મનઘડંત ચમત્કાર નથી. આજનું વિજ્ઞાન પણ Solar Cooker દ્વારા સૂર્યકિરણો પકડવાની વાતને પ્રકારાંતરે સત્ય પૂરવાર કરે છે.) ત્યાં રહેલા જિનબિંબોની 'જગ ચિંતામણિ' સૂત્રથી તેઓએ સ્તુતિ કરી.

યાત્રા કરીને તેઓ પુનઃ અષ્ટાપદગિરિની તળેટીએ પધાર્યા ત્યારે, ત્યાં રહીને સાધના કરતા કોડિન્ન-દિન્ન અને સેવાલ નામના તાપસો તથા તે પ્રત્યેકના ૫૦૦-૫૦૦ શિષ્યો ગુરુ ગૌતમપ્રભુને વિસ્મયથી ઘેરી વળ્યા. તેઓ અષ્ટાપદગિરિ પર આરોહણ કરવા કાજે ચિરકાલથી તપ-જપ અને કષ્ટમય ક્રિયા કર્યે જતા હતા. છતાં તેમનું સ્વપ્ન સાકાર થતું ન હતું. ગુરુ ગૌતમસ્વામી અત્યંત આસાનીથી અષ્ટાપદગિરિની યાત્રા કરી શક્યા એ નિહાળીને તે તમામ તાપસોની આંખમાં આશ્ચર્ય અને અહોભાવનાં અંજન અંજાયાં હતાં.

ગુરુ ગૌતમસ્વામીએ એ ભાવિક અને ભદ્રિક તાપસોને પ્રતિબુદ્ધ કર્યા. તમામ તાપસો ગૌતમસ્વામીને ગુરુપદે સ્થાપીને દીક્ષિત થયા. ચિરકાલના તપસ્વી નવદીક્ષિત શ્રમણોને પારણા કરાવવા કાજે તેઓ એક પાત્રમાં ક્ષીરનું ભોજન વહોરી લાવ્યા. પારણા ૧૫૦૩ તપસ્વીને હતા અને ક્ષીર માત્ર એક પાત્ર જેટલી હતી. તપસ્વીઓ સહુ વિસ્મિત વદને વિચારમગ્ન થઇ ગયા. પરંતુ ગૌતમસ્વામી જેમનું નામ. એમણે જમણા હસ્તનો અંગૂઠો પાત્રમાં સ્થાપ્યો અને તપસ્વીઓને પારણા કરાવવાનો પ્રારંભ કર્યો. ક્ષીરનું પાત્ર અ-ક્ષય બની ગયું અને એક-બે નહિ, પૂરા ૧૫૦૩ તપસ્વીઓ તૃપ્ત થયા ત્યાં સુધી એ અ-ક્ષય પાત્રમાંથી ક્ષીર સંપ્રાપ્ત થઇ!

હા, ક્ષીરના પાત્રને અક્ષય-અખૂટ કરી દેવાની આ ઘટના, ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક ઉપલબ્ધિ કરાવવાની શ્રેષ્ઠ ક્ષમતાનો પ્રતીતિજનક પુરાવો છે. તેઓ 'અક્ષીણમહાનસ' નામની લબ્ધિના ધારક હતા. એથી એમના અંગૂઠામાં આવું સામર્થ્ય સ્થિર થયું હતું. આપણે તેઓને 'અંગૂઠે અમૃત વસે...' કહીને બિરદાવીએ છીએ તે પૂર્વોક્ત લબ્ધિને આભારી છે.

આ થઇ ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક ઉપલબ્ધિની ક્ષમતાની વાત. હવે તેઓની આત્મિક ઉપલબ્ધિની ક્ષમતા વિચારીએ : ગૌતમસ્વામીની આવી અદ્ભુત 'અક્ષીણમહાનસ'લબ્ધિ નિહાળીને એ નવદીક્ષિતોનો અહોભાવ અનેકશઃ વૃદ્ધિ પામ્યો અને 'સદ્ગુરુ'નો સંયોગ પામ્યાનો આનંદ એમના અંતરના અણુએ અણુમાં પ્રસરી રહ્યો. એ આનંદનો આવેગ એવો અપૂર્વ બન્યો

કે ૫૦૧ તપસ્વીઓને તો ક્ષીરનું ભોજન કરતા કરતા જ કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થઈ ગયો. 'કવલ તે કેવલરૂપ હુઓ'ની અદ્ભુત ઘટનાએ તે ક્ષણે સાકાર સ્વરૂપ ગ્રહ્યું. બીજા ૫૦૧ તપસ્વી ગુરુ ગૌતમસ્વામીનાં સાન્નિધ્યમાં વિહાર કરતા કરતા, દૂરથી સમવસરણ નિહાળીને કેવળજ્ઞાન વર્યા. જ્યારે ત્રીજા ૫૦૧ તપસ્વીઓ પ્રભુનાં દર્શને કેવળજ્ઞાન વર્યા.

૧૫૦૩ તપસ્વીઓને અત્ય અલ્પ સમયમાં કૈવલ્યપ્રાપ્તિનો આ પ્રસંગ, ગુરુ ગૌતમસ્વામીની ઉચ્ચ આત્મિક ઉપલબ્ધિ કરાવવાની ક્ષમતાનો સજ્જડ પુરાવો છે. આ કૈવલ્યપ્રાપ્તિમાં જેમ ઉપાદાનભાવે તે તે આત્માઓની ઉચ્ચ આત્મિક અવસ્થા કારણભૂત હતી તેમ નિમિત્તભાવે ગૌતમસ્વામી જેવા સદ્ગુરુનો સંયોગ કારણભૂત હતો. માત્ર આ ૧૫૦૩ શિષ્યો માટે જ નહિ, અન્ય તમામ શિષ્યો માટે પણ આવી જ સરસ સ્થિતિ સર્જાઈ હતી. શાસ્ત્રો કહે છે કે ગૌતમસ્વામીએ જીવનકાળ દરમ્યાન કુલ ૫૦,૦૦૦ મુમુક્ષુઓને દીક્ષિત કર્યા હતા અને તે તમામ ૫૦,૦૦૦ મુમુક્ષુ તે જ ભવે મુક્તિ પામ્યા છે! અને એથી 'ગૌતમસ્વામીના રાસ'માં લખાયું છે કે ''જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ; આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ''...

ગુરુ ગૌતમસ્વામીની આવી અદ્ભુત ભૌતિક/આત્મિક ઉપલબ્ધિ કરાવવાની ક્ષમતાનું મૂળભૂત કારણ હતું એમનો ઉત્કૃષ્ટ વિનયગુણ. પરમાત્મા મહાવીરદેવ પ્રત્યેની ઉચ્ચ વિનયશીલતાનાં કારણે જ એમનામાં આવી અનુપમ લબ્ધિઓ પાંગરી હતી. એમની વિનયશીલતા અંગે 'ભગવતી સૂત્ર'માં નોંધાયુ છે કે જ્યારે જ્યારે કોઈ કારણવશ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરદેવ સમીપ પધારે, ત્યારે ત્યારે કદાપિ આસન બિછાવીને બેસતા નહિ. પરંતુ 'उड्ढं जाणु अहो शिरे' અર્થાત્ ઉભડક પગે અને નતમસ્તકે જ વિરાજતા. જ્યારે જ્યારે તેઓ પ્રભુને પ્રશ્ન કરે ત્યારે 'भंते' સંબોધન અચૂક કરે જ. મહાન આગમગ્રંથ 'ભગવતી સૂત્ર'ના ૩૬,૦૦૦ પ્રશ્નો પૈકી મોટાભાગના પ્રશ્નો પ્રભુ મહાવીરદેવને શ્રી ગૌતમસ્વામીએ કર્યા છે. એથી એ આગમમાં વારંવાર પ્રશ્નના સમયે

'ભંતે' અને ઉત્તરના સમયે 'ગોયમા' શબ્દ કર્ણગોચર થાય છે. એમાં 'ભંતે' શબ્દમાં ગૌતમસ્વામીનો વિનયભાવ વિલસે છે. જ્યારે 'ગોયમા' શબ્દમાં વીરપ્રભુનું વાત્સલ્ય વિલસે છે. સ્વયં પ્રથમ ગણધર અને ૫૦,૦૦૦ શિષ્યોના ગુરુ હોવા છતાં ય ગૌતમસ્વામી પ્રભુ મહાવીરદેવ પ્રતિ જે ઉત્કૃષ્ટ વિનય વિકસાવી શક્યા હતા એનાથી જ એમનામાં આવી ક્ષમતાનું સર્જન થયું હતું...

આ ઉત્કૃષ્ટ વિનયશીલતાનું ય મૌલિક કારણ હતું ક્ષતિઓનો સ્વીકાર કરવાની એમની હાર્દિક સરલતા. કારણ કે એક સમય એવો હતો કે આ જ ગૌતમસ્વામી અભિમાનના આકાશમાં ઉડતા હતા અને સ્વયં પરમાત્મા મહાવીરદેવને પરાજિત કરવાની તમન્ના ધરાવતા હતા. જ્યારે પ્રભુ દ્વારા એમનો 'જીવ' અંગેનો સંશય દૂર થયો ત્યારે એમને પોતાની ક્ષતિ સમજાઇ ગઇ અને ક્ષતિ સમજાતા જ તત્ક્ષણ તેઓ વીરપ્રભુના વિનીત શિષ્ય બની ગયા! આથી એમ કહી શકાય કે એમની શક્તિઓનાં મૂલમાં વિનયગુણ હતો અને એ વિનયગુણનાં મૂલમાં તેમની ક્ષતિ સ્વીકારવાની હાર્દિક સરલતા હતી!

એમની આંતરિક સરલતાની એક ઝલક નિહાળીએ :

પ્રભુ મહાવીરદેવના પરમભક્ત ગૃહસ્થ શિષ્ય આનંદ શ્રાવકે વાણિજ્યગ્રામમાં આજીવન અનશન સ્વીકાર્યું હતું. અનેક નાગરિકો એનાં દર્શને જતા હતા. ગુરુ ગૌતમસ્વામી પણ એને 'ધર્મલાભ' આપવા પધાર્યા. મહાશ્રાવકે ગુરુ ગૌતમસ્વામીને વંદન કર્યા અને પોતાને ઉત્પન્ન થયેલ 'અવધિજ્ઞાન'ની વિગત જણાવતા કહ્યું કે "હું ઊર્ધ્વલોકમાં સૌધર્મકલ્પ સુધી, અધોલોકમાં લોલુકપ્રભા નામના પ્રતર સુધી, તિર્છાલોકમાં સમુદ્રમાં ત્રણ દિશાએ ૫૦૦ યોજન સુધી અને ઉત્તરમાં લઘુહિમવંત પર્વત સુધીના તમામ રૂપી પદાર્થો નિહાળી શકું છું."

ગૌતમપ્રભુને એ કથનમાં અતિશયોક્તિ લાગી. એથી એમને આનંદ શ્રાવકને 'મિચ્છા મિ દુક્કડં' દેવાનું સૂચન કર્યું. કિંતુ આનંદ શ્રાવકે પોતાના કથનમાં દઢતા દાખવી. આથી સત્ય જાણવા કાજે ગૌતમસ્વામીએ પરમાત્મા મહાવીરદેવને એ

અંગે પ્રશ્ન કર્યો. પ્રભુએ સ્પષ્ટતા કરી કે આનંદનું કથન સત્ય છે. એને નહિ, તમારે 'મિચ્છા મિ દુક્કડં' દેવું જોઈએ. હાર્દિક સરલતાના સ્વામી ગુરુ ગૌતમ તત્ક્ષણ આનંદ શ્રાવક પાસે પધાર્યા અને એમણે નિર્દંભભાવે આનંદ શ્રાવકને 'મિચ્છા મિ દુક્કડં' દીધું. જેઓની ગણના 'તીર્થ'રૂપે થઈ છે તે ચાર જ્ઞાનના ધારક ગુરુ ગૌતમસ્વામી એક શ્રાવકને 'મિચ્છા મિ દુક્કડં' કહે ત્યારે એમાં એમની Top કક્ષાની સરળતા જ પ્રતિબિંબિત થાય છે.

આવી સરસ સરલતાએ એમનામાં વીરપ્રભુ પ્રત્યે સમર્પણભર્યો વિનય વિકસાવ્યો હતો અને વિનયનાં કારણે એમનામાં શક્તિનો સ્ત્રોત એવો પ્રગટ્યો હતો કે આજે પણ આપણે સહુ ગાઈએ છીએ કે :-

''જ્ઞાન-બલ-તેજ ને સકલ સુખ-સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર નર જેહને શીશ નામે...''

(ગૌતમસ્વામી છંદ)

સરલતાના સાગર, વિનયના ભંડાર અને લબ્ધિનાં નિધાન ગણધર ભગવંત ગુરુ ગૌતમસ્વામીને કોટિ કોટિ નમન...

❀ ❀ ❀



## ૨

# શ્રુતહેમનિકષ શિષ્યપંચશતીનેતા મહાતપસ્વી આચાર્યવર્ય શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.

વિક્રમની અગિયારમી શતાબ્દીનાં જિનશાસનનાં નભોમંડળના ચમકતા સૂર્ય એટલે દર્ભાવતીનગરીના દેદીપ્યમાન દિવાકર પૂજ્યપ્રવર આચાર્યદેવ શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ. વિ.સ.૧૦૭૮ની આસપાસના સમયખંડમાં, ત્યારે દર્ભાવતી અને આજે ડભોઇ તરીકે સુપ્રસિદ્ધ તીર્થભૂમિમાં, જન્મ ધરનાર આ મહાન જ્યોતિર્ધરના પિતાનું નામ ચિંતક શ્રેષ્ઠી અને માતાનું નામ મોંઘીબાઇ હતું. ચિંતયકુલના આ કુલદીપકે લઘુવયમાં (ચૌદ વર્ષ આસપાસની વયમાં) પૂજ્યપ્રવર

આચાર્યભગવંત શ્રીમાન યશોભદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરૂપે સંયમધર્મ અંગીકાર કર્યો અને તેઓ બન્યા બાલમુનિ શ્રી મુનિચન્દ્ર મહારાજ.

તીવ્ર વૈરાગ્ય, તીવ્ર તપ અને તીવ્ર જ્ઞાનસાધના એમનામાં પ્રારંભથી જ ઝળકતી હતી. એથી જ વૈરાગ્યવૃદ્ધિ માટે દીક્ષાદિનથી જ યાવજ્જીવ છ વિગઇ ત્યાગના સંકલ્પ સાથે પ્રાયઃ નિયમિત આયંબિલતપશ્ચર્યા આરંભી. આગળ જતાં પાંચસો શિષ્ય-પ્રશિષ્યોના ગુરુદેવરૂપે વિખ્યાત બનેલ આ મહાન સાધુપુરુષે જીવનના પ્રારંભિક તબક્કે આયંબિલમાં પણ બાર દ્રવ્યોથી વધુ દ્રવ્યો ન વાપરવાની પ્રતિજ્ઞા સ્વીકારી હતી, તો જીવનના ઉત્તરકાળમાં માત્ર ભાતનું ઓસામણ-કાંજી દ્વારા જ જીવન ટકાવ્યું હોવાથી તેઓ શાસ્ત્રોનાં પાને **'સૌવીરપાયી'** (=માત્ર કાંજી વાપરનાર)રૂપે પ્રસિદ્ધ થયા હતા.

જેવો એમનો વૈરાગ્ય અને તપ હતો, એવી જ એમની જ્ઞાનસાધના હતી. વિ.સં. ૧૦૯૪માં તેઓ પોતાના ગુરુદેવ સાથે પાટણમાં જિનમંદિરોની યાત્રાર્થે બાલમુનિરૂપે પધાર્યા ત્યારે, એક સ્થળે વાદિવેતાલ પૂજ્યપ્રવર આ. શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ તેમના શિષ્યવૃંદને બૌદ્ધદર્શનના અતિ કઠિન પ્રમેયવાદનું અધ્યયન કરાવતા હોવાનું તેઓએ નિહાળ્યું. અલબત્ત, શ્રીમાન શાંતિસૂરિજી મ. ચૈત્યવાસી આચાર્ય હતા અને પાટણમાં ત્યારે ચૈત્યવાસીઓનું જ પૂર્ણ પ્રભુત્વ હોવાથી શ્રી મુનિચન્દ્રમુનિ જેવા સંવેગી શ્રમણને માટે પાટણમાં વિશેષ સ્થિરતાની શક્યતા ન હતી. છતાં વાચનાનાં આકર્ષણથી તેઓ પાટણમાં ગમે તેમ કરીને રોકાયા અને દશ દિવસ નિયમિતપણે વાચનાસ્થળથી દૂર ઊભા રહીને ય એ કઠિનમાં કઠિન વિષય આત્મસાત્ કર્યો.

શ્રીમાન શાંતિસૂરિજી મ. શિષ્યોને ઉદ્દેશીને ભણાવતાં હોવા છતાં એ વિષય એક પણ શિષ્ય યથાર્થ ગ્રહણ ન કરી શક્યો અને આ બાલમુનિ દૂર દૂર ઊભા રહીને કેવલ શ્રવણમાત્રથી એ વિષય ગ્રહણ કરી શક્યા. એથી તેઓ બાલમુનિ મુનિચન્દ્રજી પર ખૂબ વાત્સલ્યવંત બની ગયા અને

સંવેગી પક્ષના હોવા છતાં તેમની તમામ સુવિધાઓ પાટણમાં કરાવવાપૂર્વક તેમને હૃદયના ઊમળકાથી અભ્યાસ કરાવ્યો. આવા ધુરંધર જ્ઞાનીભગવંતનો યોગ મળતાં શ્રીમાન મુનિચન્દ્રમુનિએ પણ સખત પુરુષાર્થ અને તીક્ષ્ણ બુદ્ધિશક્તિ દ્વારા વિશદ વિદ્વત્તા પ્રાપ્ત કરી.

વિ.સં.૧૧૩૯ આસપાસના સમયમાં આચાર્યપદારૂઢ થયેલ આ મહાન જ્ઞાની આચાર્યદેવે ૧૪૪૪ ગ્રન્થસર્જક સૂરિપુરંદર પૂજ્યપ્રવર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશપદગ્રન્થ પર ચૌદ હજાર શ્લોકપ્રમાણ મહાટીકા, તે જ શાસ્ત્રકાર ભગવંત કૃત લલિતવિસ્તરા ગ્રન્થ પર પંજિકા-ધર્મબિંદુગ્રન્થ પર ટીકા-અનેકાંતજયપતાકા પર દીપિકા, દેવેન્દ્ર-નરકેન્દ્ર પ્રકરણવૃત્તિ વગેરે અનેકાનેક ગ્રન્થો રચ્યા હતા, જેમાંથી બત્રીશ ગ્રન્થોના નામોલ્લેખ આજે પણ ઉપલબ્ધ છે. તેમના સમયમાં શ્રુતજ્ઞાનનાં ક્ષેત્રે તેઓ એવા શ્રદ્ધેય હતા કે ‘પિંડવિસોહી’ની ‘સુબોધા’ ટીકામાં આ. શ્રી યશોદેવસૂરિજીએ તેમને ‘શ્રુતહેમનિકષ’ (=શ્રુતજ્ઞાનરૂપ સુવર્ણની ચકાસણીમાં કસોટીના પથ્થર સમાન) શબ્દોથી બિરદાવ્યા છે, તો આ. શ્રી વિનયચન્દ્રજીએ ‘મલ્લિનાથચરિત્ર’માં તેમને ‘સૈદ્ધાન્તિક’ તરીકે નવાજ્યા છે.

શ્રી જિનશાસનને તેઆએ ધરેલ ઉપરોક્ત વિવિધ ગ્રન્થોની ભેટ ઉપરાંત સૌથી વિશિષ્ટ ભેટ આપી હતી સુવિહિત વિદ્વાન સમર્થ શિષ્યવૃંદની. તેમના પાંચસો-પાંચસો શિષ્ય-પ્રશિષ્યોમાં આ. શ્રી અજિતપ્રભસૂરિજી, મહાન વાદિવિજેતા આ. શ્રી વાદિદેવસૂરિજી, આ. રત્નસિંહસૂરિજી વગેરે મુખ્ય હતા. તે પૈકીના શ્રીમાન વાદિદેવસૂરિજીએ તો ગૂર્જરેશ્વર સમ્રાટસિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગંબરવાદી કુમુદચન્દ્રને સજ્જડ પરાજય આપીને શાસનનો જયજયકાર ગજાવ્યો હતો. શ્રી વાદિદેવસૂરિજી કૃત અનેક ગ્રન્થો આજે ય અભ્યાસુઓને ઉપકારક બને છે... **એક ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે પૂ.આ.ભ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ.સા. પ્રભુમહાવીરદેવની મૂળ પટ્ટપરંપરામાં**

પ્રતિષ્ઠિત સૂરિપુંગવ હતા. એથી મૂળ પટ્ટપરંપરાના ઉલ્લેખમાં એમનું પુણ્યનામ અવશ્ય નિહાળવા મળે છે. બીજી ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે એમની જ મૂળ પટ્ટપરંપરામાં થયેલ છટ્ઠી પેઢીના અર્થાત્ પૂજ્યશ્રીના પ્રશિષ્યના પ્રશિષ્ય પૂજ્યપ્રવર મહાન તપસ્વી આ.ભ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજને મેવાડના મહારાણા જૈત્રસિંહે સમર્પિત કરેલ 'તપા' બિરુદનાં કારણે એ સમગ્ર મૂળ પરંપરા 'તપાગચ્છ' રૂપે પ્રસિદ્ધ થઈ છે! મતલબ કે પૂજ્યશ્રી તપાગચ્છના આદ્ય સૂરિવરના પ્રગુરુદેવના પ્રગુરુદેવ હતા.

અનેકાનેક વિશિષ્ટ વિદ્વાન આચાર્યાદિ મુનિપુંગવોના મહાન ગુરુદેવ શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. લગભગ સો વર્ષનું આયુષ્ય અને ૮૬ વર્ષનો સંયમપર્યાય પૂર્ણ કરીને વિ.સં.૧૧૭૮માં કાર્તિક વદિ પાંચમે પાટણનગરમાં કાલધર્મ પામ્યા ત્યારે, તેમના પરમવિનયી શિષ્ય શ્રીમાન વાદિદેવસૂરિજી મ. આબુ પાસેની શાસનરક્ષિકા અંબિકાદેવીની સૂચનાથી આઠ દિવસ પૂર્વે ઉપસ્થિત થઇ ગયા હતા. તેઓએ ગુરુદેવના કાલધર્મ બાદ તેમના વિરહમાં 'ગુરુવિરહવિલાપમુણિચંદસૂરિથુઇ' વગેરે કૃતિઓ પણ રચી હતી જે આજે ઉપલબ્ધ છે.

આવા શાસનશિરતાજ સૂરિપુરંદરની સ્મૃતિ તેમની સાંસારિક જન્મભૂમિ ડભોઈમાં સ્થાયીરૂપે થાય તે માટે, એ જ દર્ભાવતીના ઝળહળતા સિતારા પ.પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી, તાજેતરમાં ડભોઇ તીર્થે (૧) આ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી વર્ધમાનતપ બારમાસી આયંબિલખાતાની સ્થાપના (૨) આ. શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી પાઠશાલાભવનનું જૈન વગાના મુખ્ય ચોકમાં આલીશાન નિર્માણ અને (૩) ગામબહાર શ્રી સંઘની માલિકીના યશોવાટિકા-બગીચામાં શ્રી મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. ગુરુમંદિર નિર્માણનાં પ્રશંસનીય-યાદગાર કાર્યો થયાં છે...

જયવંતા શ્રી જિનશાસનની સમર્થ સૂરિપરંપરાના તેજસ્વી તારલા પૂજ્યપ્રવરશ્રીની તપઆરાધના, જ્ઞાનસાધના અને વિરલ વૈરાગ્યભાવનાને કોટિ કોટિ વન્દન.



3

# શાસનસમ્રાટ એટલે શાસનશિરતાજ

સદ્‌ગુરુ !

અધ્યાત્મમાર્ગની સફરમાં સહુથી વધુ ઉપકારક અને ઉપયોગી તત્ત્વ છે આ. એથી જ શાસ્ત્રકારોએ ગુરુતત્ત્વનો મહિમા આપણાં નયનો વિસ્મયથી વિસ્ફારિત થઇ જાય એ સ્તરે કર્યો છે. એ પણ ભાવુકતાનાં કારણે નહિ, વાસ્તવિકતાનાં કારણે.

એક ઉદાહરણ નિહાળીએ. તત્ત્વત્રયીનાં ત્રણ તત્ત્વોમાં દેવ અર્થાત્ પરમાત્માનો ઉલ્લેખ પ્રથમ થાય છે અને ગુરુનો ઉલ્લેખ થાય છે એ પછીના ક્રમે. આપણને એ યોગ્ય એટલે લાગે છે કે ગુણવત્તાની દૃષ્ટિએ પરમાત્મા બેશક શ્રેષ્ઠ છે. કારણ કે પરમાત્માના જ્ઞાનાદિ ગુણો ક્ષાયિક ભાવના હોવાથી અત્યંત શુદ્ધ-નિર્મલ પણ છે અને શાશ્વતપણે સાદિ અનંતભાવે સ્થાયી રહેનાર પણ છે. જ્યારે ગુરુના જ્ઞાનાદિ ગુણો ક્ષાયોપશમિક ભાવના હોવાથી અત્યંત શુદ્ધ-નિર્મલ નથી અને શાશ્વતપણે સ્થાયી પણ નથી. એમાં આરોહ-અવરોહ આવ્યા જ કરે. બીજી વાત એ કે પરમાત્મા વીતરાગ-સર્વજ્ઞ-સર્વદર્શી બન્યા ત્યારથી એમનામાં એક પણ દોષનો અંશમાત્ર નથી હોતો, જ્યારે ગુરુ હજુ છદ્મસ્થ હોવાથી એમનામાં અલ્પાધિકપણે રાગ-દ્વેષાદિ દોષોની સંભાવના રહે છે. આમ છતાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થકાર ભગવંતે બહુ નિર્ભ્રાંત સ્પષ્ટ રજૂઆત આ પંક્તિ દ્વારા કરી છે કે :-

''तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं, हितार्थधर्मा हि तदुक्तिसाध्याः ।''

ભાવાર્થ કે તત્ત્વત્રયીનાં ત્રણે ય તત્ત્વોમાં અપેક્ષાએ સૌથી મુખ્ય-સૌથી પ્રધાન તત્ત્વ છે ગુરુ. ગ્રન્થકાર માત્ર રજૂઆત કરીને વિરમી નથી ગયા. બલ્કે આ પ્રસ્તુતિ ચોક્કસ **Angle**થી માત્ર ને માત્ર વાસ્તવિકતાના- **Reality** ના આધારે કરાઈ છે એવી પ્રતીતિ કરાવતો તર્ક આપે છે કે ગુરુતત્ત્વ ત્રણે યમાં પ્રધાન-મુખ્ય એટલા માટે છે કે આપણાં વર્તમાન જીવનમાં થતી આત્મહિતકર તમામ ધર્મસાધનાઓ એમના ધર્મોપદેશનાં કારણે જ શક્ય બને છે. શું ત્યાજ્ય કે શું ગ્રાહ્ય, શું ભક્ષ્ય કે શું અભક્ષ્ય, શું કલ્પ્ય કે શું અકલ્પ્ય, શું શ્રદ્ધેય કે શું અશ્રદ્ધેય, શું આચરણીય કે શું અનાચરણીયઃ આ તમામની સમ્યક્ સમજ અને એના પર આધારિત આચરણા સદ્ગુરુનાં વચન-માર્ગદર્શન વિના શક્ય નથી હોતી. અરે! પરમાત્માની પરમાત્મારૂપે અને ધર્મની ધર્મરૂપે ઓળખ આપનાર પણ સદ્ગુરુ જ છે. બસ, ઉપકારોની પ્રધાનતા અને પ્રત્યક્ષતાનાં અક્ષલક્ષ્ય થી ગુરુને બહુ જ વાસ્તવિકપણે ત્રણે ય તત્ત્વોમાં પ્રધાન દર્શાવાયા છે.

હજુ એક **Step** આગળ. 'પ્રાર્થનાસૂત્ર' (જયવીયરાયસૂત્ર)માં સાધકે જે પ્રાર્થના કરવાની છે એ **Direct** પ્રભુ સમક્ષ કરવાની છે. છતાં ત્યાં એક પ્રાર્થના આ કરાય છે કે ''सुहगुरुजोगो''. અર્થાત્ પ્રભુ! આપના પ્રભાવે મને સદ્ગુરુની

પ્રાપ્તિ થજો. ક્ષણભર હૈયે એ પ્રશ્ન જાગે કે ગુરુ પાસે પ્રભુપ્રાપ્તિની પ્રાર્થના હોય કે પ્રભુ પાસે ગુરુપ્રાપ્તિની પ્રાર્થના હોય? પરંતુ ઊંડાણથી વિચારતા આ પ્રાર્થના ઉપરોક્ત કારણે સમુચિત લાગે કે ગુરુ જો શુભ અને શુદ્ધની સફર કરાવે એવા ઉત્તમ મળ્યા હશે તો જ તમામ આરાધના-સાધના મહાન-ગુણવત્તાસભર બનશે. એ જ ગુરુ સાધકને પરમાત્મપ્રાપ્તિનું કારણ પણ અચૂક બનશે. ઓવારી જવાય 'પ્રાર્થનાસૂત્ર'કારની વિચક્ષણતા પર કે તેઓશ્રી એ પદ દ્વારા ખરેખર તો સાધકનાં જીવનમાં 'અન્યોન્યાશ્રય'નો આ મસ્ત સુભગ સંગમ કરે છે કે ''प्रभुकृपा से गुरु मीले और गुरुकृपा से प्रभु मीले.''

* * *

બહુમાનભાવ !

સદ્‌ગુરુ ગુણવત્તાની દૃષ્ટિએ ચાહે તેવા મહાન હોય. પરંતુ એ સાધકનાં જીવનનો સર્વાંગીણ આત્મિક વિકાસ સાધવામાં ત્યારે જ ઉપકારક અને ઉપયોગી બની શકે કે જ્યારે સાધકનાં-શિષ્યનાં આંતરજગતમાં એ સદ્‌ગુરુ પ્રત્યે છલોછલ બહુમાનભાવ હોય. એક ખૂબ હૃદયસ્પર્શી વાક્ય પ્રભુના સંદર્ભમાં વાંચ્યું હતું કે ''જીવંત પ્રભુ કરતા પ્રભુ પ્રત્યેની જીવંત શ્રદ્ધા વધુ ઉપકારક છે.'' સો ટચના સુવર્ણ જેવું Pure સત્ય છે આ વિધાન. સંગમદેવ અને કાલસૌકરિક કસાઈ જેવાને પરમાત્મા મહાવીરદેવ સાક્ષાત્-જીવંત મળ્યા હતા. પરંતુ એમનામાં પ્રભુ પ્રત્યે જીવંત શ્રદ્ધા ન હોવાથી પ્રભુ એમને જરા ય ન ફળ્યા. એથી વિપરીત અનુપમાદેવીને જીવંત પ્રભુ નહિ, મૂર્તિગત પ્રભુ મળ્યા હતા. છતાં પ્રભુ પ્રત્યેની જીવંત શ્રદ્ધાનાં કારણે પ્રભુ એમને એવા ફળ્યા કે એ પછીના જ ભવમાં મહાવિદેહક્ષેત્રમાં જન્મ અને અલ્પ પુરુષાર્થમાં કેવલજ્ઞાન. પૂર્વોક્ત હૃદયસ્પર્શી વાક્યને ગુરુના સંદર્ભમાં જરાક પરિવર્તિત કરીએ કે ''જીવંત ગુરુ કરતા ગુરુ પ્રત્યેની જીવંત શ્રદ્ધા વધુ ઉપકારક છે.'' યાદ કરીએ આ વાક્યના સંદર્ભમાં એકલવ્યને. એને અધ્યાપકરૂપે દ્રોણાચાર્ય જીવંત મળ્યા ન હતા, મૂર્તિગત મળ્યા હતા. છતાં જીવંત શ્રદ્ધાના પ્રભાવે એ એને એવા ફળ્યા કે જીવંત દ્રોણાચાર્યને અધ્યાપકરૂપે પ્રાપ્ત કરનાર અર્જુન પણ એની ધનુર્વિદ્યા સામે વામણો ઠર્યો.

'પંચસૂત્ર'કાર મહર્ષિ ગુરુતત્ત્વ પ્રત્યેના આ ઉછળતા બહુમાનભાવનું અનુસંધાન સાધકનાં આત્મકલ્યાણ સાથે બહુ સરસ કરી આપે છે. 'પંચસૂત્ર'નાં ચતુર્થ પ્રવ્રજ્યાપરિપાલનસૂત્રમાં તેઓ આ પંક્તિ લખે છે કે :- ''आयओ

ગુરુબહુમાણો અવંઝકારણત્તેણ અઓ પરમગુરુસંજોગો તઓ સિદ્ધિ અસંસયં।'' મતલબ કે ભાવિમાં આ ગુરુબહુમાનભાવ અવંધ્ય અર્થાત્ કદી નિષ્ફલ ન જાય તેવાં કારણરૂપ બની પરમગુરુનો અર્થાત્ પરમાત્માનો સંયોગ કરાવે છે અને એનાથી સિદ્ધિ-મોક્ષપ્રાપ્તિ નિઃસંશય થાય છે. મુક્તિ તરફની આપણી યાત્રા કેટલી સરલ! પહેલા પરમ ગુરુબહુમાનભાવ, પછી પરમગુરુની પ્રાપ્તિ ને પછી પરમપદની પ્રાપ્તિ...

* * *

પ્રભુશાસનનું એ પરમ સૌભાગ્ય છે કે એમાં એવા એવા અનેક સદ્ગુરુભગવંતો અદ્યાવધિ થઇ ગયા છે કે જેમના ગુણાઢ્ય જીવનના પરિચયથી હૈયે ગુરુબહુમાનભાવનાં મોજાં વાંભ વાંભ ઊછળવા માંડે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય હો કે યુગપ્રધાન આ.ભ.શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ. હો, સહસ્રાવધાની આ.ભ. શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મ. હો કે ક્રિયોદ્ધારક આ.ભ.શ્રી આનંદવિમલસૂરીશ્વરજી મ. હો, યુગપ્રભાવક આ.ભ.શ્રી હેમવિમલસૂરીશ્વરજી મ. હો કે જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ. હોઃ આ અને આવા આવા અનેક સૂરિપુંગવોએ એમની ઉત્તમ આરાધક-પ્રભાવક જીવનશૈલીથી ગુરુતત્ત્વની ગરિમાને ચાર ચાંદ લગાવ્યા છે.

એ મહાન સૂરિપુંગવોની હરોળમાં ગૌરવભેર સ્થાન પામી શકે એવું વિક્રમની વીશમી સદીનું એક વિરલ વ્યક્તિત્વ એટલે વિશુદ્ધ બ્રહ્મપુંજ શાસનસમ્રાટ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ. વીશમી સદીના ઉત્તરાર્ધના પ્રભુશાસનના ઈતિહાસનું અવલોકન કરતાં એક વાત સ્પષ્ટ પ્રતીત થાય કે તે સમયની સંખ્યાબંધ ઐતિહાસિક ઘટનાઓમાં શાસનના સર્વોપરિ પ્રભાવક સૂરિસમ્રાટરૂપે ઊપસી આવતું વ્યક્તિત્વ તેઓશ્રીનું હતું. મિત્રવર પૂજ્ય વિદ્વદ્વર્ય આ. શ્રી વિજય શીલચન્દ્રસૂરિજી મ. લિખિત 'શાસનસમ્રાટ' ગ્રન્થમાં તેઓશ્રીનાં ઉત્તુંગ જીવનની લગભગ તમામ ઘટનાઓ અથેતિ પ્રતિબિંબિત થાય છે. અલબત્ત, અહીં તો માત્ર એક લેખ દ્વારા એ વિરાટ-વિરલ વ્યક્તિત્વનો આંશિક પરિચય કરાવવાનો અને ગુણાંજલિ અર્પવાનો જ ઉપક્રમ હોવાથી પૂજ્યશ્રીનાં બહુઆયામી વ્યક્તિત્વને ફક્ત ચાર સ્વરૂપે નિહાળીશુંઃ

(૧) **આરાધક :-** પૂ. શાસનસમ્રાટશ્રી એમના યુગના સર્વોપરિ પુણ્યસંપન્ન સૂરિવર હતા. એથી એમનું નામ આવતાંવેંત એક મહાપ્રભાવક આચાર્યની છબી

માનસપટ પર ઊપસી આવે અને એમાં સહજપણે એમનાં આરાધક વ્યક્તિત્વની છબી ગૌણ રહી જાય. વાસ્તવિકતા એ છે કે તેઓશ્રી જેવા મહાન પ્રભાવક હતા એવા જ મહાન આરાધક હતા. વૃત્તિ અને પ્રવૃત્તિ, બન્ને સ્તરે તેઓશ્રીમાં આરાધકભાવ એવો ઝળહળતો હતો કે આપણાં મસ્તક અને મન, આપોઆપ અહોભાવથી ઝૂકી જાય. આવી કેટલીક બાબતો-ઘટનાઓ નિહાળીએઃ

* શાસ્ત્રોએ સૌથી કઠિન મહાવ્રત ગણાવ્યું છે બ્રહ્મચર્યને. એટલે જ લખાયું છે કે ''वयाण बंभचेरं'' મતલબ કે વ્રતોમાં બ્રહ્મચર્ય સૌથી વધુ દુરારાધ્ય છે. પ્રભુશાસનના સંયમીઓ દોષો-દુર્વૃત્તિઓ સામે સંઘર્ષ કરતા રહીને ય આ મહાવ્રતનું પાલન કરે છે. પરંતુ એમાં જેઓ મન-વચન-કાયા ત્રણે ય સ્તરે જરા ય સ્ખલના વિના આ મહાવ્રત આત્મસાત્ કરવામાં કામિયાબ નીવડે છે તેઓ તો વિશ્વની શ્રેષ્ઠ જીવંત અજાયબી છે. પૂર્વર્ષિઓ એમના માટે આ શબ્દો લખે છે કે ''ते धन्ना ताण नमो, द्दासोऽहं ताण संजमधराणं'' મતલબ કે ''તે (મહાબ્રહ્મચારી મહાત્માઓ) ધન્ય છે, તેમને અમારા નમન છે, અમે તે સંયમીઓના દાસ છીએ.'' પૂ. શાસનસમ્રાટશ્રી આ નૈષ્ઠિક બ્રહ્મચર્યના સ્વામી હતા. એ કાળમાં જે ત્રણ આચાર્યદેવોનાં નામ ઉત્કૃષ્ટ બ્રહ્મચર્યશાલીરૂપે જૈન જગતમાં મશહૂર હતા તેમાં સર્વપ્રથમ નામ પૂ. શાસનસમ્રાટશ્રીનું આવતું. શાસ્ત્રમાં ઇચ્છાયોગ-પ્રવૃત્તિયોગ-સ્થિરતાયોગ અને સિદ્ધિયોગની જે વાત મળે છે એમાં એ ત્રણ મહાત્માઓનું બ્રહ્મચર્ય સ્થિરતાયોગ અને કાંઇક અંશે સિદ્ધિયોગમાં પરિણમ્યું હોય એમ ભાસે.

પૂજ્યશ્રીનાં ચરિત્રમાં કેટલાક પ્રસંગો ચમત્કાર જેવા મળે છે. અમારું મન્તવ્ય છે કે એ મન્ત્ર-તન્ત્રનું નહિ, પરંતુ એમનાં આ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પરિણામ હશે...તેઓ એક એવા મહાગુરુ હતા કે જેમના માટે શિષ્યોને સહજ-અકૃત્રિમપણે ભગવાન જેવો ભક્તિભાવ હોય. આવી ભક્તિમાંથી પ્રગટેલ એમના સંબંધી ગુરુસ્તુતિમાંની એક સુપ્રસિદ્ધ સંસ્કૃત સ્તુતિમાં આ પંક્તિ છે કે ''विशुद्धसद्ब्रह्मसमाधिशालिने.'' ભાવાર્થ કે તેઓ અણિશુદ્ધ બ્રહ્મચર્યની સમાધિમાં નિમગ્ન હતા. અમને બાલવયથી એમના માટેની આ પંક્તિનું વિશેષ આકર્ષણ રહ્યું છે. કહો, એક મહાન આત્માનો આરાધકભાવ વૃત્તિનાં સ્તરે દર્શાવવા આનાથી ચડિયાતો કયો ગુણ ઉપયુક્ત હોઈ શકે?

હવે નિહાળીએ પ્રવૃત્તિનાં સ્તરનું આરાધક સ્વરૂપ.

* કોઈ Comparison ની વૃત્તિથી નહિ, માત્ર ઘટનાની અસરકારક રજૂઆતરૂપે પૂછવું છે કે સાંપ્રત સમયના કોઈ ઉત્તમ આરાધક-પ્રભાવક ગણાતા આચાર્ય એવા હશે કે જેઓએ જીવનભર, અરે! આયુષ્યના અંતિમ કટોકટીભર્યા તબક્કામાં પણ, Hospital અને Injection સુદ્ધા વર્જ્ય રાખ્યાં હોય? આનો હકારમાં ઉત્તર મળવો અતિ મુશ્કેલ લાગે. પૂ. શાસનસમ્રાટશ્રી એવા ટોચના આરાધક-પ્રભાવક આચાર્ય હતા કે જેઓ Hospital માં તો ગયા નથી જ, બલ્કે એક પણ વાર Injection પણ લીધું નથી. એમના આયુષ્યના અંતિમ દિવસોમાં Injection આપવાની વાત આવી ત્યારે પણ એમણે એનો ઇન્કાર કર્યો હતો! એમના અંતિમ દિવસોનું વર્ણન વાંચતા હજુ એક હૃદયસ્પર્શી ઘટના મળે છે. અંતિમ વિદાયના બે દિવસ પૂર્વે અતિશય નબળાઈવશ ડૉક્ટરે મોસંબીનો રસ વાપરવાનું કહ્યું તો પૂજ્યશ્રીએ કહ્યું : ‘‘મેં કદી મોસંબી-સંતરું વાપર્યું નથી. તો હવે છેલ્લે છેલ્લે શા માટે વપરાવો છો?’’ સાધ્વાચારપાલનની જે ધબકતી ભાવનાથી આ શબ્દો બોલાયા હતા એની અસર ડૉક્ટર પર થઈ અને એમણે સ્વીકાર્યું કે ‘‘મહારાજજીનું મન ન હોય તો મોસંબીરસ નથી વપરાવવો.’’

* પૂજ્યશ્રીનું આયુષ્ય ૭૭ વર્ષનું હતું. એમાં ૭૬મા વર્ષના પ્રારંભ સુધી એમણે એક પણ વાર ડોળીનો ઉપયોગ કર્યો ન હતો. એક વાર અતિશય ભયાનક માંદગીમાં અમદાવાદના નગરશેઠ સંઘાગ્રણી શ્રી કસ્તૂરભાઈએ પૂજ્યશ્રીને અપવાદરૂપે અમદાવાદ આવવા પૂરતા ડોળીના ઉપયોગની વિનંતિ કરી તો પૂજ્યશ્રીએ સખ્તાઈથી કહી દીધું કે ‘‘એક વાર આ દેહ પડી જાય કે ઉપરથી દેવતા આવીને વિનવે તો પણ આ દેહે ડોળી કે મિયાનાનો ઉપયોગ કરવાની (મારી) ભાવના નથી.’’ આચારપાલનની આ દૃઢતાવશ તેઓ પદયાત્રાપૂર્વકના વિહારના એવા આગ્રહી રહ્યા હતા કે બે બાજુ બે વ્યક્તિ હાથનો ટેકો આપે તો જ ચાલી શકાય એવી સ્થિતિમાં ય એમણે પાદવિહાર જ કર્યા. છેલ્લા દોઢેક વર્ષમાં એ સ્થિતિ પણ ન રહી અને સંઘો-શિષ્યોની આજીજીભરી

વિનંતિ અપ્રતીકાર્ય બની ત્યારે જ દુભાતા દિલે ખપપૂરતો ડોળીનો ઉપયોગ એમનાં જીવનમાં આવ્યો. ''झुंझइ य जहाथामं, नायव्वो वीरियायारो'' વીર્યાચારની આ વ્યાખ્યા એમનાં જીવનમાં અક્ષરશઃ ચરિતાર્થ થતી નિહાળાય છે.

* પૂજ્યશ્રીના યુગમાં દેશમાં રાજાશાહી હતી. ભાવનગર-વલ્લભીપુર-લીંબડી વગેરે ઘણા રાજ્યોના રાજાઓનો પૂજ્યશ્રી સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. એ પૈકી લીંબડીના રાજાએ આગ્રહપૂર્વક પૂજ્યશ્રીની પધરામણી પોતાના નગરમાં કરાવી એક માસ પર્યંત પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો શ્રવણ કર્યાં. પછીના સમયખંડમાં રાજાએ જાણે કોઈ ભક્ત શ્રાવક લખે તેવો અતિ વિનયસભર પત્ર લખી પૂજ્યશ્રીના દર્દ માટે સેકેલ સંચળ ઔષધરૂપે મોકલાવ્યું. એના પ્રત્યુત્તરરૂપે પૂજ્યશ્રીએ રાજવીને જે પત્ર પાઠવ્યો તેમાં અક્ષરશઃ આ પંક્તિઓ લખાઈ છે કે ''ઢઢાજી સાથે મોકલેલ પત્ર અને દવા મળ્યા. દવા શ્રાવક પાસે છે. તે શ્રાવક પાસેથી અમારા વ્યવહાર પ્રમાણે વહોરી લેવાય છે અને વપરાય છે.'' આ પંક્તિમાં એક સુંદર સાધ્વાચાર મહેંકે છે. સાધ્વાચાર મુજબ શ્રમણ દવા પણ પાસે-સાથે ન રાખી શકે. રાખે તો 'સંનિધિ' નામે દોષ લાગે. અહીં એ જાગૃતિ નિહાળાય છે.

આ અને આવા આવા પ્રસંગો વૃત્તિ-પ્રવૃત્તિનાં સ્તરે પૂજ્યશ્રી કેવા આરાધક હતા એ દર્શાવે છે...

(૨) પ્રભાવક :- ''आचार्या जिनशासनोन्नतिकरा:'' આ પંક્તિ એમ સમજાવે છે કે પ્રભુશાસનની ઉન્નતિ કરે તેવાં ધર્મકાર્યો કરવાની ક્ષમતા આચાર્ય ભગવંતોની પહેચાન છે. આચાર્ય આરાધક જરૂર જોઈએ. પરંતુ માત્ર આરાધક નહિ, પ્રભાવક પણ હોવા જોઈએ. કારણ કે એ શાસનનાયક હોવાથી એમની પ્રભાવકતા દ્વારા જ સંઘનું-શાસનનું યોગ-ક્ષેમ થતું હોય છે. સમગ્ર શાસનમાં સુપ્રસિદ્ધ પૂજ્યશ્રીની પ્રભાવકતાને પણ આપણે સંક્ષેપમાં માણીએ :

* અનેકાનેક તીર્થોદ્ધાર પૂજ્યશ્રીનું મુખ્ય જીવનકાર્ય હતું. કદંબગિરિતીર્થ હો કે કાપરડાતીર્થ હો, સ્તંભતીર્થ હો કે શેરીસાતીર્થ હો : આવાં આવાં અનેક તીર્થોના ઉદ્ધાર તેઓશ્રીના પુણ્યપ્રભાવે થયા છે. આ પૈકી કાપરડાજી-કદંબગિરિજી જેવાં તીર્થો એવાં હતાં કે એના ઉદ્ધાર સમયે પૂજ્યશ્રીને પ્રાણાંત થઈ જાય એવા કષ્ટોમાંથી પસાર થવું પડ્યું હતું. આમ છતાં તેઓ એ તીર્થોનો પરિપૂર્ણ ઉદ્ધાર કરીને જ રહ્યા. ખ્યાલમાં રહે કે કાપરડાજી જેવાં તીર્થોમાં પૂજ્યશ્રીને એ કષ્ટો તદ્દન અશિક્ષિત આદિવાસી પ્રજા તરફથી આવ્યા હતા કે જેઓ એ તીર્થને પોતાનું માની બેઠા હતા. આ સ્થિતિમાં થયેલ એ ઉદ્ધાર વસ્તુતઃ શાસનપ્રભાવનારૂપ જ નહિ, શાસનરક્ષારૂપ પણ અવશ્ય ગણી શકાય... તેઓશ્રીની પ્રભાવક નિશ્રામાં અનેક પદયાત્રાસંઘો યોજાયા હતા. પરંતુ એમાં સીમાચિહ્ન સમો યાદગાર પદયાત્રાસંઘ હતો શ્રી માકુભાઈ શેઠનો. ચૌદ હજાર જેવી અ...ધ...ધ... સંખ્યા અને તત્કાલીન પ્રભુશાસનના લગભગ તમામ મુખ્ય આચાર્યદેવોની ઉપસ્થિતિ ધરાવતો એ પદયાત્રાસંઘ સમ્રાટ કુમારપાલ-મન્ત્રીશ્વર વસ્તુપાલ વગેરેના પૂર્વકાલીન મહાન સંઘોની ઝાંખી કરાવે તેવો હતો.

* પૂજ્યશ્રીની પ્રભાવકતાને એક અલગ Angleથી નિહાળીએ અને એ છે સમકાલીન સમર્થ સૂરિવરોની દૃષ્ટિએ પૂજ્યશ્રી. આગમોનાં સંશોધનો-સંપાદનો-વાચનાઓ અને આગમમંદિરનિર્માણો દ્વારા આગમોની બેજોડ સેવા કરનાર પૂજ્યપ્રવર આગમોદ્ધારક આ.ભ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ. સંઘવી શ્રી પોપટલાલ ધારશીભાઈએ એમના ઉપદેશથી જાજરમાન ભવ્ય પદયાત્રાસંઘ યોજવાની ભાવના વ્યક્ત કરી ત્યારે પૂ. સાગરજી મહારાજે સંઘવીને કહ્યું : ‘‘જો તારે સંઘમાં જાહોજહાલી લાવવી હોય તો નેમિસૂરિ-મહારાજને વિનંતિ કર.’’ એ સંઘ શાસનસમ્રાટશ્રી તથા સાગરજી મ. વગેરે અનેક ધુરંધર સૂરિવરોની નિશ્રામાં શાનદારરૂપે યોજાયો... અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ બે પૂજ્યપ્રવર ગુરુદેવો : પ્રવચનપ્રભાવક આ.ભ. શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજ તથા યુગદિવાકર આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ. શાસનસમ્રાટશ્રીના વરદ હસ્તે એકને આચાર્યપદ-પ્રદાન થયું હતું, તો એકને ઉપાધ્યાયપદપ્રદાન. પૂ. મોહનસૂરિમહારાજ તરફથી શાસન-સમ્રાટશ્રીને જે પત્રો લખાય તેનું અક્ષરાંકન પૂ. ધર્મસૂરિમહારાજનું હોય. એ પત્રોમાં પ્રારંભે શાસનસમ્રાટશ્રી માટે એકાદ-બે વિશેષણ નહિ, બલ્કે છ-છ સાત-સાત પંક્તિ

સુધી માત્ર ભક્તિસભર વિશેષણો જ હોય. ના, આ કોઈ Formality કે બાહ્ય દેખાવ ન હતો. બલ્કે હૃદયનો ઉત્તમ બહુમાનભાવ હતો.

* વિક્રમની વીશમી સદીનું સૌથી વિરાટ સર્વગચ્છીય મુનિસંમેલન વિ.સ.૧૯૯૦માં અમદાવાદમાં યોજાયું. ચોત્રીશ-ચોત્રીશ દિવસો જ્યાં અનેક ચર્ચા-વિચારણાઓ થઈ તે આ શ્રમણ-સંમેલનના મુખ્ય સૂકાનીઓમાં એક હતા પૂજ્યશ્રી. શાસ્ત્રીય બાબતોમાં અલગ અલગ મન્તવ્યો ધરાવતા અલગ અલગ શ્રમણવૃંદોમાં અનેક શક્તિશાલી આચાર્યાદિ ભગવંતો હતા. એ બધા વચ્ચે સંતુલન જાળવી સંમેલનની નાવ હેમખેમ પાર કરવામાં શાસનસમ્રાટશ્રીની કુનેહનો મોટો ભાગ હતો. સંમેલન પૂર્વે આની સફલતા વિશે જાતજાતના સંદેહો પ્રવર્તતા હતા ત્યારે એમ કહેવાતું હતું કે ''મહાભારતમાં શ્રીકૃષ્ણ જેમની સાથે રહ્યા એમનો જય થયો, એમ સંમેલનમાં નેમિસૂરિમહારાજ જેમની સાથે હશે એમનો જય થશે.''

* પૂજ્યશ્રીની જીવનગાથા વર્ણવતા 'શાસનસમ્રાટ' ગ્રન્થની પ્રસ્તાવનામાં પંડિતવર્ય શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધીએ 'કુમારપાલપ્રબંધ'ની એક ગાથા ટાંકીને હૃદયસ્પર્શી વાત લખી છે. એ ગાથામાં પ્રબંધકારે એ ભાવની વાત લખી છે કે 'શ્રીમાન હેમચન્દ્રાચાર્યના વિશિષ્ટ ગુણસમૂહને નિહાળી પ્રાજ્ઞ વ્યક્તિ એમ માને કે મેં ભલે શ્રી તીર્થંકરપ્રભુ-ગણધરભગવંત વગેરે મહાન વિભૂતિ નિહાળી નથી. પરંતુ એની અલ્પ-નાનકડી ઝાંખી શ્રી હેમાચાર્યમાં લાગે છે.' ગાથાના ઉલ્લેખ બાદ એ જ સૂરમાં પંડિતજીએ એ ભાવની રજૂઆત કરી છે કે 'શ્રી આનંદવિમલસૂરિમહારાજ-શ્રી હીરવિજયસૂરિમહારાજ વગેરે મહાન પૂર્વાચાર્યોને અમે નિહાળ્યા નથી. પરંતુ શ્રી વિજય નેમિસૂરિમહારાજને નિહાળ્યા-અનુભવ્યા પછી એમ લાગે છે કે એ મહાન પૂર્વાચાર્યોની ઝાંખી શાસનસમ્રાટશ્રીમાં લાગે છે.'

પૂજ્યશ્રીની વિશિષ્ટ પ્રભાવકતાને પિછાણવા આનાથી અધિક રજૂઆતની કોઈ જરૂર અમને નથી લાગતી...

(૩) **હિતચિંતક :-** પૂજ્યશ્રીના વ્યક્તિત્વને સમગ્રતયા નિહાળતા નિઃસંશયપણે તેઓ ચતુર્વિધ શ્રી સંઘના-શાસનના વિધવિધ અંગોના-તીર્થોના હિતચિંતક ભાસે. આમ છતાં અમે અહીં આ વિશેષતા માત્ર એમના શિષ્યોના જીવનઘડતર

સંદર્ભમાં ખોલવા ચાહીએ છીએ. એમ ચોક્કસ કહી શકાય કે શિષ્યોનાં જીવનશિલ્પને નજાકતભર્યું બનાવવામાં તેઓ એક સિદ્ધહસ્ત શિલ્પકાર હતા.

એ સમયનાં પ્રભુશાસનમાં પૂજ્યશ્રી શિષ્યોના સંદર્ભમાં આદર્શ અનુશાસક તરીકે પ્રસિદ્ધ હતા. આ કડક અનુશાસનનાં કારણે તેઓ આચારસંપન્ન-અભ્યાસસંપન્ન સુવિશાલ શિષ્યગણનું સર્જન કરી શક્યા હતા. મારવાડપ્રદેશના વિહારમાં, સવારે વિહાર કરીને આવ્યા બાદ તેઓ શિષ્યોને લઇ ગામબહાર ચાલ્યા જતા. ત્યાં કલાકો સુધી અધ્યયન ચાલે. સવારે કોઇને પચ્ચક્ખાણ પારવાનું હોય નહિ. અભ્યાસ સમયે તેઓ 'સોટી વાગે ચમચમ...'ની પુરાતન પદ્ધતિ અપનાવતા. શિષ્ય અભ્યાસમાં પ્રમાદ કરે-ભૂલ કરે તો તરપણીના જાડા દોરાથી શિક્ષા કરે. સાથે નિતાંત હિતબુદ્ધિથી કઠોર ભાષાપ્રયોગ પણ કરે કે ‘‘શ્રાવકોના રોટલા વાપરીને ભણશો નહિ તો ભવાંતરમાં ભરુચના પાડા થશો.’’ પૂજ્યશ્રીની આ કઠોર શિક્ષાઓ ઝીલીને જે શિષ્યો તૈયાર થયા એમણે વિવિધ વિદ્યાશાખાઓમાં ટોચના વિદ્વાનરૂપે સ્થાન હાંસલ કર્યું.

પૂ.આ.શ્રી દર્શનસૂરિ-ઉદયસૂરિ-નંદનસૂરિ મ. ન્યાયના ક્ષેત્રે ટોચના વિદ્વાન તરીકે પંકાયા, તો પૂ.આ.શ્રી લાવણ્યસૂરિ મ. સંસ્કૃત વ્યાકરણના અવ્વલ નિષ્ણાતરૂપે પ્રસિદ્ધિ વર્યા; પૂ.આ.શ્રી પદ્મસૂરિ-અમૃતસૂરિ મ. શાસ્ત્રવિશારદરૂપે નામના વર્યા, તો પૂ.આ.શ્રી કસ્તૂરસૂરિ મ. પ્રાકૃતભાષાના વિશેષજ્ઞરૂપે ખ્યાતિ વર્યા. એમના શિષ્યોનાં ગ્રન્થસંપાદનો એવાં શુદ્ધ રહેતા કે હજારો-લાખો શ્લોકપ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત મુદ્રણ હોય, છતાં એમાંથી મુદ્રણક્ષતિ કાઢવી મહામુશ્કેલ બની રહે. આજે જ્યારે વિદ્વાન વ્યક્તિઓના સ્વહસ્તે લખાતા પત્રોમાં પણ અનેક ભાષાકીય ક્ષતિઓ જોવા મળે ત્યારે સખેદ વિસ્મય થાય કે અભ્યાસમાં આવી ક્ષતિ કેમ રહી ગઇ હશે? અને યાદ આવે શાસનસમ્રાટશ્રી કે જેમણે શિષ્યોમાં આવી કોઇ ખામી રહેવા દીધી ન હતી...પૂજ્ય સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરની તત્ત્વાર્થ પ્રથમાધ્યાયટીકાના ત્રુટિત અંશો એ જ શૈલીથી પૂર્ણ કરનાર પૂ.આ.શ્રી ઉદયસૂરિ મ. હો કે એક જ

દિવસમાં શ્રી કદંબગિરિસ્તોત્ર રચનાર પૂ.આ. શ્રી નંદનસૂરિ મ. હોઃ એમનાં આવાં આવાં સર્જનોનાં મૂળમાં શાસનસમ્રાટશ્રીનું હિતચિંતાભર્યું સન્નિષ્ઠ ઘડતર હતું.

આજે ભલે 'માર વિનાના ભણતર'નો મહિમા હોય. પરંતુ પૂર્વે જણાવ્યું તેમ પૂજ્યશ્રીએ તો કડક શિક્ષા સાથે વિદ્યાભ્યાસનો અભિગમ અપનાવ્યો હતો. આમ છતાં શિષ્ય-પ્રશિષ્યોને એમના માટે હાર્દિક બહુમાનભાવ-ભક્તિ એવી હતી કે એમણે શાસનસમ્રાટશ્રી માટે રચેલ સ્તુતિઓના ભક્તિતરબોળ શબ્દો સાંભળતા હૈયું અહોભાવથી છલકાઇ જાય. આવી એક પ્રસિદ્ધ ગુજરાતી સ્તુતિનો પ્રારંભ જ આ પંક્તિથી થાય છે કે **''અહો યોગ ને ક્ષેમના આપનારા, તમે નાથ છો તારનારા અમારા...''**

(૪) **નાયક :-** ખરો નાયક એ છે કે જે હર કોઇ સમસ્યા સમયે નિર્ભીકપણે અગ્રેસર રહી અનુયાયીવર્ગને યોગ્ય દોરવણી આપે. એના નાયકત્વની સાર્થકતા એમાં છે કે અનુયાયીવર્ગ એની દોરવણીનો કોઇ જ હિચકિચાટ વિના, કિંતુ-પરંતુ વિના, અમલ કરે. પૂ. શાસનસમ્રાટશ્રી આ બન્ને બાબતોને ચરિતાર્થ કરે એવા મહાન શાસનનાયક હતા. આનો સાક્ષાત્કાર કરવા માટે 'શત્રુંજયમહાતીર્થની સ્વૈચ્છિક યાત્રાબંધી'નો એક જ પ્રસંગ કાફી છે.

શ્રી શ્વે. મૂ. જૈન સંઘનું પ્રતિનિધિત્વ કરતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને પાલિતાણારાજ્યનાં રાજવી વચ્ચે શ્રી શત્રુંજય મહાતીર્થના 'રખોપાકરાર' અંગે મોટો વિવાદ થયો હતો અને એની આડઅસરરૂપે રાજ્યે યાત્રાળુદીઠ વેરો (મૂંડકાવેરો) લેવાનું નક્કી કર્યું હતું. આ અન્યાયી કદમના શાંત સત્યાગ્રહપૂર્ણ વિરોધરૂપે શાસનસમ્રાટશ્રીનાં માર્ગદર્શન મુજબ, સમગ્ર જૈન સંઘ સ્વૈચ્છિક યાત્રાબંધી કરે તેવું એલાન કરાયું. કોઇ જ મતભેદ વિના આ એલાન સમસ્ત જૈન સંઘે ઝીલી લીધું અને બે વર્ષ જેટલો દીર્ઘ સમય 'ચકલું ય ન ફરકે' એવી સજ્જડ યાત્રાબંધી રહી. ઈ.સ.૧૯૨૬ની તા. ૧ એપ્રિલથી શરૂ થયેલ એ યાત્રાબંધી કેવી સજ્જડ હતી તેનું પ્રારંભદિનનું મસ્ત અને રસપ્રદ શબ્દચિત્રણ તે સમયના 'સૌરાષ્ટ્ર' અખબારમાંથી મળી રહે છે. એ વિસ્તૃત અહેવાલનો માત્ર એક નાનકડો અંશ આપણે જોઇએ કે જેમાં

શ્રી શત્રુંજયમહાતીર્થ તો ઠીક, નીચે તળેટી પણ કેવી વેરાન બની ગઇ હતી એ નિહાળવા મળે છે. 'સૌરાષ્ટ્ર' અખબાર લખે છે કે ''ગઇ કાલે સાંજે પણ અમે તળાટી જોઇ હતી. આજે પણ અમે તળાટી જોઇ. એ ખદબદતી માનવતા ક્યાં અને આજની આ સૂનસાન સ્થિતિ ક્યાં? **XXX** તળાટીની આખી ભૂમિ આજે ખાવા ધાય છે. સોગન ખાવા એક મનુષ્ય નથી. યાત્રિક કે યાત્રિક ઉપર નભતો કોઇ માનવીબચ્ચો આજે નથી દેખાતો. પાલિતાણાની (રાજની) આજ્ઞા સામે શાંત અસહકાર કરતો પ્રત્યેક માનવ આજે તળાટી છોડી ગયો છે....''

આ સજ્જડ યાત્રાબંધી સતત બે વર્ષ ચાલુ રહી. બ્રિટીશ વાઇસરોયની હાજરીમાં બે ય પક્ષ વચ્ચે સમાધાન થયું પછી જ એ યાત્રા ખુલ્લી થઇ. આ સમગ્ર ઘટનાક્રમમાં શાસનસમ્રાટશ્રીની દૃઢ નેતૃત્વક્ષમતા સરસ પ્રતિબિંબિત થાય છે...

વ્યક્તિરૂપે પરમાત્મા એક હોવા છતાં સમવસરણમાં તેઓને ચાર સ્વરૂપે દર્શાવાય છે. કાંઇક એમ જ વ્યક્તિરૂપે પૂજ્યશ્રી એક હોવા છતાં વ્યક્તિત્વની તે તે વિશેષતા દ્વારા તેઓને અહીં ચાર સ્વરૂપે દર્શાવાયા છે. એ દ્વારા તેઓશ્રીને સમર્પિત કરાયેલ ગુણાંજલિના આ લેખનું સમાપન કરતાં હૈયે ઘુંટાય છે 'શાંતસુધારસ' ગ્રન્થની પેલી માર્ગદર્શક પંક્તિ કે :-

**कुरु सुविहितगुणनिधिगुणगानम्,**
**विरचय शान्तसुधाररसपानम् ।**

❀ ❀ ❀



૪

# પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ. શ્રી રામસૂરીશ્વરજી મ. : વિરલ ગુણવૈભવ

ગુલાબ ! પુષ્પોની સૃષ્ટિમાં એનો રૂઆબ અને રોનક કાંઈક અનોખી હોય છે. કારણ કે કેટલાંક પુષ્પો માત્ર સૌંદર્યમાં શ્રેષ્ઠ હોય છે ને સુવાસમાં શૂન્ય હોય છે, કેટલાંક પુષ્પો સુવાસમાં શ્રેષ્ઠ હોય છે ને સૌંદર્યમાં શૂન્ય હોય છે; જ્યારે ગુલાબ તો સૌંદર્ય-સુવાસ અને એથી ય આગળ વધીને સુકોમલતામાં ય શ્રેષ્ઠ પુરવાર ઠરે તેવું હોય છે. સૌંદર્ય-સુવાસ અને સુકોમલતાનાં સંગમસ્વરૂપે રહેલા એ ગુલાબ માટે એટલે જ કહેવાય છે કે "ગુલાબનો કોઈ જવાબ નથી..."

જેવી વાત છે ગુલાબની, એવી જ વાત છે ગુણગરિમાથી ઓપતી વિરલ વિભૂતિઓનાં જીવનની. તપ-ત્યાગ-તિતિક્ષા કે સેવા-સાધના-સંયમ જેવા કૈંક ત્રિવેણીસંગમ એ વિભૂતિઓનાં જીવનમાં એવાં સરસ સર્જાયેલા નિહાળવા મળે કે એનાં દર્શનમાત્રથી અંતર આપોઆપ સૂર પુરાવવા માંડે કે :-

**‘‘એ વન નથી, કે એ રણ નથી;**
**એ ગુણોનું ઉપવન છે, જેનો કોઈ જવાબ નથી...’’**

દિવંગત તપાગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજ (ડહેલાવાલા)નું જ્યોતિર્મય જીવન, અમને લાગે છે કે, ઉપરોક્ત પંક્તિની સ્મૃતિ કરાવે એવું અદ્‌ભુત હતું. કૈંક વિરલ ગુણોનાં કૈંક વિરલ ત્રિવેણીસંગમ એમનાં જીવનમાં હશે જ. પરંતુ અમારાં દિલ-દિમાગમાં સ્થાયી સ્વરૂપે સ્થિર થઇ ગયેલ એમનાં જીવનનો વિરલ ત્રિવેણીસંગમ હતો એમની સ્વાધ્યાયરમણતા-સંયમનિષ્ઠા ને સહિષ્ણુતાનો. આવો, આપણે આ ત્રિવેણીસંગમનાં આછાં વિવરણનાં અજવાળે જ એમને અંજલિ અર્પીએ :

પૂજ્યશ્રીની સ્વાધ્યાયરમણતાનાં ત્રણ પાસાં અમને જાણવાં-માણવાં મળ્યા છે. એમાંનું પ્રથમ પાસું એટલે સ્વકીય જીવનમાં સ્વાધ્યાયની પ્રતિષ્ઠા. આનો રણકતો ને ખણખણતો પુરાવો એટલે એમના સૂરિપદપર્યાયના સુવર્ણ વર્ષની ઉજવણીનો પ્રસંગ. વિ.સં.૨૦૫૭માં એમના સૂરિપદપર્યાયના પચાસ વર્ષની પૂર્ણાહુતિ થતી હોવાથી તે નિમિત્તે અનેકવિધ આયોજનો ભક્તવર્ગ દ્વારા વિવિધ તબક્કે યોજાયા હતા. સ્વાભાવિક જ છે કે એ પ્રવૃત્તિઓમાં સમયની તીવ્ર ખેંચ રહે જ. વળી તેઓ સ્વયં સમગ્ર તપાગચ્છમાં, કહો કે સમગ્ર જિનશાસનમાં, તે કાળે મૂર્ધન્ય સ્થાને વિરાજતા હતા. એથી વિવિધ પ્રશ્નો-વિવિધ આવશ્યક વિચારણાઓ ય એમની આસપાસ સતત ચાલુ હોય. આમ છતાં એમણે ત્યારે-એ વર્ષે સંકલ્પ કર્યો હતો કે અમુક માસમાં નિર્ધારિત સંખ્યાની ગાથાઓનો સ્વાધ્યાય મારે કરવો જ. જો એ ન થાય તો એના પ્રાયશ્ચિત્તરૂપે ચોક્કસ પદાર્થનો ત્યાગ

કરવો! એ નિર્ધારિત ગાથાઓની સંખ્યા પણ કાંઇ નાની-સૂની ન હતી. અ...ધ...ધ...થઇ જવાય એવી હતી. આમ છતાં તેઓએ સમયસર એ સ્વાધ્યાય સંપૂર્ણ કર્યો જ! આ ઘટના એ દર્શાવવા સક્ષમ છે કે એમનાં સ્વયંનાં જીવનમાં સ્વાધ્યાયની નિષ્ઠા કેવી ગજબનાક હતી. આજે જયારે પ્રમાણમાં અલ્પ જવાબદારી અદા કરતા શ્રમણ-શ્રમણીઓ પણ સ્વાધ્યાય અંગે 'સમય નથી રહેતો'ની દલીલ કરતા જણાય છે ત્યારે, એક વરિષ્ઠ આચાર્યરૂપે જવાબદારી વહન કરતા પૂજ્યશ્રીનો આ પ્રસંગ ચિત્તમાં સચોટ ચોટ સર્જી જાય એમ છે.

હવે નિહાળીએ પરકીય જીવનમાં સ્વાધ્યાયની પ્રતિષ્ઠા કરવાની એમની રુચિ. વિ.સં. ૨૦૩૭ની સાલ. મુંબઇ મહાનગરના બોરીવલી-જામલીગલી સંઘમાં પૂજ્યપાદ પરમકૃપાળુ સમર્થ સંઘનાયક પરમગુરુદેવ યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની પાવન છત્રછાયામાં ચાલી રહેલ ઉપધાનતપઆરાધનાના મંગલમય એ દિવસો હતા. શેષકાળમાં વિચરતા વિચરતા પૂજ્યશ્રી ત્યારે ત્યાં પધાર્યા હતા. દીક્ષાના ત્રીજા વર્ષે બાલમુનિરૂપે પરમગુરુદેવ સાથે રહેલ અમને પણ પૂજ્યશ્રીનાં દર્શનનો લાભ મળ્યો. લગભગ સાંજ થવા આવી ત્યાં પૂજ્યશ્રીના શ્રમણો અમારી પાસે આવીને કહે :''બાલમુનિ! ગુરુદેવે તેડું મોકલ્યું છે. તમને ઘણાં ઘણાં સૂત્રો કંઠસ્થ છે ને. તો ગુરુદેવ એની પરીક્ષા કરવાના છે.'' અમે એમની સાથે પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયા. સિંદૂરપ્રકર-યોગશાસ્ત્ર-વીતરાગસ્તોત્ર-બૃહત્સંગ્રહણી વગેરે ઘણાં સૂત્રોની ગાથાઓ એમણે નંબર કહેવા દ્વારા પૂછી અને અમે એ ગાથાઓ યથાવત્ ઉચ્ચારી. પૂજ્યશ્રી ખૂબ પ્રસન્ન થયા અને ધન્યવાદ આપ્યા. અમને યાદ છે કે ત્યારે અર્થાભ્યાસ જરા ય ન હતો. માત્ર તીવ્ર સ્મૃતિશક્તિથી શ્લોકો કંઠસ્થ રાખી શકાતા હતા. એથી સિંદૂરપ્રકરના ૪૪મા શ્લોકની બીજી પંક્તિ ''तद्वन्मोहघनो घनैरपि धनैर्जन्तुर्न सन्तुष्यति''માં કુલ ત્રણ વાર આવતાં घ અને ध ના

ઉચ્ચારણમાં વ્યત્યય કર્યો હતો. પૂજ્યશ્રીએ એ ઉચ્ચારણ સુધરાવીને ટકોર કરી હતી કે ''હવે જલ્દી જલ્દી સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરજો. એટલે આવો વ્યત્યય નહિ થાય....''

હવે નિહાળીએ સ્વાધ્યાયરમણતાનું એમનું ત્રીજું પાસું. સંપર્કમાં આવનારમાં જ નહિ, સમગ્ર સંઘમાં સ્વાધ્યાય-અભ્યાસની રુચિ વધે એ એમની અભિલાષા હતી. એટલે જ વિ.સં. ૨૦૩૭ના પૂર્વોક્ત વર્ષે અમારા પરમગુરુદેવ પૂજ્ય યુગદિવાકરશ્રી તથા પૂજ્યશ્રીનું સંયુક્ત માંગલિક એ જ બોરીવલીઉપાશ્રયમાં યોજાયું ત્યારે હિતશિક્ષાના બે શબ્દરૂપે પૂજ્યશ્રીએ આ ભાવની વાત કર્યાનું અમને બરાબર યાદ છે કે :-''સમગ્ર મુંબઈમાં ન હોય એવો રાજમહેલ જેવો આ વિરાટ ઉપાશ્રય તો તમારા સંઘે પૂજ્ય આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી તૈયાર કર્યો છે. એટલે અહીં ઘણી બધી આરાધના બારે ય માસ થશે. સાધુભગવંતોનું આગમન પણ ખૂબ થશે. આ બધાની સાથે મારી તમને સૌને એ પ્રેરણા છે કે અહીં એક એવી ઉચ્ચ સ્તરની તત્ત્વજ્ઞાનપાઠશાળા શરૂ કરાય કે જેમાં સંસ્કૃત-પ્રાકૃત અને કર્મસાહિત્યાદિના પણ ઉચ્ચ ગ્રન્થોનું અધ્યયન કરાવાતું હોય !'' ટૂંકી હિતશિક્ષામાં ય કરાયેલ આ પ્રેરણા કે અમદાવાદ વગેરે સ્થળે એમની પ્રેરણાથી સ્થપાયેલ 'આ. સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા' જેવી સંસ્થાઓ એ બાબતનો જ્વલંત પુરાવો છે કે સમગ્ર ચતુર્વિધ સંઘમાં સ્વાધ્યાયપ્રવૃત્તિ વિસ્તરે એ માટે એમની અભિલાષા કેવી અદ્‌ભુત હતી.

શ્રી દશવૈકાલિક આગમગ્રન્થનાં નવમા અધ્યયનમાં જ્ઞાનોપાસનાનાં ચાર કારણો આમ દર્શાવાયા છે કે (૧) મને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થશે (૨) હું એકાગ્રચિત્તવાળો બનીશ (૩) હું મારા આત્માને શ્રુતમાં-સંયમમાં સ્થિર કરી શકીશ અને (૪) શ્રુત-સંયમમાં સ્થિર થયેલ હું અન્યોને પણ એ જ રીતે સ્થિર કરી શકીશ. આ કારણોસર મુમુક્ષુ આત્મા જ્ઞાનોપાસનામાં તીવ્ર આદર ધરાવે. અમને લાગે છે કે આ ચારે ય કારણો પૂજ્યશ્રીનાં જીવનમાં સુપેરે પ્રતિષ્ઠિત થયા હતા...

'ज्ञानस्य फलं विरतिः' પ્રશમરતિગ્રન્થની આ પંક્તિ મુજબ સ્વાધ્યાયના પરિપાકરૂપે સંયમની પરિણતિનો ઉત્તરોત્તર વિશિષ્ટ વિકાસ થાય. પૂજ્યશ્રીમાં

આ વિકાસ કેવો વિસ્મયજનક હતો એનો સચોટ ખ્યાલ પ્રગટે છે એમના એક જીવનપ્રસંગમાંથી.

આમ તો પૂજ્યશ્રી નાદુરસ્ત સ્વાસ્થ્યવશ અમદાવાદમાં જ વિશેષ સ્થિરતા કરતા હતા. પરંતુ એ વર્ષે એમના પરમોપકારથી વાસિત કુવાડાનગરનો સંઘ ચાતુર્માસ પોતાનાં જ આંગણે કરાવવા કૃતનિશ્ચય હતો. સ્વાસ્થ્યના સંયોગવશ ઘણી રકઝક થઇ. અંતે સંઘના ભક્તિભીના આગ્રહનો વિજય થયો અને નાદુરસ્ત સ્વાસ્થ્ય વચ્ચે ય કુવાડા તરફના વિહારનો નિર્ણય થયો. પરંતુ પૂજ્યશ્રીએ સંઘ અને શિષ્યવર્ગ સમક્ષ એ ભાવની સ્પષ્ટતા કરી કે ‘‘જો કદાચ વિહાર દરમ્યાન મારું આયુષ્ય સમાપ્ત થઈ જાય તો જે ગામમાં કાલધર્મ થાય તે ગામમાં જ અંતિમવિધિ વગેરે કર્તવ્ય કરી લેવા. કાલધર્મ પછી મારા દેહને વાહનમાં-મોટર વગેરેમાં મોટા શહેરમાં લઈ જવાની વાત જરા ય વિચારવી નહિ. અમદાવાદનો સંઘ અમદાવાદનો કે કુવાડાનો સંઘ કુવાડાનો આગ્રહ કરે એ મને ઈષ્ટ નથી. મારાં નિમિત્તે પાછળથી પણ વાહનાદિ વિરાધના થવી ન જોઈએ...’’ એમની આ વિચારધારા વધાવી લેવાઈ. આ રજૂઆતમાં જે સંયમનિષ્ઠા દશ્યમાન થાય છે એ સાચે જ સ્પૃહણીય છે.

સંયમનિષ્ઠા જ્યાં હોય ત્યાં સહિષ્ણુતા-સહનશીલતા હોય જ. કેમ કે એ વિના સંયમનું સુપેરે પાલન શક્ય નથી. એટલે હવે આપણે નિહાળીએ પૂજ્યશ્રીની સહિષ્ણુતાની ઝલક.

આયુષ્યનાં અંતિમ કાળમાં એમના દેહ પર કેન્સરના કરાલ વ્યાધિએ ડેરા-તંબુ તાણ્યા હતા. ‘‘घायल की गत घायल जाने’’ એ ન્યાયે કેન્સરની પીડા તો ખરેખર કેન્સરગ્રસ્તોને જ સમજાય એવી અસહ્ય હોય છે. એની સારવાર પણ ભયંકર કષ્ટદાયક હોય છે. આમ છતાં તેઓએ એ પીડા ઘણી સમતાપૂર્વક સહન કરી. જાણવા મળ્યા મુજબ, એક વાર કષ્ટદાયક સારવાર આપતા પૂર્વે ડૉક્ટરોએ-આશ્રિતોએ એમનો અભિપ્રાય જાણવા કોશિશ કરી કે આવી તકલીફદાયક સારવાર આપીએ કે નહિ? એમણે ત્યારે સાવ નિર્લેપ ઉત્તર આપ્યો કે ‘‘તમને ઠીક પડે તે તમે કરો. મને આ શરીર માટે હવે કોઈ નિસ્બત નથી!’’

* * *

સ્વાધ્યાયનિષ્ઠા-સંયમનિષ્ઠા ને સહનશીલતા : આ ત્રિવેણીસંગમના તીરે ઉદાત્તરૂપે ઊપસી આવેલ આ વંદનીય વ્યક્તિત્વને અંતરની અંજલિ અર્પતા એ જ પ્રાર્થના કરીએ કે એ તારક ત્રિવેણીસંગમ આપણાં જીવનમાં ય સર્જાય...

❀ ❀ ❀



## ૫

# પ્રજ્ઞા-પ્રતિભા-પ્રસન્નતાના પુણ્યપુંજ: પૂ. શાસનધુરીણ આ. શ્રી ૐકારસૂરીશ્વરજી મ.

પ્રસ્તુતિને પ્રબળપણે અભિવ્યક્ત કરવા કાજે સંસ્કૃત સાહિત્યકારો જે વિભિન્ન શૈલીઓ અપનાવે છે એમાંની એક શૈલી છે અન્યોક્તિ. આ શૈલીની વિશેષતા એ હોય છે એમાં જે રજૂઆત થઈ હોય એ હકીકતમાં તો એવી વ્યક્તિને લક્ષ્યમાં રાખીને કરાઈ હોય કે જેનો એમાં કોઈ પ્રત્યક્ષ ઉલ્લેખ ન હોય અને છતાં તે વ્યક્તિને એ રજૂઆત એકદમ સચોટ લાગુ પડતી હોય. એક નાનું શુ ઉદાહરણ જોઈએ. ધારો કે એક સજ્જન-ગુણિયલ વ્યક્તિ દુર્જનો સાથે બેઠક-ઉઠક

ધરાવતી થઈ ગઈ હોય તો અન્યોક્તિનો ઉપયોગ કરનાર એને પ્રેમથી કહેશે કે ‘‘હંસને તો માનસરોવર શોભે, છિલ્લર નહિ.’’ આ અન્યોક્તિ વાક્યમાં હંસનો ઉલ્લેખ છે, એ વ્યક્તિનો જરા ય નહિ. છતાં આ વાક્ય એ સજ્જનને સચોટ લાગુ પડે છે. અન્યોક્તિની આ કમાલ છે.

સંસ્કૃત સુભાષિતસાહિત્યમાં આવો એક સુભાષિતશ્લોક ખૂબ પ્રસિદ્ધ છે કે :-

‘‘अध्वन्यध्वनि तरव:, पथि पथि पथिकैरुपास्यते छाया ।
विरल: स कोऽपि विटपी, यमध्वगो गृहगत: स्मरति ।।

અન્યોક્તિના આ શ્લોકમાં મસ્ત રજૂઆત કરાઈ છે કે આ સૃષ્ટિમાં પ્રવાસ માટેના માર્ગો અનેક છે, તો એકેક માર્ગ પર વૃક્ષો પણ અનેક છે. અલગ અલગ માર્ગો પર પ્રવાસ કરનાર પ્રવાસીઓ થોડો સમય વિશ્રામ માટે એ વૃક્ષોની છાયાનો આશ્રય પણ લેતા રહે છે. પરંતુ પ્રવાસી અને વૃક્ષનો સંબંધ માત્ર અલ્પ સમય પૂરતો-છાયામાં વિસામો લેવાની ક્ષણો પૂરતો હોય છે. પ્રવાસી ત્યાંથી વિદાય થાય એટલે વૃક્ષને એ વીસરી જતો હોય છે. પણ સબૂર...! કો’ક વિરલ વૃક્ષ એમાં એવું કવચિત્ મળી રહે કે જે પોતાની ઘેઘૂર ઘટા, વિશાલ ઘેરાવો, ફલસંપદા વગેરે દ્વારા પ્રવાસીનાં ચિત્તમાં પોતાની અમીટ છાપ ઉપસાવે. એવી છાપ કે જેનાં કારણે પ્રવાસી ઘરે ગયા પછી ય એ વૃક્ષને સહજ યાદ કરે અને પુલકિત થાય.

અન્યોક્તિ દ્વારા આ શ્લોક એ નિર્દેશ કરે છે કે વિવિધ માર્ગો પરના એ અઢળક વૃક્ષોની જેમ આ વિશ્વમાં વ્યક્તિઓ ય બેસુમાર હોય છે. કોઈ નિમિત્ત મળતાં અલગ અલગ વ્યક્તિઓ તે તે વ્યક્તિના પરિચયમાં-સંપર્કમાં આવે. સંપર્ક હોય ત્યાં સુધી તે તે વ્યક્તિ સ્મરણમાં આવે અને કાર્ય પૂર્ણ થાય-સંપર્ક અટકી જાય પછી વ્યક્તિ વિસરાઈ જાય. પરંતુ કોઈ કોઈ વ્યક્તિત્વ પેલા ઘેઘૂર-ઘટાદાર વૃક્ષની જેમ એવા વિરલ-વિશિષ્ટ હોય છે કે જે સંપર્ક પૂર્ણ થઈ જાય-કાર્ય થઈ જાય તે પછી પણ, આકાશમાં ચમકતા શુક્ર તારકની જેમ, સામી વ્યક્તિનાં અંતરઆકાશે ચમકતા રહે.

અમને લાગે છે કે દિવંગત શાસનધુરીણ સંઘએકતાશિલ્પી પૂ. આચાર્યપ્રવર શ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજનું વ્યક્તિત્વ આ વિરલ-વિશિષ્ટ કક્ષાનું

હતું. અલબત્ત, અમને એમના પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું સૌભાગ્ય નથી મળ્યું. આમ છતાં એમનાં વ્યક્તિત્વનું પરોક્ષ અવલોકન-સમીક્ષા કરતા અમને આવી પ્રતીતિ ચોક્કસ થઇ છે કે તેઓશ્રીનું બાહરી વ્યક્તિત્વ અને ભીતરી વ્યક્તિત્વ બન્ને વિશિષ્ટ કક્ષાના હતા.

પહેલા કરીએ બાહરી વ્યક્તિત્વની વાત. સંસ્કૃતમાં એક ઉક્તિ મળે છે કે ''आकृतिर्गुणान् कथयति.'' મતલબ કે આકૃતિ-બાહ્ય દેખાવ વ્યક્તિના ગુણો દર્શાવે છે. ઘણી વાર એવું અનુભવાય છે કે વ્યક્તિની ભીતરી વિશેષતાઓનો-આંતરિક ગુણોનો પરિચય આપણને પછી થાય, પરંતુ બાહ્ય દેખાવથી પ્રથમ મુલાકાતે જ અંતરમાં એમની એક છાપ - **Impression** અંકિત થઇ જાય. અમે પ્રત્યક્ષ નિહાળેલ આવાં વ્યક્તિત્વોની યાદીમાં પૂ. પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા., શાસનસમ્રાટ સમુદાયના પૂ. શાસનશણગાર આ.ભ.શ્રી વિજય ચન્દ્રોદયસૂરિજી મ.સા., અમારા ગુરુદેવ પૂ. પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરિજી મ.ને અમે અગ્રિમ હરોળમાં સ્થાન આપી શકીએ. આ સહુનાં બાહરી વ્યક્તિત્વમાં પણ એવો પ્રભાવ-એવો પ્રતાપ-એવું તેજવર્તુળ છવાયેલું મળતું કે સંપર્કમાં આવનારને અનાયાસે-સહજપણે એમની અદબ જાળવવાનું મન થાય.

દિવંગત પૂજ્યશ્રીનું બાહરી વ્યક્તિત્વ પણ આવું જ પ્રતાપછલકતું હતું એમ એમની તસવીરોનાં દર્શનથી આપોઆપ સમજાય તેમ છે. પ્રસન્નતામઢ્યો ચહેરો, પ્રતાપી નેત્રો, 'पसंतगंभीरासया' આ પંચસૂત્રીય વિશેષણ સાર્થક કરે તેવું પ્રશાંત-ગંભીર વ્યક્તિત્વ કોને આવર્જિત ન કરે? પૂજ્યશ્રીના પ્રત્યક્ષ સંપર્કમાં આવેલ મિત્રવર્ય પૂ.આ. શ્રી વિજય શીલચન્દ્રસૂરિજી મહારાજે પૂજ્યશ્રીના બાહ્ય વ્યક્તિત્વનું શબ્દચિત્ર દોરતા લખ્યા છે આ શબ્દો કે ''પડછંદ દેહ, ગોરો વાન, સાથે ચાલનારને અનાયાસે જ અદબ જાળવવા પ્રેરે તેવી પ્રતાપી ચાલ, ઉગ્રતા અને સૌમ્યતાનાં મિશ્રણ દ્વારા નીપજેલી દઢતાથી અંકિત થયેલો પ્રસન્નતામઢ્યો ગોળ ચહેરો...'' આચાર્યશ્રીના આ શબ્દો વાંચ્યા ત્યારે અમને એ અહેસાસ થયો કે દિવંગત પૂજ્યશ્રીની તસવીરોનાં દર્શને સર્જાયેલ એમનાં બાહ્ય વ્યક્તિત્વનો અંદાજ એકદમ સુયોગ્ય-સાર્થક છે...

હવે કરીએ એમનાં ભીતરી વ્યક્તિત્વની વાત. એનાં પરિચાયક તત્ત્વો ત્રણ વિચારીશું : પ્રજ્ઞા-પ્રતિભા અને પ્રસન્નતા.

વિ.સં. ૨૦૧૪. એ વર્ષે રાજનગરમાં દ્વિતીય શ્રમણસંમેલન તિથિ-ચર્ચાના મુદ્દે યોજાયું હતું. અમારી ગુરુપરંપરાના વડીલ ભગવંતો પૂ. આચાર્યપ્રવર શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ. સા. - પૂ. આચાર્યપ્રવર શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા.ની સાથે અમારા ગુરુદેવ પણ એમાં ઉપસ્થિત હતા. અમારા ગુરુદેવની ત્યારે યુવાવસ્થા હતી અને બુદ્ધિશક્તિ-નિરીક્ષણશક્તિ એકદમ તીવ્ર. એથી એ સંમેલનની રજેરજ ઘટનાઓ એમની સ્મૃતિમંજૂષામાં યથાતથ સચવાયેલી હતી. પાછલી વયે તેઓશ્રી અમને ત્યારનાં સંભારણાં કહેતા ત્યારે બે-ત્રણ વાર આ વાત કરેલી :

"એ સંમેલનમાં બે ય પક્ષે ઘણા ઘણા ધુરંધર ગુરુભગવંતો ઉપસ્થિત હતા અને ચર્ચાનો વિષય તિથિ જેવો બહુચર્ચિત-વિવાદાસ્પદ હતો. એથી ચર્ચામાં સામેલ થનારે બોલવામાં જબરજસ્ત કુનેહ-કાબૂ ધરાવવો પડે. ત્યારે બે તિથિ પક્ષે લગભગ માત્ર પૂ.આ.શ્રી વિજય રામચન્દ્રસૂરિજી મ.સા. વક્તવ્ય કરતા. એમના સિવાય અન્ય કોઈ ખાસ વક્તવ્ય ન કરે. પરંતુ એમાં એક અપવાદ પૂ.આ. શ્રી વિજય ૐકારસૂરિજી મ.સા. હતા. એમને બોલવાનો અધિકાર અપાયો હતો. એક વાર તો એવું થયું કે તિથિચર્ચા માટે ખૂબ બધું લખતા બે તિથિપક્ષના અન્ય આચાર્યશ્રીએ કોઈ ચર્ચામાં બોલવાનું શરૂ કર્યું તો તુર્ત આ.શ્રી રામચન્દ્રસૂરિજીએ તેઓને અટકાવી દીધા : ક્યાંક બાધ્ય બને તેવું બોલી જાય એ આશંકાથી. પરંતુ આ.શ્રી ૐકારસૂરિજીને એક પણ વાર એક પણ ચર્ચામાં બોલવાનો ઈન્કાર કરાયો ન હતો."

અમે જ્યારે ગુરુમુખે આ ઘટના સાંભળી ત્યારે, આચાર્યશ્રીએ નાની વયે પ્રાપ્ત કરેલ વિષયપ્રભુત્વ અને વક્તવ્યપ્રભુત્વ અંગે માન પ્રગટ્યું. એ સંમેલન સમયે તેઓશ્રીનું વય માંડ પાંત્રીશ વર્ષનું હતું. આ વયે મૂર્ધન્ય દિગ્ગજ આચાર્યભગવંતોની પર્ષદામાં અધિકારપૂર્વક ચર્ચા કરવી એ વિશિષ્ટ પ્રજ્ઞા વિના શે સંભવે?

સમય જેમ જેમ સરતો ગયો તેમ તેમ એમની પ્રજ્ઞા એ પરિશીલનમાં રાચવા માંડી કે શ્રી સંઘમાં એકતાનું નિર્માણ કઇ રીતે થાય. ઘણા ય ની સમજ એવી છે કે તેઓશ્રીના સંઘૈક્યના પ્રયાસો છેલ્લા બે-ત્રણ વર્ષના હતા. પરંતુ અમારી સમજ એવી છે કે તેઓશ્રીના આ પ્રયાસો લગભગ દોઢ દાયકાથી વધુ સમયના હતા. અમે જ્યારે 'યુગદિવાકર' મહાગ્રન્થ લખ્યો ત્યારે અમારા વડીલ પૂ. ગુરુભગવંતોના જીવનકાળ દરમ્યાનના અનેક પત્રસંગ્રહોમાંથી પસાર થવાનું બન્યું હતું. એમાં વિ.સં.૨૦૨૭ અને વિ. સં.૨૦૩૨ ના બે-ત્રણ પત્રો આ. શ્રી ૐકારસૂરિજી મ. ના લખેલ હતા અને તેમાં, તે પછીનાં વર્ષોમાં આવનાર તિથિભેદનાં નિવારણ માટે વિચારો રજૂ થયા હતા. તેઓશ્રીને આ ભાવનાને મહદંશે મૂર્ત સ્વરૂપ આપવાની તક મળી વિ.સં. ૨૦૪૪નાં શ્રમણ સંમેલનરૂપે અને એમાં એમણે સૌથી સશક્ત-સક્ષમ ભૂમિકા અદા કરવા દ્વારા એ તકને સાર્થક પણ કરી.

જેઓ '૪૪ના શ્રમણસંમેલનમાં ઉપસ્થિત હતા તેઓને એ સુપેરે ખ્યાલ છે કે એમાં આ. શ્રી ૐકારસૂરિજી મ. ની ભૂમિકા કેવી પ્રભાવશાળી હતી. સંમેલનના અધ્યક્ષસ્થાને પૂજ્યપ્રવર આ.ભ.શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા) હતા, તો સંમેલનના **Master Mind** નાં સ્થાને આ. શ્રી ૐકારસૂરિજી મ. હતા. સંમેલનની ચર્ચાઓ-ઠરાવોથી લઇને ઠરાવોની ઉદ્‌ઘોષણા સુધી સર્વત્ર એમનું કર્તૃત્વ છવાયેલું હતું. એ પછીના બહુ જૂજ દિવસોમાં તેઓશ્રીનો એકાએક-અણકલ્પ્યો કાલધર્મ થયો ત્યારે સંઘમાં જાણે વીજળી પડી હોય એવી સ્તબ્ધતા છવાઇ ગઇ હતી. તેઓશ્રીના કાલધર્મ અંગે વિરોધીવર્ગ તરફથી અવમૂલ્યન કરે તેવી કલ્પના વહેતી થઇ હતી ત્યારે, અમારા પૂ. ગુરુદેવ આચાર્યપ્રવર શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે ગોડીજી-શ્રી વિજય દેવસૂર સંઘમાં એ જ અરસામાં યોજાયેલી પૂજ્યશ્રીની શ્રદ્ધાંજલિસભામાં તીવ્ર બહુમાનવૃદ્ધિ કરે તેવી કલ્પના રજૂ કરી હતી. તેઓશ્રીએ એ શ્રદ્ધાંજલિસભામાં કહેલું : ''તપાગચ્છ સંઘની મહદંશ એકતા સિદ્ધ કરીને પૂજ્યશ્રીએ એવું અતિ તીવ્ર પુણ્ય ઉપાર્જિત કર્યું હશે કે જેનો ભોગવટો માનવદેહે શક્ય નહિ હોય. એથી એમનું આ અચાનક દિવ્યલોકગમન થયું હશે.''

અમારું નિરીક્ષણ એ છે કે પૂજ્યશ્રીને એમના તેજસ્વી જીવનકાળ દરમ્યાન જેટલો યશ પ્રાપ્ત થયો હશે એના કરતા અધિક યશ જીવનની આ અંતિમ ઘટનામાં અર્થાત્ સંમેલનમાંની સશક્ત ભૂમિકાનાં કારણે પ્રાપ્ત થયો છે. તેઓ ત્યારથી 'સંઘએકતા શિલ્પી' તરીકે સર્વત્ર સુખ્યાત થઈ ગયા. એમાં મુખ્ય કારણ હતું એમની પ્રતિભા. આ પ્રતિભાના પ્રભાવે જ તેઓ વિધવિધ સમુદાયોના શ્રમણોનાં સંમેલનને દોરવણી આપી શક્યા હતા. તિથિપ્રશ્ને કે અન્ય પ્રશ્ને વિચારણાભેદ હોઈ શકે છે, પરંતુ તેમની નેતૃત્વશક્તિ-પ્રતિભાના મુદ્દે વિચારણાભેદ ન હોઈ શકે...

પૂજ્યશ્રીની ત્રીજી વિશેષતા હતી પ્રસન્ન અંતરંગ જગત. જે વ્યક્તિનું ભીતર પ્રસન્નતાભર્યું હોય, એનું જ બાહ્ય વ્યક્તિત્વ પ્રસન્નતાભર્યું હોય એમ સામાન્યપણે માની શકાય. પૂજ્યશ્રીનું ભીતરી વિશ્વ હશે પુષ્પ જેવું પ્રસન્ન-સદાબહાર. એથી જ એમનું બહિરંગ વ્યક્તિત્વ-મુખમુદ્રા પ્રસન્નતાથી છલકાતી જણાય છે. પૂજ્યશ્રીનું સદાનું સાન્નિધ્ય પામનાર પૂ. આ.ભ.શ્રી યશોવિજયસૂરિજી મ.સા. એમની વાચનામાં જણાવતા હોય છે કે ''સદ્ગુરુ Smiling face વાળા હોય છે.'' સંસ્કૃત સુભાષિતના શબ્દોમાં એ વિચાર ઢાળીએ તો પંક્તિ આ લખાય કે ''वदनं प्रसादसदनं'' પૂજ્યશ્રીમાં ચરિતાર્થ થતી આ વ્યાખ્યાનાં મૂળમાં એમનું ભીતરી પ્રસન્ન જગત હોવાની ધારણાને બળ મળ્યું પૂ. આ.શ્રી શીલચન્દ્રસૂરિજી મ. ના લેખમાંથી. તેઓ પૂજ્યશ્રી માટે લખે છે કે ''બે દિવસ દરમ્યાન કેટલીક તદ્દન અનૌપચારિક, હળવી, આત્મીય અને લાગણીસભર ક્ષણો તેઓ સાથે ગાળવાનો અવસર મળી ગયો. બાળક જેવું મુગ્ધ, વિસ્મયથી હર્યું-ભર્યું, પરાયાને પણ ક્ષણાર્ધમાં પોતાના કરી લે તેવું, દંભ-દંશવિહોણું તેમનું એ સ્વરૂપ એ ક્ષણોમાં સોળે કળાએ નીખરી ઊઠેલું જોઈને હૈયું તર-બ-તર બની ગયું.'' આ હતું એમનું આંતરજગત...

પ્રજ્ઞા-પ્રતિભા અને પ્રસન્નતાના પર્યાય સમા પૂજ્યશ્રીને જન્મ-શતાબ્દીએ વિનમ્ર વંદનાંજલિ.

❀ ❀ ❀



૬

## ગંગાપ્રવાહ સમા શ્રુતપ્રવાહના સ્રોત : પૂ. વર્ધમાનતપોનિધિ આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.

'નમું સૂરિરાજા સદા તત્ત્વતાજા...' પૂજાની આ પંક્તિ મજાનો નિર્દેશ કરી જાય છે કે વર્તમાન શ્રી જિનશાસનના રાજા લેખાતા આચાર્યભગવંતો કેવલ શાસનની આરાધના-પ્રભાવના-રક્ષા જ નથી કરતા, બલ્કે એની સાથે સાથે તત્ત્વનાં નિતનવાં ચિંતનોમાં અને એનાં નિરૂપણમાં પણ તરોતાજા રહે છે. શાસ્ત્રોનાં પાને સચવાયેલા પદાર્થોને એ કુશાગ્ર બુદ્ધિથી આત્મસાત્ કરે, ચિંતનની ભૂમિકાએ એને નવા નવા સંગત પરિમાણો આપે અને એને સરલરૂપે જિજ્ઞાસુઓ સમક્ષ રજૂ કરે.

આ સંદર્ભમાં આચારાંગસૂત્રમાં દર્શાવાયેલ આચાર્યભગવંતની ચતુર્ભંગી પૈકીનો પ્રથમ પ્રકાર ઉલ્લેખનીય છે. એ પ્રથમ પ્રકારમાં જણાવાયું છે કે શ્રુતપ્રવાહની અપેક્ષાએ આચાર્યભગવંતો ગંગાનદી જેવા છે. જેમ ગંગાનદીમાં નૂતન જલપ્રવાહ પદ્મદ્રહમાંથી સતત આવ્યા કરે, એમ આચાર્યભગવંતોમાં શાસ્ત્ર-સિદ્ધાંતરૂપપદ્મદ્રહમાંથી નૂતન જલપ્રવાહ સતત આવ્યા કરે અને જેમ ગંગાનદીમાંથી જલપ્રવાહ અન્ય સ્થળોમાં વહે પણ ખરો, એમ આચાર્યભગવંતોમાંથી શ્રુતપ્રવાહ પ્રવચનરૂપે-વાચનારૂપે-અધ્યાપનરૂપે-લેખનરૂપે જિજ્ઞાસુ જીવો પ્રતિ વહે પણ ખરો!

આ પરિપ્રેક્ષ્યમાં દિવંગત પૂજ્ય ન્યાયવિશારદ આચાર્યભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના જીવન પર દૃષ્ટિ કરીએ, તો એમ લાગ્યા વિના ન રહે કે આચારાંગસૂત્રનો એ પ્રથમ પ્રકાર એમના જીવનમાં ચરિતાર્થ થયો છે.ગંગાનદી જેમ નૂતન જલપ્રવાહને ઝીલવા સજ્જ હોય છે, એમ તેઓશ્રી પણ નૂતન જ્ઞાનપ્રવાહને આત્મસાત્ કરવા સજ્જ રહેતા. એની પ્રતીતિ માટે તેમના જીવનનો એક જ તપસંબંધી પ્રસંગ નોંધવો પર્યાપ્ત છે :

વિ.સં. ૧૯૯૫માં એક માસ માટે બનારસના પંડિતજી પાસે અધ્યયનનો યોગ મળ્યો ત્યારે, વધુમાં વધુ જ્ઞાનાર્જન થઇ શકે તે માટે છટ્ઠના પારણે છટ્ઠનો ક્રમ તેઓએ સ્વીકાર્યો હતો. આહારનો પણ સમય અધ્યયનમાં પ્રયોજવાની સજ્જતા તેમની જ્ઞાનપ્રાપ્તિની તમન્નાની દ્યોતક છે. બીજી વાર પણ વિ.સં. ૧૯૯૯માં આ જ કારણે લગભગ દોઢ માસ છટ્ઠના પારણે છટ્ઠ કર્યા હતા. સામાન્યતઃ સર્વત્ર એ મનોવૃત્તિ વિશેષ હોય છે કે તપ કર્યું હોય ત્યારે અધ્યયનાદિ પર પૂર્ણવિરામ યા અલ્પવિરામ હોય. જ્યારે અહીં અધ્યયનમાં વેગ માટે તપ આદરવાની વિશેષતા હતી! તપની પણ સાધના અને જ્ઞાનની પણ ઉપાસના! જાણે Two in one નો સુભગ સંયોગ.

ગંગાનદીમાંથી જલપ્રવાહ સતત અન્યત્ર વહેતો રહે એમ તેઓશ્રીમાંથી પણ જ્ઞાનનો પ્રવાહ શ્રોતાવર્ગ તરફ વહેતો રહેતો. એમાં ય મૌલિક ચિંતનના આધારે પ્રાચીન-પ્રસિદ્ધ કથાઓને અવનવા વાઘામાં સજાવીને રજૂ કરવાની પદ્ધતિ એવી અફલાતૂન તેઓને વરી હતી કે શ્રોતાવર્ગને એમાં નાવીન્યની જ અનુભૂતિ થાય.

આનાં ઉદાહરણરૂપે, અમારા ગુરુદેવ પૂજ્ય આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનાં મુખેથી સાંભળેલ પ્રસંગ ઉલ્લેખનીય છે :

પ્રાયઃ વિ.સં. ૨૦૦૭ની સાલ. અમારા પરમ ગુરુદેવ દિવંગત પૂજ્ય યુગદિવાકર આચાર્યભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તથા સ્વ. પૂજ્યશ્રીનું સંયુક્ત પ્રવચન મુંબઈ-પાયધુનીના શ્રી નમિનાથ ઉપાશ્રયે યોજાયું હતું. દિવસ હતો પરમતારક પરમાત્મા શ્રી મહાવીરપ્રભુના જન્મકલ્યાણકનો. આ સભામાં સ્વ. પૂજ્યશ્રીએ પ્રભુ મહાવીરદેવ દ્વારા ચંડકૌશિક સર્પપ્રતિબોધની કથા ચંડકૌશિકના પૂર્વભવો સાથે રજૂ કરી. કથા તો અતિ પ્રસિદ્ધ હોવાના કારણે જૈન સંઘમાં આ-બાલગોપાલને સુપરિચિત હતી. પરંતુ પૂજ્યશ્રીએ એને પોતાની ચિંતનધારાથી રંગીને 'દોષો પ્રત્યે પશ્ચાત્તાપ/નિવારણની તકેદારી ન રખાય તો એ દોષોનો ગુણાકાર આત્મામાં ઉત્તરોત્તર કેવો ગજબનાક થાય છે' તેનું સચોટ નિરૂપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની દૃષ્ટિએ હૂ-બ-હૂ કરી બતાવ્યું. એ નિરૂપણ એવું સરસ-સચોટ અને સાર્થક હતું કે શ્રોતાનું ચિત્ત ચમત્કૃત થઈ જાય.

દ્રવ્યથી ઘટના કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે ચંડકૌશિકનો જીવ જ્યારે શ્રમણના ભવમાં હતો ત્યારે તેના ક્રોધનો વિષય એક જીવ (બાલશ્રમણ) હતો. એ ક્રોધકષાયનું નિવારણ ન થયું તો કૌશિક તાપસના ભવમાં એના ક્રોધનો વિષય એક નહિ, અનેક જીવ બન્યા. જે જે રાજકુમાર આદિ બાળકો એના આશ્રમ તરફ આવે તે તે એના ક્રોધનો શિકાર બનતા. તે પછીના ચંડકૌશિક સર્પના ભવમાં એ વિષયનો વ્યાપ વધ્યો અને ધરતી પરના માનવ જ નહિ, પશુઓ પણ એના ક્રોધના વિષય બન્યા. હજુ એક પગલું આગળ વધીને આકાશમાં વિહરતા પંખીઓ પણ એના ક્રોધનું નિશાન બન્યા. આ થયો દ્રવ્યની દ્રષ્ટિએ કષાયનો ગુણાકાર.

ક્ષેત્રની ઘટના કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે શ્રમણના ભવમાં તેના ક્રોધનું ક્ષેત્ર વસતિનો-ઉપાશ્રયનો એકાદ ભૂમિભાગ હતો, કૌશિક તાપસના ભવમાં એનો ગુણાકાર થયો અને વિશાલ આશ્રમ વિસ્તાર એના ક્રોધનું ક્ષેત્ર બન્યો. જ્યારે ચંડકૌશિક સર્પના ભવમાં વિરાટ જંગલ, અરે! જંગલ જ નહિ, આકાશ પણ એના ક્રોધનું ક્ષેત્ર બની ગયું. આ થયો ક્ષેત્રની દૃષ્ટિએ ગુણાકાર.

કાળની દૃષ્ટિએ નિરૂપણ કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે શ્રમણના ભવમાં તેના ક્રોધનો કાળ પૂરો એક દિવસ ન હતો, કૌશિક તાપસના ભવમાં એનો ગુણાકાર થયો અને એક નહિ, અનેક દિવસો એના ક્રોધનો કાળ બન્યા. જે જે દિવસે એ રાજકુમારાદિને નિહાળે, તે તે દિને એ ક્રોધિત થયા વિના ન રહે. જ્યારે ચંડકૌશિક સર્પના ભવમાં તો એ પ્રતિદિન અને પ્રતિક્ષણ ક્રોધિત થતો રહેતો. આ થયો કાળની દૃષ્ટિએ ગુણાકાર.

ભાવની દૃષ્ટિએ નિરૂપણ કરતા તેઓશ્રીએ જણાવ્યું હતું કે શ્રમણના ભવમાં તેના ક્રોધની તીવ્રતા ઘા કરવાની હતી, કૌશિક તાપસના ભવમાં એનો ગુણાકાર થયો અને કુહાડી દ્વારા જાન લેવા સુધીની તીવ્રતા આવી. જ્યારે ચંડકૌશિક સર્પના ભવમાં તો એ તીવ્રતામાં એવો ઉછાળો આવ્યો કે ઝેરીલી દૃષ્ટિમાત્રથી સામા જીવના જાન લઈ લેવાની સ્થિતિ સર્જાઇ. આ થયો ભાવની દૃષ્ટિએ ગુણાકાર.

શબ્દો અલગ હશે. પરંતુ ભાવ લગભગ આ હતો. એક અતિ પ્રસિદ્ધ અને લગભગ રોજિંદા બની ગયેલ કથાનકને પણ આવા નવીન સ્વરૂપે ઘટાવીને રજૂ કરવાની આ વાત જ્યારે અમારા પૂજ્ય ગુરુદેવનાં મુખે પ્રથમ વાર સાંભળી, ત્યારે દિવંગત સૂરિદેવની નિરૂપણશક્તિ વિશે સહજભાવે જ આદર રચાઇ ગયો હતો અને એની સરખામણી આચારાંગમાં કથિત પેલી ગંગાનદીમાંથી નીસરતા જલપ્રવાહ સાથે થઇ ગઇ હતી.

પ્રત્યક્ષરૂપે તો દિવંગત પૂજ્યશ્રીનો પરિચય માત્ર એક જ વાર અને તે પણ વિહાર દરમ્યાન માર્ગમાં જ થયો હતો. કિંતુ સાહિત્યનાં માધ્યમથી પરોક્ષ પરિચય સુંદર રહ્યો છે. એનાં કારણે એક જ્ઞાની સૂરિવરરૂપેની તેઓશ્રીની છબી અંતરમાં આજે પણ અકબંધ છે. જો કે, તેઓ ૧૦૮ વર્ધમાનતપઓળીના આરાધક હોવાથી 'વર્ધમાનતપોનિધિ' રૂપે વિખ્યાત હતા. તો ચુસ્ત આચારશૈલીનાં કારણે ત્યાગી-વૈરાગીરૂપે પણ વિખ્યાત હતા. પરંતુ આપણે અહીં એમનાં જ્ઞાનનાં પાસાને અગ્રિમતા આપવા એમનાં અનુપ્રેક્ષાભર્યાં પ્રવચનને પ્રાધાન્ય આપ્યું છે.

દિવંગત સૂરીશ્વરની જ્ઞાનસાધનાને આદરભીની અંજલિ...

૭

## "મારા ગુરુમહારાજ:"
## પૂ. અનંતોપકારી ગુરુદેવ આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.

સ્મારિતશ્રુતકેવલી સમર્થ શાસ્ત્રકાર ન્યા.ન્યા. પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય'ના પ્રારંભે જ ગુરુતત્ત્વનો મહિમા પ્રબળપણે-સબળપણે પ્રસ્તુત કરતી આ સદાબહાર પંક્તિ આલેખી છે કે :-

"સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડી થકી, કરતાં સર્વ ઉપાય..."

શ્રમણજીવનનાં શૈશવમાં પ્રથમ વાર આ પંક્તિ વાંચી ત્યારે એના અક્ષરોનાં માધ્યમે ગુરુતત્ત્વની ગરિમા અંતરના આરસ પર અમીટ અંકિત થઇ ગઇ હતી. એ પછી સંયમના સળંગ પાંત્રીશ વર્ષો અખંડ સાંપડેલ ગુરુકુલવાસ દરમ્યાન ગુરુદેવનો જે વિરલ ગુણવૈભવ અને વૈવિધ્યસભર કૃપા માણી એણે અનુભૂતિનાં માધ્યમે ગુરુદેવની ગરિમા અંતસ્તલમાં કાયમી કંડારી છે. આજે એની અભિવ્યક્તિનો અવસર 'મારા ગુરુમહારાજ' પુસ્તક માટેના આ લેખનાં માધ્યમે ઉપલબ્ધ થયો છે ત્યારે 'મારા ગુરુમહારાજ' માટે આદરભાવની-અહોભાવની તર-બ-તર લાગણીઓ સાથે એમ કહેવા દિલ લાલાયિત થઇ જાય છે કેઃ-

"गुरुका ध्यान गुरुका ज्ञान, गुरु बिन हर दिन रातसमान।
गुरुकी गरिमा गुरुकी महिमा, गुरु बिन हर पल धूल समान।।"

આવો, આપણે ચાર વિભાગ દ્વારા ગુરુગુણવૈભવને અને ચાર વિભાગ દ્વારા ગુરુકૃપાને સંવેદનાસભર બનીને માણીએ :

(૧) પ્રવચનપટુતા :- 'પ્રવચનઅંજન સદ્ગુરુ જો કરે...' જેવી પંક્તિઓ ગુરુતત્ત્વ સાથે પ્રવચન-ધર્મોપદેશ પ્રબળપણે સંલગ્ન હોવાનો નિર્દેશ કરે છે. પરંતુ અમને અમારા ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.ના સંદર્ભમાં એનો વિસ્મયજનક અનુભવ થયો વિ.સં. ૨૦૪૨માં. વડોદરાના એ વર્ષનાં ચાતુર્માસની આસો માસની ઓળી. ચારિત્રપદારાધનાનો દિવસ. ચારિત્રનું-ક્રિયાનું મહત્ત્વ દર્શાવવા લૌકિક ઉદાહરણ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું :- "ધારો કે તમે ઊભા છો ત્યાંથી દશ ફુટ દૂર તમારી સો રૂ. ની નોટ પડી ગઇ છે. ખીસામાં નોટ ન હોવાથી અને દશ ફૂટ દૂર સ્પષ્ટ દેખાવાથી તમને એ જ્ઞાન બરાબર થયું કે સો રૂ.ની એ નોટ તમારી જ છે. પરંતુ આટલામાત્રથી એ નોટ તમને મળી નહિ જાય. એ માટે તમારે ચાલવું વગેરે ક્રિયા કરવી જ પડશે. આ એમ દર્શાવે છે કે જ્ઞાનની જેમ ક્રિયા-ચારિત્ર પણ ખૂબ મહત્ત્વ ધરાવે છે."

આ રૂપકના સંદર્ભને યોગ્ય રીતે પકડ્યા વિના એક શ્રોતાએ મજાકમાં કહ્યુંઃ "સાહેબજી! ધારો કે પવનનો સપાટો આવે અને નોટ ઊડતી ઊડતી આપણા સુધી આવી જાય તો પછી ત્યાં ક્રિયાનું મહત્ત્વ ક્યાં રહ્યું?" પૂજ્યશ્રીએ એના જ સૂરમાં જોરદાર ઉત્તર દીધો : "પણ ધારો કે એ પવનનો સપાટો અવળી દિશાનો હોય અને નોટ, હોય એથી પણ વધુ દૂર જતી રહે ત્યારે ક્રિયાની જરૂરિયાત પહેલા

કરતા બેગણી થઇ જાય તેનું શું?'' સમગ્ર સભા, આ 'જેવો પ્રશ્ન તેવો ઊત્તર'ની શૈલીથી ઝૂમી ઊઠી. પછી તરત જ પૂજ્યશ્રીએ સ્પષ્ટતા કરી : ''ધારો કે પવનનો સપાટો સવળી દિશાનો હોય અને નોટ આપણા સુધી આવી પણ જાય તો ય એ નોટ લેવા નીચે નમવું-હાથ લંબાવવો-નોટ ખીસામાં મૂકવી વગેરે ક્રિયા ત્યાં પણ અપેક્ષિત રહે જ છે. એથી એમાં ય ક્રિયાનું મહત્ત્વ સ્વીકારવું જ રહે..'' જો કે, લૌકિક ઉદાહરણો લોકોત્તર બાબતો સાથે સર્વાંશે બંધબેસતા થાય જ એવો નિયમ નથી. છતાં પૂજ્યશ્રીએ સર્વાંશે ઘટના જે યથાર્થરૂપે કરી એનાથી અમે ખૂબ તાજુબ-પ્રભાવિત થઇ ગયા.

પ્રવચનના સંદર્ભમાં એક અન્ય પ્રસંગ. વિ.સં. ૨૦૪૦ના ઘાટકોપર (મુંબઈ)નાં ચાતુર્માસમાં તત્ત્વજિજ્ઞાસુ શ્રાવકોએ રાત્રિપ્રવચનોની માંગણી કરતાં પૂજ્યશ્રીએ તે સ્વીકારી. ત્યાંના એક અગ્રણી શ્રાવક ભોગીલાલ ગિરધરલાલ શાહ તત્ત્વજ્ઞ અને સાથે જ સામી વ્યક્તિનું 'પાણી' માપવાની વૃત્તિવાળા હતા. પ્રથમ પ્રવચનમાં બેસતાવેંત સૌની વચ્ચે એ પરીક્ષાના સૂરે બોલ્યાઃ ''સાહેબજી! કયો વિષય લેશો?'' પૂજ્યશ્રીએ બેધડક ઉત્તર આપ્યો : ''તમે કહો તે.'' ''એમ? તો ફરમાવો 'किं तत्तं' ઉપર.''ભોગીભાઈએ કહ્યું અને પૂજ્યશ્રીએ સળંગ સવા કલાક એવું તત્ત્વનિરૂપણ કર્યું કે વ્યાખ્યાનના અંતે ભોગીભાઈએ નિખાલસતાથી કહ્યું કે ''મેં પરીક્ષા કરવા જ આ પૂછ્યું હતું. પણ આપે કમાલ કરી દીધી...'' સામાન્યતઃ અચ્છા અચ્છા પ્રવચનકારો ય પોતાના વિષયો-મુદ્દ્આઓ તૈયાર રાખીને પ્રવચન કરતા હોય છે. આમ અણધાર્યો વિષય અપાયો હોય ત્યારે વક્તા સહજપણે મૂંઝવણ અનુભવે. અમને ત્યારે અને આજે પણ પૂજ્યશ્રીની આ ઉત્સ્ફૂર્ત પ્રવચનપ્રતિભા સ્પર્શી ગઇ છે, મૂઠી ઊંચેરી લાગી છે...

(૨) પ્રભાવકતા :- ''आचार्या जिनशासनोन्नतिकराः'' પંક્તિ મુજબ શાસનોન્નતિનાં કાર્યો, એ આચાર્યભગવંતોની લાક્ષણિકતા છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં જીવનમાં અમે આ શાસનોન્નતિ બે રીતે કાર્યરત જોઈ છે : અંજનશલાકાઓ-પ્રતિષ્ઠાઓ-પદયાત્રાસંઘો-ઉપધાનતપ આદિ અનુષ્ઠાનોરૂપે અને જગડૂશાનગરતીર્થરક્ષારૂપે. અનુષ્ઠાનાદિ જો શાસનની પ્રભાવના છે, તો રક્ષા સવાયી શાસનપ્રભાવના છે. કાયદાની ચુંગાલમાં આવી જવાનાં કારણે મુંબઈ-જગડૂશાનગરના ત્રિમજલી ભવ્ય જિનાલયને જમીનદોસ્ત કરવાનો અદાલતી આદેશ આવ્યો અને એના અમલની સરકારી તૈયારીઓ થવા માંડી ત્યારે

પૂજ્યશ્રી મક્કમ નિર્ધાર સાથે ચાતુર્માસમાં જ ભાયંદરથી જગડૂશાનગર પધાર્યા, 'મંદિર બચાવ' આંદોલનનું સબળ નેતૃત્વ લીધું અને તીર્થરક્ષામહાસભામાં ૬૦ હજાર જૈનોની વિરાટ મેદની એકત્ર કરી બતાવી. અદાલતી આદેશ બદલાયો અને તીર્થરક્ષાનો જ્વલંત ઈતિહાસ સર્જાયો.

એ દિવસોમાં તીર્થરક્ષાનું શૌર્ય પૂજ્યશ્રીના શબ્દોમાં અને વર્તાવમાં અમે નીતરતું જોયું છે. 'ચિત્રલેખા' સામયિકના પત્રકારે પૂજ્યશ્રીને પ્રશ્ન કર્યો કે "મંદિર તૂટે તો મૂર્તિઓ ખસેડવાની વૈકલ્પિક વ્યવસ્થા તમે ક્યાં વિચારી છે?" પૂજ્યશ્રીએ ખુમારીથી ઉત્તર આપ્યો કે "મંદિર તૂટવાનું જ નથી. માટે મૂર્તિની વૈકલ્પિક વ્યવસ્થા વિચારવાની જરૂર જ નથી!" તો એ જ સાપ્તાહિકમાં આંદોલનના પ્રારંભિક દિવસોમાં પૂજ્યશ્રીની તસવીર પર પત્રકારે પૂજ્યશ્રીના શબ્દો ટાંક્યા હતા કે "દેરાસર પરથી આફત દૂર થશે નહિ ત્યાં સુધી હું અહીંથી જઈશ નહિ!" આ શબ્દો અક્ષરશઃ સત્ય ઠર્યા. અદાલતનો આદેશ બદલાયો, દેરાસર ભયમુક્ત થયું, પછી જ પૂજ્યશ્રીએ વિહાર કર્યો. અમે માનીએ છીએ કે પૂજ્યશ્રીનાં જીવનનું આ સર્વશ્રેષ્ઠ શાસનોન્નતિનું કાર્ય છે. એને એકદમ નિકટથી માણવાનું અને સહભાગી થવાનું સૌભાગ્ય અમને પણ મળ્યું.

(૩) પુરુષાર્થશીલતા :- 'અપ્રમત્ત જે નિત્ય રહે...' આ પંક્તિ આયુષ્યનું એક્યાશીમું વર્ષ  પૂર્ણ કરવા તરફ જતાં પૂજ્યશ્રીમાં આજે ય ચરિતાર્થ થતી અમને રોજે રોજ લાગે છે. દીક્ષા બાદ અધ્યયનનાં વર્ષોમાં તેઓ બે કલાકમાં 'સિદ્ધહેમચન્દ્ર' વ્યાકરણના છત્રીસસો સૂત્રોનો સ્વાધ્યાય 'નવકાર'ની જેમ કરી જતા. ઉપરાંત કલકત્તા University ની પરીક્ષા સમયે, સાહિત્યના-ન્યાયના ત્રેવીશ આકર સંસ્કૃત ગ્રન્થો માત્ર ૪૭ દિવસમાં તેમણે તૈયાર કર્યા હતા. જો કે, આ પુરુષાર્થ અમે પ્રત્યક્ષ નથી નિહાળ્યો. પરંતુ એંશી વર્ષની વયે, પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવ આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. કૃત સંસ્કૃત 'નવતત્ત્વ-સુમંગલાટીકા'ના દશહજાર શ્લોક પ્રમાણ ગુર્જર ભાવાનુવાદનું કાર્ય સફળ રીતે પરિપૂર્ણ કરતાં અમે એમને પ્રત્યક્ષ માણ્યા છે. અનેક અગ્રણી પૂ. આચાર્યદેવોએ એમના આ પુરુષાર્થને અનુમોદનાનાં અક્ષતવધામણાં કર્યાં. જેમાં પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.એ લખ્યું કે :- "પૂજ્યશ્રીએ આ જૈફ વયે પણ આવું ગજબનાક અને મહત્ત્વનું સર્જન કરીને વર્તમાન શ્રમણોને સાચે જ એક ઉત્તમ આલંબન પૂરુ પાડ્યું છે."

(૪) **પરિણતિ :-** 'પ્રવૃત્તિ વ્યાપાર છે, પણ પરિણતિ તો નફો છે' આ વિધાન પરિણતિની મહત્તાનું દ્યોતક છે. પૂજ્યશ્રીની ઉચ્ચતર પરિણતિ અંગે એક જ દિવસમાં થયેલ બે નમસ્કરણીય અનુભવોમાંથી એકનો અહીં ઉલ્લેખ કરીશું. વિ.સં. ૨૦૬૦. જગડૂશાતીર્થરક્ષાનાં સફળ અભિયાન બાદના થોડા જ દિવસોમાં મગજની ઉપરના ભાગે Blood clotનું નિદાન થતાં પૂજ્યશ્રીની Hinduja Hospitalમાં ભરતી કરાઈ. જોખમી Operation સવારે ૮.00 કલાકે શરૂ થવાનું હતું. તે પૂર્વે I.C.U. માં પ્રતિક્રમણથી પ્રભુદર્શન સુધીની સર્વ વિધિ પૂર્ણ કરાવીને અમે પચ્ચક્ખાણ પરાવવાની વિધિ શરૂ કરી. તુર્ત પૂજ્યશ્રીએ કહ્યુ : ''આ રહેવા દે. સાત-આઠ કલાકનું Operation ડૉક્ટરો કહે છે અને એ પછી બાર-ચૌદ કલાક મુખેથી કાંઇ લેવાનું નથી. તો પછી પચ્ચક્ખાણ ભલે રહ્યું.'' એમનો ગર્ભિત ઈશારો અમે તુર્ત સમજી ગયા કે 'કદાચ Operationમાં અજુગતું થાય તો પચ્ચક્ખાણની અવસ્થા રહે.' પૂજ્યશ્રીને પચ્ચક્ખાણ ન પરાવાયું.

પછી બન્યું એવું કે Operation ધાર્યા કરતાં સરલ નીકળતાં દોઢ કલાકમાં જ પૂજ્યશ્રીને પુનઃ I.C.U.માં લઈ અવાયા. થોડી વારે અંદરના એક પરિચારકે દર્દી બોલાવતા હોવાનું કહ્યું. અંદર જઈને અમે જોયું તો પૂજ્યશ્રીના મસ્તકે ચોતરફ પાટા વગેરે હતા. એક અક્ષર બોલાતો ન હતો. પણ Injectionથી જરૂરી ભાગ જ બધિર કરાયો હોવાથી જાગૃતિ પૂર્ણ હતી. પૂજ્યશ્રીએ અમને ઈશારાથી પચ્ચક્ખાણ પરાવવા કહ્યું. અમે આશ્ચર્યથી તપાસ કરી તો સમજાયું કે પરિચારક સમગ્ર દિવસની એકમાત્ર Teblet આપવા આવ્યો હતો. તેથી આ ઈશારો થયો હતો! પચ્ચક્ખાણ પરાવીને અમે Teblet તો આપી. કિંતુ અમારું અંતર અહોભાવથી તર-બ-તર થઇ ગયું કે પચ્ચક્ખાણ નહિ પારવાની અને પચ્ચક્ખાણ પારવાની આ ઘટનામાં પૂજ્યશ્રીની પરિણિતિનું સ્તર કેવું ઉચ્ચતમ-ઉત્તમ નિહાળવા મળ્યું...

હવે નિહાળીશું આપણે પૂજ્યશ્રીએ અમારા પર વરસાવેલ કૃપાધારાના અદ્ભુત પ્રસંગો :

(૧) **સુરક્ષાદાન :-** ભક્તને ભગવાન ભક્તવત્સલ લાગે છે, તો શિષ્યને ગુરુ શિષ્યવત્સલ લાગે છે. એનું કારણ તેવા પ્રકારની સ્વાનુભૂતિ હોય છે. અમારી આવી એક આજીવન અસરકર્તા અનુભૂતિ છે વિ.સં. ૨૦૪૮ના ચાતુર્માસ બાદની. એ ચાતુર્માસ અમે અમદાવાદ-ખાનપુર જૈન સંઘમાં હતા. ત્યાં

આસપાસમાં મુસ્લિમોની મોટી વસતિ હતી. ઈસ્વીસન હતી ૧૯૯૨ની. તા. ૬ ડિસેમ્બરે, રામજન્મભૂમિ-બાબરી મસ્જિદરૂપે ઓળખાતી ભૂમિ પરના વિવાદી માળખાનો અયોધ્યામાં ધ્વંસ થયો. અગાઉથી નિર્ધાર્યા મુજબ તા. ૭ ડિસેમ્બરે અમારે દાંતની સારવાર માટે Doctor પાસે સંપૂર્ણ મુસ્લિમ વિસ્તારમાંથી જવાનું હતું. તા. ૭ ડિસેમ્બરના અખબારોમાં હિંદુત્વની લહેરો એવી જડબેસલાખ ફેલાઈ હતી કે 'મુસ્લિમો તોફાન કરે' એવી કલ્પના સુદ્ધાં અમને ન પ્રગટી.

પૂજ્યશ્રી એમની પાટ પર ન હતા અને અમારે સમયસર પહોંચવાની ઉતાવળ હતી. એથી તરપણીદાંડો લઈને અમે સીડી ઊતરવા માંડ્યા. અચાનક પૂજ્યશ્રીએ અમને સીડી ઊતરતાં જોઈને હાક મારીઃ ‘‘રાજા! આજે ક્યાં ય બહાર ન જવાય. પરત આવી જા. ડૉક્ટર પણ દવાખાને નહિ આવ્યા હોય. આજે ચોક્કસ હિંદુ-મુસ્લિમ હુલ્લડો થશે. આપણે જોખમ નથી લેવું.’’ અખબારી અસરોનાં કારણે અમને પૂજ્યશ્રીનો ભય અસ્થાને લાગ્યો. તો ય ગુરુઈચ્છાનો આદર કરી પરત ફરી ગયા. અને... ત્રણ કલાકમાં ભયંકર હુલ્લડો અને karfueના સમાચાર આવવા માંડ્યા. જે માર્ગે અમે જવાના હતા એ જ માર્ગે કરપીણ હત્યાઓ થયાના સમાચાર બીજા દિવસના અખબારોમાં તસવીર સાથે હતા! 'કદાચ ગુરુજીની દૃષ્ટિ ન પડી હોત અને હું નીકળી ગયો હોત તો?' આ વિચારમાત્ર હૈયે ધ્રુજારી લાવી દે એવો છે. અન્ય તમામ ઉપકારો ક્ષણભર બાજુમાં રાખીને આ એક જ ઉપકાર વિચારીએ છીએ તો અમને એની સામે અમારું તમામ સમર્પણ-તમામ ગુરુભક્તિ સાવ વામણી લાગે છે...

(૨) **સંસ્કારદાન :-** ‘‘**गुरु कुंभार शिष्य घट है, घडी घडी काढे खोड**’’ આ પંક્તિ અક્ષરોરૂપે ભલે પછી વાંચી, કિંતુ અનુભૂતિરૂપે એનો સાક્ષાત્કાર અમને થયો ઠેઠ વિ.સં. ૨૦૩૯માં. વિ.સં. ૨૦૦૪માં પૂજ્યશ્રી દીક્ષિત થયા ત્યારથી પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની હયાતિ સુધીનાં તમામ ચાતુર્માસ પૂજ્યશ્રીએ પૂ.

યુગદિવાકરશ્રીની નિશ્રામાં કરીને અનન્ય સમર્પિત ગુરુભક્તિ દાખવી હોવાથી, અમને પણ દીક્ષાના પ્રારંભિક વર્ષો બહોળા શ્રમણસમુદાયમાં રહેવા મળ્યું. પૂ. યુગદિવાકરશ્રીના કાલધર્મ બાદ વિ.સં. ૨૦૩૯થી અમારાં સ્વતન્ત્ર ચાતુર્માસો પ્રારંભાયા. ચાતુર્માસમાં અમે કુલ ત્રણ શ્રમણો અને એમાં ય બાળશ્રમણ માત્ર અમે એક જ. શરૂ શરૂમાં એકલવાયાપણું લાગતાં એક સાંજે અમે પૂજ્યશ્રીને કહ્યું : ''આ એકલપણાથી હું કંટાળી જઉં છું. શું કરું?'' પૂજ્યશ્રીએ અમને એકલપણાના લાભરૂપે (૧) રમતિયાળવૃત્તિનો ત્યાગ (૨) અભ્યાસમાં એકાગ્રતા (૩) જવાબદારીનો ખ્યાલ વગેરે વાતો દશ મિનિટ એવી સચોટ સમજાવી કે એ પછી કદાપિ એકલપણું નડ્યું નહિ. ઉપરથી એકાંત-એકાકીપણું જીવનવિકાસનું માધ્યમ બની ગયું. અભ્યાસરુચિ-વ્યર્થ વાતોથી નિવૃત્તિ-સમયબદ્ધતા-જવાબદારી પૂર્ણતયા અદા કરવાની વૃત્તિ વગેરે અનેક બાબતો એ ચાતુર્માસથી એવી જડાઇ ગઇ-જોડાઇ ગઇ કે અમને યત્કિંચિત્ વિકાસયાત્રાનું પ્રારંભવર્ષ એ જ લાગ્યું છે અને એમાં સિંહફાળો નિઃશંક પૂજ્ય ગુરુદેવની મમતાસભર પ્રેરણાનો લાગ્યો છે...

(૩) **શિષ્યસંપદાદાન :-** 'શિષ્યનું સમર્પણ જેમ જેમ વિસ્તરે તેમ તેમ ગુરુની કૃપા અધિક વિસ્તરે' એમ અનુભવીજનો-જ્ઞાનીજનો કહે છે. અમારામાં સમર્પણ વિસ્તર્યું છે કે કેમ? એ હજુ કદાચ પ્રશ્નાર્થ હોઇ શકે, કિંતુ ગુરુની કૃપા તો નિર્હેતુકરૂપે અમારા પર સદા ય વિસ્તરી જ છે એ નિઃશંક છે. આનો સચોટ અનુભવ થયો વિ.સં. ૨૦૫૬ના જન્મભૂમિ ડભોઇતીર્થના ચાતુર્માસ બાદ. ડભોઇતીર્થના અને અમારા સમગ્ર સમુદાયના ઇતિહાસમાં પ્રથમવાર એક સાથે પાંચ-પાંચ બાળ-યુવાન ભાઇઓની દીક્ષા નિશ્ચિત થઇ. પૂજ્યશ્રીની પુણ્યાઇ અને અમારા પ્રથમ શિષ્ય મુનિ શ્રી રશ્મિરત્નવિજયજીનો પુરુષાર્થ આમાં કારણભૂત હતા. પરંતુ અમારામાં એકાત્મતા એવી હતી કે કયા

મુમુક્ષુને કોના શિષ્ય કરવા? એની અછડતી ચર્ચા પણ દીક્ષાની સવાર સુધી ન થઇ.

દીક્ષાદાનની સવારે સાડા સાતે અમે સહજતાથી પૂજ્યશ્રીને કહ્યું : ''આપની જ કૃપાથી આ મુમુક્ષુઓ આવ્યા છે. તો આપ કહો તેટલાને આપના શિષ્ય કરીએ.'' પ્રસન્ન હાસ્ય વેરતા પૂજ્યશ્રી બોલ્યા : ''તારા શિષ્યો મારા જ છે. એટલે ચારને તારા શિષ્યો અને રશ્મિરત્નવિ.ના સગા સાંસારિક ભાઇને એમનો શિષ્ય કરવો.'' અમે બે વાર ફેરવિચારણા માટે પૂજ્યશ્રીને વિનંતિ કરી. પણ એમણે પોતાનો નિર્ણય કાયમ રાખ્યો. આખરે દીક્ષાના વિરાટ મંડપમાં નામકરણવિધિ પ્રસંગે અમે જાહેરમાં કહ્યું : ''ગુરુરૂપે નામસ્થાપના ભલે અમારી હોય, પણ આ બધા નવદીક્ષિતોના પરમાર્થથી ગુરુ પૂજ્યશ્રી જ છે.'' શું ક્યારે ય વીસરી શકાય પૂજ્યશ્રીનો આ અમાપ ઉપકાર? નહિ જ.

(૪) શુભાશિષદાન :- ગુરુની અંતરઆશિષ તો શિષ્યની સાચી મૂડી છે અને એ સુપાત્ર શિષ્યને રોજ રોજ વણમાગી મળે જ. પરંતુ અમે અહીં જે ઉલ્લેખ કરીએ છીએ તે આનંદની પરાકાષ્ઠાએ હર્ષાશ્રુથી છલકાતી આંખે અપાયેલ શુભાશિષ છે. વિ.સં. ૨૦૬૧ના શત્રુંજયમહાતીર્થના અમારા સામૂહિક ચાતુર્માસ અને ઉપધાનતપ બાદના દિવસો. સામૂહિક ૯૯ યાત્રામાં અમને પણ ૯૯ યાત્રા દરમ્યાનના અનુષ્ઠાનરૂપ ચોવિહાર છઠ સાથેની સાત યાત્રાની ભાવના થઇ. એક ઉપવાસ પણ કરવાની અશક્તિ જોતાં, સાત યાત્રા સાથે ચોવિહાર છઠ અમારા માટે અશક્યવત્ હતો. કિંતુ દેવ-ગુરુકૃપાથી સાવ સહજતાથી એ થયો. પ્રથમ દિને છ યાત્રા બાદ અમે મુકામે આવ્યા ત્યારે ચતુર્વિધ સંઘ તો ખરો જ, પરંતુ સ્વયં પૂજ્યશ્રી અમને આવકારવા ધર્મશાળાની બહાર પધાર્યા. બે ય હાથે ભરપૂર અને વારંવાર આશીર્વાદ આપતાં તેઓનાં નયનો શબ્દશઃ અશ્રુછલકતાં હતાં. આવી જ ઘટના અમારા દ્વારા લખાયેલ સાતસો પેજના 'યુગદિવાકર' મહાગ્રન્થની પ્રથમ નકલો આવી ત્યારે બની હતી અને ક્યારેક મોટી શિબિરોનાં પ્રવચનો પછી પણ બની છે. અમને એ જીવનની ધન્યતમ ક્ષણો અને મોંઘેરી મૂડી લાગી છે.

'મારા ગુરુમહારાજ' અંગેની અને એમની સાથેની અંગત ક્ષણોનું આ સંવેદનસભર બયાન સમાપ્ત કરતા અનુભૂતિનાં સૂરે એ જ કહીશું કે : ''गुरुकृपा हि केवलं, परं शिष्यस्य मङ्गलम्.''



૮

# તપાગચ્છનો તાજ : શ્રી તપાગચ્છીય પ્રવરસમિતિ

સંવત્પ્રવર્તક મહાન શાસનભક્ત સમ્રાટ વિક્રમાદિત્યનાં જીવનમાં પંચ દંડની પ્રાપ્તિના અદ્ભુત અને રૂવાડાં ખડાં કરી દે-હૈયાંની ધડકન વધારી દે એવી સાહસિકતાથી ભરપૂર પ્રસંગો મળે છે. વીતેલા યુગના ગુજરાતના સુપ્રસિદ્ધ કથાસાહિત્યકાર શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીએ એમના 'પરદુઃખભંજનઃ વિક્રમ' પુસ્તકમાં એ પાંચે ય ચમત્કારિક શક્તિસભર દંડોની પ્રાપ્તિની ઘટનાઓ બહુ રોમાંચક અને હૃદયંગમ શૈલીમાં વર્ણવી છે.

એ પાંચે ય અજાયબ દંડોને રત્નમય છત્રમાં મઢાવીને એ છત્ર સમ્રાટ વિક્રમાદિત્ય મસ્તકે ધરાવતા હતા. રાજસભામાં સ્વર્ણમઢ્યાં સિંહાસને વિરાજમાન સમ્રાટ પર જ્યારે એ પંચદંડમય છત્ર ધરાય ત્યારે સભાજનોને સમ્રાટ જાણે સાક્ષાત્ ઈન્દ્ર હોય એવી પ્રતીતિ થતી. કહેવાય છે કે સૈકાઓ બાદ એ સિંહાસન રાજા ભોજને ધરતીના પેટાળમાંથી મળ્યું અને હર્ષઘેલા રાજા ભોજ એના પર આરૂઢ થવા ગયા ત્યારે સિંહાસનની એકેક પૂતળી રાજા ભોજને અટકાવતી કે ''તેં પંચદંડનું છત્ર ધરાવનાર રાજા વિક્રમ જેવા પરાક્રમો કર્યા હોય તો જ આ સિંહાસન પર બેસજે, અન્યથા આ સિંહાસન પર બેસવાનો મોહ છોડી દેજે.'' એ પછી એકેક પૂતળી સમ્રાટ વિક્રમાદિત્યની એકેક પરાક્રમકથા વર્ણવતી. જે બત્રીશ પૂતળીની કથા તરીકે પ્રસિદ્ધ છે..

અતીતની અટારીએ ઝૂલતી પંચદંડના છત્રની આ ઘટના યાદ આવે છે 'તપાગચ્છીય પ્રવરસમિતિ'ના પાંચ પૂજ્યપ્રવર ગચ્છાધિપતિ સૂરિભગવંતોનાં ગુણસંકીર્તનની આ ક્ષણે. કારણ કે એ પંચદંડને શિરચ્છત્રરૂપે સ્થાપીને સમ્રાટ વિક્રમાદિત્ય જેમ ગૌરવનો અહેસાસ કરતા હતા એમ આ પ્રવરસમિતિના પાંચ સૂરિભગવંતોને શિરચ્છત્રરૂપે સ્થાપીને, સાંપ્રત પ્રભુશાસનના ચારે ય વિભાગોમાં સૌથી મોટા ગચ્છરૂપે સ્થાન-માન ધરાવતો પ્રભુની મૂળ પટ્ટપરંપરાનો વારસદાર તપાગચ્છીય સંઘ પણ ગૌરવનો અહેસાસ કરે છે. ફર્ક માત્ર એટલો જ છે કે વિક્રમાદિત્યના પાંચ દંડો સાથે માત્ર ચમત્કારિક શક્તિની કથા ગુંથાયેલી છે, જ્યારે પ્રવરસમિતિના પાંચ પૂજનીય સૂરિભગવંતો સાથે વિશિષ્ટ આરાધકતાની-સહિષ્ણુતાની-શ્રુતની-સંયમની-શાસનસેવાની-શાસનપ્રભાવનાની કથાઓ ગુંથાયેલી છે. અલબત્ત, અમે અહીં-આ લેખમાં એ દરેક સૂરિભગવંતોની દરેક વિશિષ્ટતાઓને અલપ-ઝલપ આલેખવા ચાહીએ તો ય સ્થળસંકોચવશ આલેખી શકવાના નથી. એથી પંચમહાભૂતનાં એકેક તત્ત્વની વિશિષ્ટતા સાથે એકેક સૂરિભગવંતની વિશિષ્ટતા તેઓશ્રીના એકેક જીવનપ્રસંગો દ્વારા સરખાવીને એમનું ગુણસંકીર્તન કરીશું. એમાં પણ અમે પંચ મહાભૂતોના નહિ,

સૂરિભગવંતોના વડીલક્રમ અનુસારે પ્રસ્તુતિ કરીશું. આવો, આપણે એ ગુણસંકીર્તનનો મજાનો રસાસ્વાદ માણીએ...

* * *

પંચ મહાભૂતમાં એક તત્ત્વ છે પૃથ્વી. લોહ વગેરે તત્ત્વોથી લઈને સુવર્ણ જેવી મૂલ્યવાન ધાતુ પૃથ્વીના પેટાળમાંથી મળી રહે છે, તો મૂઠીભર ધાન લઈને મણભર ધાન વળતરરૂપે આપવાની કમાલ પણ પૃથ્વીમાં મળી રહે છે. આ પૃથ્વીની સહુથી મહાન વિશેષતા જો કોઈ હોય તો તે છે સહિષ્ણુતા. જિનાલયાદિનાં નિર્માણની પૂર્વવિધિરૂપે વ્યક્તિ એ પૃથ્વીની સોના-રૂપાથી પૂજા કરે કે ખનનવિધિ સમયે કોદાળીથી-શસ્ત્રોથી એના પર પ્રહાર કરે : પૃથ્વી એ બન્નેને સમભાવે સહન કરે છે. પૃથ્વી પર અભિષેક કરાય કે આગ લગાવાય, એનો ધર્મ માત્ર એક જ હોય છે અને એ છે સહિષ્ણુતા. આ જ કારણથી સંસ્કૃતભાષામાં પૃથ્વીને એક પર્યાયી નામ અપાયું છે 'સર્વંસહા'. જે બધું જ સહન કરી લે એને કહેવાય સર્વંસહા. સ્વયં પરમાત્મા તીર્થંકરભગવંતોની સહિષ્ણુતાને સમજાવવા શાસ્ત્રો આ પૃથ્વીને યાદ કરે છે. 'અરિહંતવંદનાવલિ'માં આ પૃથ્વીની ઉપમા સાથે પ્રભુની સહિષ્ણુતા સમજાવાઈ છે કે ''જેની સહનશક્તિ સમીપે પૃથ્વી પણ ઝાંખી પડે.''

આ પૃથ્વીતત્ત્વની સહિષ્ણુતા જેવી વિશેષતા છે તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજની. આવી પ્રતીતિ કરાવે તેવી એક હૃદયગંમ ઘટના જણાવી આ. શ્રી ઉદયકીર્તિસાગરસૂરિજી મહારાજે. લગભગ પાંત્રીશ વર્ષ પૂર્વેની એ ઘટના. ગ્રામ્યવિસ્તારમાંથી પૂજ્યશ્રીની વિહારયાત્રા જારી હતી. વહેલી સવારનો સમય. વળી ઠંડીના દિવસો, એથી કામળી વગેરે દ્વારા પૂજ્યશ્રીનું મુખ આચ્છાદિત હતું. અચાનક ખેતરમાં એક ઝૂંપડી પાસે બેસેલી નાનકડી બાળા ગભરાટથી ચિલ્લાવા માંડી કે ''બાવો આવ્યો...બાવો આવ્યો.'' એની ચીસાચીસ સાંભળી ઝૂંપડીમાંથી એનો પિતા બહાર ધસી આવ્યો. એ ધર્મવંચિત જડભરત હશે. એથી ગુસ્સામાં ને ગુસ્સામાં અપશબ્દોની બોછાર વરસાવવા માંડ્યો. પણ પૂજ્યશ્રી શાંત : જાણે સર્વંસહા પૃથ્વી.

યાદ આવે અહીં પવિત્ર આગમગ્રન્થ દશવૈકાલિક સૂત્રની આ ગાથા કે :-

समावयंता वयणाभिघाया, कण्णंगया दुम्मणियं जणंति।
धम्मुत्ति किच्चा परमग्गसूरे, जीइंदिये सच्चरअे स पुज्जो।।

ગાથા કહે છે કે અપશબ્દો-અભિઘાત કરે તેવાં વચનો કર્ણપટ પર અથડાય ત્યારે મન વ્યગ્ર-દુર્વિચારગ્રસ્ત બની જાય. એ ક્ષણે પણ 'સહન કરવું એ મારો ધર્મ છે' એમ માની જે શ્રમણ શૂર બનીને એ સહી લે એ પૂજ્ય છે-વંદનીય છે.

પૂજ્યશ્રી તો જાણે આ શાસ્ત્રવચન યાદ કરીને સહી રહ્યા-શાંત રહ્યા. પરંતુ પેલા ગ્રામીણ ખેડૂતે ભારે કરી. અપશબ્દો બોલતા બોલતા એ પૂજ્યશ્રીની નજીક ધસી આવ્યો અને આંખના પલકારમાં જોશભેર એક તમાચો ઝીંકી દીધો! પૂજ્યશ્રી તો ય મૌન! ફરી યાદ આવે અહીં દશવૈકાલિક સૂત્રની અન્ય એક ગાથા કે :-

जो सहइ उ गामकंटए, अक्कोसपहारतज्जणाओ अ।
भयभेरवसद्दसप्पहासे, समसुहदु:क्खसहे य जे स भिक्खु।।

ગાથા નિર્દેશ કરે છે કે જે સાધક અન્યોના આક્રોશ-પ્રહાર-તર્જના પણ સમતાથી સહન કરે અને સમત્વબુદ્ધિથી સુખ-દુઃખ બન્ને સહે એ સાચો ભિક્ષુ-સાચો શ્રમણ છે. પૂજ્યશ્રીએ એ તમાચો સહી લીધો અને કોઈ પ્રતિક્રિયા આપ્યા વિના આગળ વધ્યા. થોડે દૂર રહેલ અન્ય શ્રમણોએ આ દૃશ્ય જોયું. એમણે ગામમાં ગયા બાદ શ્રાવકોને જણાવ્યું. શ્રાવકો પેલા ખેડૂતને પકડી લાવ્યા અને પોલીસફરિયાદ કરવા તૈયાર થઈ ગયા. ત્યાં પૂજ્યશ્રી વચ્ચે આવ્યા. એમણે કોઈ જ ડંખ વિના શ્રાવકોને કહ્યું : ''જવા દો, એ બિચારો અજ્ઞાન છે.'' અને... ખરેખર એ ખેડૂતને જતો કરાયો. જાણે અહીં પેલી પંક્તિ ચરિતાર્થ થઈ કે ''समयाए समणो होइ.'' સમતાથી શ્રમણ બનાય છે.

* * *

પંચહાભૂતનું અન્ય એક તત્ત્વ છે અગ્નિ. શિયાળાની હાડ થીજવતી ઠંડીમાં હૂંફ આપવાનું કાર્ય એ કરે છે, તો અલગ અલગ કડક ધાન્યોને સુપાચ્ય

ભોજનદ્રવ્યોમાં પરિણમાવવામાં એની ઉપયોગિતા અનિવાર્ય બની રહે તેવી છે. ખાણમાંથી નીકળેલ સુવર્ણમાં ઓતપ્રોત થઇ ગયેલા મલિન અંશોને તે એ હદે બાળીને ખાખ કરી દે છે કે સુવર્ણ સો ટચનું શુદ્ધ બની જાય. પરંતુ એની સૌથી મોટી વિશેષતા અમારી દૃષ્ટિએ એક છે અને તે છે પ્રકાશ. અગ્નિ જ્યારે દીપકની-ફાનસની-મીણબત્તીની-મશાલની જ્યોતરૂપે હોય છે ત્યારે એનાં કારણે કમાલ એ સર્જાય છે કે આસપાસમાંથી અંધકારનું અનિષ્ટ હટી જાય છે. એ જ્યોતિર્મય અગ્નિતત્ત્વ જેવું છે જ્ઞાન. એનું કાર્ય પણ અજ્ઞાનાંધકાર દૂર કરીને ભીતરી પ્રકાશ પાથરવાનું છે. એથી જ 'ज्ञेयभावप्रदीपं' અને 'नाणं पयासगं' જેવી અનેક પંક્તિઓમાં જ્ઞાનને દીપકની ઉપમા અપાઇ છે.

શાસનસમ્રાટ સમુદાયના ગચ્છનાયક પૂ.આ.ભ.શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની વિશેષતા છે આ જ્ઞાનજ્યોતિની. સાંપ્રત મૂર્તિપૂજક પરંપરાના શ્રમણ સંઘના નિકટના ભૂતકાળનો તટસ્થ ઇતિહાસ જાણનારને એ ખ્યાલ છે કે ઠોંસ અભ્યાસની જડબેસલાખ પરિપાટી સર્જવાનું કાર્ય કર્યું હતું શાસનસમ્રાટ પૂ.આ.ભ.શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજે. એનાં જ કારણે એમના શિષ્યરત્નો વિવિધ વિદ્યાશાખાઓના વ્યુત્પન્ન વિદ્વાનો બન્યા હતા. પૂજ્યશ્રી એ પરિપાટીના યુગમાં દીક્ષિત થયેલ હોવાથી એમને પણ એ જ્ઞાનવારસો સરસ સાંપડ્યો છે. પ્રાકરણિક-આગમિક-કાર્મગ્રન્થિક સાહિત્યનો તો એમનો અભ્યાસ છે જ. પરંતુ એમનો મુખ્ય વિષય છે સંસ્કૃત વ્યાકરણનો. સંસ્કૃત વ્યાકરણની કઠિન પરીક્ષાઓ ઉત્તીર્ણ કરીને તેઓ અધિકૃતપણે 'વ્યાકરણાચાર્ય'નું બિરુદ પામ્યા છે. આનાં કારણે, સંઘમાં પ્રચલિત સૂત્રોમાં કોઇ ને કોઈ કારણસર આવી ગયેલ છંદસંબંધી-વ્યાકરણસંબંધી-અર્થસંબંધી વિસંગતિઓને તેઓ આસાનીથી પરખીને સુધારી શકે છે. જો કે, એના માટે પણ તલ્લીન શ્રવણ-ચિંતન વગેરે જરૂરી બને જ. તે વિના પ્રવાહરૂપે ચાલી આવતી બાબતોની ક્ષતિઓ ખ્યાલમાં આવવી અને સુધારવી શક્ય નથી. થોડા માસ પૂર્વે, પૂજ્યશ્રીએ એક લેખ દ્વારા આવી કેટલી ય બાબતો પ્રસ્તુત કરી હતી. આપણે એમાંથી છંદ-અર્થ અને વ્યાકરણનું સંમાર્જન કરતી એકેક ઝલક નિહાળીએ :

* ‘સંતિકરં સ્તોત્ર’માં પાંચમી ગાથાની પ્રથમ પંક્તિ ‘‘रक्खंतु मम रोहिणी’’ આ રીતે બોલાય છે અને મુદ્રિત થાય છે. આચાર્યશ્રી આમાં ‘मम’ની જગ્યાએ ‘ममं’ પાઠ દર્શાવીને કહે છે કે આવું કરીએ તો જ એ છંદ માટે જરૂરી બાર માત્રા થાય. આમાં છે છંદસંબંધી ક્ષતિની વિચારણા.

* ‘વિશાલ લોચન૦’ સૂત્રની છેલ્લી ગાથાની ત્રીજી પંક્તિમાં ‘दिनागमे’ શબ્દ બોલાય છે અને પુસ્તકોમાં મુદ્રિત થાય છે. પૂજ્યશ્રી ત્યાં હસ્તલિખિત પ્રતના આધારે ‘जिनागमं’ શબ્દ સૂચવે છે. સંસ્કૃતના અભ્યાસીઓ સમજી શકશે કે એ ગાથાના બાકીનાં બધાં વિશેષણોને આ સુધારાથી એક વિશેષ્ય મળી રહે છે. એથી સ્પષ્ટ વિશેષ્યની દૃષ્ટિએ આ સુધારો સુયોગ્ય છે. [સુધારો કર્યા વિના પણ અર્થસંગતિ શક્ય છે. પરંતુ એમાં વિશેષ્ય સ્પષ્ટ નથી સમજાતું.]

* ‘બૃહત્ શાંતિ’ સ્તોત્રની એક ગાથામાં ‘राजाधिपानां शान्तिर्भवतु’ અને ‘राजसन्निवेशानां शान्तिर्भवतु’ પાઠ બોલાય છે-મુદ્રિત થાય છે. ગુજરાતીભાષામાં જેમ ‘રાજ’ અને ‘રાજ્ય’ એક અર્થમાં પ્રયોજી શકાય છે તેવું સંસ્કૃત ભાષામાં નથી થઈ શકતું. પૂજ્યશ્રીએ વ્યાકરણસંબંધી આ ક્ષતિ માટે ‘‘राज्याधिपानां शान्तिर्भवतु’’ અને ‘‘राज्यसन्निवेशानां शान्तिर्भवतु’’ પાઠ દર્શાવીને વ્યાકરણસંબંધી સંમાર્જન કર્યું છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં શ્રુતનાં-અધ્યયનના ચાર મહત્ત્વના લાભો દર્શાવાયા છે કે :-

नाणमेगग्गचित्तो य, ठिओ य ठावइ परं।
सुयाणि य अहिज्जित्ता, रओ सुयसमाहिए।।

આ ગાથામાં બીજો લાભ દર્શાવાયો છે એકાગ્રતાનો. જે જ્ઞાની-શ્રુતાભ્યાસી બને એનામાં એકાગ્રતા આવે. પૂજ્યશ્રીની એ એકાગ્રતાની ઝલક આપણને પૂજ્યશ્રીનાં ઉપરોક્ત સંમાર્જનોમાં સરસ પ્રતિબિંબિત થતી નિહાળવા મળે છે. સ્વાભાવિક જ છે કે પરિણતિની વિશુદ્ધિ કરે એવા ગ્રન્થોનાં અધ્યયન-અધ્યાપનમાં આ એકાગ્રતા સ્વ-પરની પરિણતિને ઉત્તમતા બક્ષવામાં અત્યંત

મહત્ત્વનું પરિબળ બની રહે. 'ઉપદેશમાલા' ગ્રન્થની કેટલીક ટકોરાબંધ બની રહે તેવી પરિણતિસંબંધી ગાથાઓ અંગે પૂજ્યશ્રીએ કરેલ નિર્દેશ અમારાં આ અનુમાનને બળ અર્પે છે...

* * *

પંચમહાભૂતનું એક તત્ત્વ છે વાયુ. સતત પ્રવાસ કરી રહેલ પ્રવાસીને પ્રસ્વેદ-કંટાળો-થાકથી દૂર રાખીને શાતા-સ્ફૂર્તિ આપવાનું કાર્ય આ વાયુ કરે છે, તો અપ્રતિબદ્ધ રહેવાનો સરસ આદર્શ આપવાનું કાર્ય પણ આ વાયુ કરે છે. સાધનાનિમગ્ન પરમાત્મા તીર્થંકરદેવોની વંદનીય અવસ્થાનાં વર્ણન માટે જે તત્ત્વોનો ઉપમાઓરૂપે ઉપયોગ કરાયો છે એમાંનું એક તત્ત્વ છે આ વાયુ. 'કલ્પસૂત્ર'માં પ્રભુ મહાવીરદેવ માટે લખાયું છે કે પ્રભુ વાયુ જેવા અપ્રતિબદ્ધ છે. વાયુ જેમ અપ્રતિબદ્ધવિહારી છે, તેમ પ્રભુ પણ અપ્રતિબદ્ધવિહારી હતા. બન્નેને કોઇ પ્રતિબંધક-અવરોધક બાબતો ન નડે.

તપાગચ્છની સૌથી પ્રાચીન પરંપરા ધરાવતા ડહેલાના સમુદાયના ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.ની વિશેષતા છે આ વાયુતત્ત્વ જેવી. વાયુને જેમ કોઇ પ્રતિબંધક તત્ત્વ ન નડે, તેમ પૂજ્યશ્રીના પુણ્યને ય કોઇ પ્રતિબંધક તત્ત્વો નડતા નથી. આ નિર્મલ-પ્રબળ પુણ્યનાં કારણે લોકનજરમાં જેને વિશિષ્ટ ઉપલબ્ધિઓ ગણી શકાય તે એમને પ્રમાણમાં નાની વયે સંપ્રાપ્ત થઇ છે. માત્ર બાવીશ વર્ષના સંયમપર્યાયમાં ગુરુદેવ દ્વારા આચાર્યપદાલંકરણ હો કે ગુરુદેવના કાલધર્મના બે જ વર્ષમાં તપાગચ્છીય સંઘના સૂરિભગવંતોની સર્વોચ્ચ 'તપાગચ્છીય પ્રવર સમિતિ'માં સ્થાન હો : આવી આવી ઘટનાઓ પૂજ્યશ્રીના પ્રતિબંધથી-અવરોધથી મુક્ત પુણ્યની દ્યોતક છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ઉપરોક્ત બેમાંથી એક પણ બાબતમાં પૂજ્યશ્રીએ પુરુષાર્થ કર્યો નથી : જાણે કે એમનાં પુણ્યે જ પુરુષાર્થ કરી લીધો હતો. માંગીને યા પ્રયત્નો કરી કરીને કોઇ પદ-કોઇ સ્થાન પ્રાપ્ત કરાય એ અલગ છે અને કોઇ પુરુષાર્થ વિના સ્વતઃ ઉપલબ્ધિ થાય એ સાવ અલગ-મહાન બાબત છે. આ પૈકી જે બાબતે અમે સ્વયં સક્રિય હતા-સાક્ષી હતા તે બાબતનો અહીં ઉલ્લેખ કરીએ.

એ બાબત એટલે 'તપાગચ્છીય પ્રવરસમિતિ'માં પૂજ્યશ્રીનું સ્થાન.

વિ.સં. ૨૦૬૩. મુંબઇ-પાર્લા સંઘમાં તપાગચ્છની મૂલ પરંપરાના અઢાર સમુદાયોના મુખ્ય મુખ્ય ઘણા આચાર્ય-ભગવંતોનું બૃહદ્ મિલન યોજાયું હતું. એ મિલન મધ્યમ કક્ષાનું શ્રમણસંમેલન કહી શકાય તેવું હતું. કેમ કે એમાં તત્કાલીન તપાગચ્છાધિપતિશ્રી સહિત અન્ય વિવિધ મોટા સમુદાયોના ગચ્છાધિપતિઓ આદિની પણ ઉપસ્થિતિ હતી. વડીલોની કૃપાપ્રસાદીનાં કારણે એમાં તથા વિ.સં. ૨૦૭૨ના શ્રી સિદ્ધક્ષેત્રનાં બૃહત્ શ્રમણસંમેલનમાં ઠરાવોનું સ્વરૂપ નક્કી કરવાની અને ઠરાવો લખવાની કાર્યવાહી અમને સુપરત કરાઈ હતી.

પાર્લાના એ બૃહદ્ મિલનમાં એક દિવસ બપોરના ચર્ચાસત્રમાં અમે વિષય રજૂ કર્યો 'તપાગચ્છીય પ્રવરસમિતિ'ની સંરચનાનો. કેમ કે વિ.સં. ૨૦૪૪નાં શ્રમણસંમેલનમાં સર્વપ્રથમ રચાયેલ પ્રવરસમિતિનું અસ્તિત્વ બહુ અલ્પ સમયમાં જ સમાપ્ત થઇ ગયું હતું. આ પ્રવરસમિતિની જે પરિકલ્પના વિચારરૂપે અમે પ્રસ્તુત કરી, એને ત્યાં ઉપસ્થિત સર્વ ગચ્છાધિપતિઓ-સૂરીશ્વરો-પદસ્થાદિ ભગવંતોનું સર્વાનુમતે સમર્થન મળ્યું અને એ બૃહદ્ મિલનની ફલશ્રુતિસભામાં અન્ય ઠરાવોની સાથે પ્રવરસમિતિના ઠરાવની પણ ઘોષણા થઈ. એ પરિકલ્પનાના એક ભાગરૂપે પૂજ્ય ગચ્છાધિપતિ આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.ને પણ પ્રવરસમિતિના પાંચ પૈકી એક આચાર્ય ભગવંતરૂપે માનવંતું સ્થાન મળ્યું. પાર્લાનું આ બૃહદ્ મિલન થયું ત્યારે પૂજ્યશ્રી તો ઔરંગાબાદમાં ચાતુર્માસ વિરાજતા હતા. ન તો એમની પાર્લામાં ઉપસ્થિતિ હતી, કે ન તો એમણે આ પ્રવરસમિતિ અંગે અમને આછેરો ઈશારો કર્યો હતો. પ્રવરસમિતિમાં પૂજ્યશ્રીનાં નામની ઉદ્‌ઘોષણા થઈ તે પછી એમને એ સમાચાર મળ્યા!

તે પછી યોજાયું વિ.સં.૨૦૭૨માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં લગભગ સાતસો શ્રમણભગવંતોનું સુદીર્ઘ અને બૃહત્ સંમેલન. તેમાં 'પ્રવરસમિતિ'નો વિષય લેવાયો હતો. કેટલા ય ને એમ લાગતું હતું કે આ બૃહત્ શ્રમણસંમેલન છે અને તેમાં 'પ્રવરસમિતિ' સંબંધે કોઈ ને કોઈ ફેરફાર આવશે જ. પરંતુ એમાં પણ બહુ **Smoothly**–સૌજન્યથી પ્રવરસમિતિની પૂર્વરચના બરકરાર રહી. અમે અંગતપણે એમ માનીએ છીએ કે આમાં, કોઈ પ્રતિબંધક બાબત ન નડે એવા પૂજ્યશ્રીના પુણ્યની કમાલ હતી.

એ જ '૭૨નાં શ્રમણસંમેલન દરમ્યાન એક દિવસે સવાર સવારમાં અમારા સહિત થોડા આચાર્યોને મળવાનું હતું અને નવકારશી બાદ પણ ફરી મળવાનું હતું. સંમેલનના રોજ-બ-રોજના ચર્ચાસત્ર પહેલા આ બે બેઠક હતી. એથી એમાં જોડાનારે સમય ખાસ સચવવાનો હતો. નવકારશી પછીની બેઠકમાં પૂજ્યશ્રીને પધારવામાં પાંચ મિનિટ વિલંબ થયો. પરસ્પર આત્મીયતા હતી. એથી અમે હળવાશથી કહ્યું : "સાહેબ! **Late** કેમ થયા?" પૂજ્યશ્રીએ ઉત્તર આપ્યો કે "મારે કાયમ બિયાસણા ચાલે છે. એથી જરા વિલંબ થયો." અમારું મસ્તક ઝૂકી ગયું સંમેલનના કાર્યવાહક તરીકે ઘણી બધી જવાબદારીઓ વચ્ચે ય નિયત તપમાં બાંધછોડ ન કરવાની પૂજ્યશ્રીની પરિણતિને. પછી જાણવા મળ્યું કે તેઓશ્રી સળંગ પચીશ વર્ષોથી **Minimum** બિયાસણા તો કરે જ છે. પુણ્ય બાહ્ય પ્રગતિનું પરિબળ છે, જ્યારે આ પરિણતિ અભ્યંતર પ્રગતિનું પરિબળ છે...

* * *

પંચમહાભૂતનું અન્ય એક તત્ત્વ છે જલ. અઢળક ઉપયોગિતા છે આ જલતત્ત્વની. પ્રવાસ કરી કરીને પરિશ્રાંત અને તૃષાતુર થયેલ પથિકને તૃપ્તિ આપવાનું કાર્ય આ જલ કરે છે, તો મલિન દેહને અને મલિન વસ્ત્રોને સ્વચ્છ કરવાનું કાર્ય પણ આ જલ કરે

છે; સૂકીભઠ ધરતીને હરિયાળી બનાવી દેવાનું  કાર્ય જલ કરે છે, તો જગતની જીવાદોરી બનવાનું કાર્ય પણ આ જલ કરે છે. કોઇ પૂછે કે જલનો મૂલભૂત સ્વભાવ કયો? તો બેધડક કહી શકાય કે શીતલતાનો. અગ્નિ સાથેના સંપર્કથી ગરમ થવું એ તો એનો વિ-ભાવ છે, સ્વ-ભાવ નહિ. એથી જ ગરમ થયેલ પાણીને ઠાર્યા વિના એમ જ મૂકી રખાય તો ય એ થોડા કલાકમાં આપોઆપ ઠંડું-શીતલ થઇ જાય છે.

શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિસમુદાયના ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની વિશેષતા છે આ જલતત્ત્વ જેવી. એમનું 'પ્રશાંતમૂર્તિ' વિશેષણ જ એમના સ્વભાવની શીતલતાનું પરિચાયક છે. પૂજયશ્રીને નિકટથી જાણનાર-માણનાર એમના સમુદાયના મહાત્માઓ તેઓની વિશેષતાઓ ઉજાગર કરવાના સમયે તેઓના પ્રશમભાવને-સ્વભાવની શીતલતાને ખાસ પ્રસ્તુત કરે છે. અમે વિ.સં. ૨૦૭૭માં મુંબઇ-ઘાટકોપરના શ્રી મુનિસુવ્રતમહાજિનાલયના પ્રતિષ્ઠાસુવર્ણમહોત્સવ સમયે એક જ ઉપાશ્રયમાં સાથે સ્થિરતા કરી હતી અને એક જ પ્રવચનપીઠ પરથી પ્રવચનો કર્યા હતા. અવસ્થાવશ પૂજયશ્રીએ માત્ર પાંચેક મિનિટ પ્રવચન ફરમાવ્યું. પરંતુ એમાં તેઓએ બે વાત મજાની કહી. એક, જીવનમાં પ્રસન્નતા જોઇતી હોય તો મગજને રાખો Ice-factory અને જીવનમાં લોકપ્રિયતા જોઇતી હોય તો જીભને રાખો sugar-factory. મગજને Ice-factory રાખવાનો અભિગમ પૂજયશ્રીએ એવો મસ્ત આત્મસાત્ કર્યો છે કે કદાચ એની સામે જલતત્ત્વ પણ ઝંખવાઇ જાય. કેમ કે પાણી અગ્નિના સંયોગવશ ગરમ થઇ જાય છે, જ્યારે પૂજયશ્રી પ્રતિકૂળ સંયોગવશ પણ શાંતિ-શીતલતા બરકરાર રાખી શકે છે. નિહાળીએ પૂજયશ્રીનાં જીવનનો આવો એક પ્રસંગ :

દાયકાઓ પૂર્વે એક વાર એવું બન્યું કે પૂજયશ્રીનું ચાતુર્માસ જે સંઘમાં નિશ્ચિત થયું હતું ત્યાંના અગ્રણીઓ કર્કશ અને આખાબોલી પ્રકૃતિના હતા. એમણે પૂજયશ્રીને સાફ પરખાવ્યું કે 'ચાતુર્માસમાં અમારે ત્યાં પાંચથી વધુ મહાત્માઓ સાથે ન આવશો. અમારો સંઘ નાનો છે. અમારે વધુ બોજ ન જોઇએ.'' એ તબક્કે

પૂજ્યશ્રી પાંચ મહાત્માઓ સાથે ચાતુર્માસ કરવાના હતા. એથી આ વાતમાં કાંઇ તકલીફ ન હતી. પરંતુ એ પછી ચાતુર્માસના દિવસો નિકટ આવ્યા ત્યારે ગુરુદેવે એમને આજ્ઞા કરી કે ''પાંચ વૃદ્ધ મહાત્માઓની શુશ્રૂષા-કાળજી તમારી સાથેના વૃંદે કરવાની છે એથી તમારે એમને ચાતુર્માસમાં સાથે રાખવાના છે.'' પૂજ્યશ્રીએ ''आज्ञा गुरूणां ह्यविचारणीया''નો ભાવ રાખી ગુરુવચન તહત્તિ કરી મનોમન નિર્ણીત કર્યું કે સંઘના અગ્રણીઓને શાંતિથી સમજાવી દેવા.

પરંતુ દશ મહાત્માઓની વાત જાણીને પેલા અપરિણત અગ્રણીઓ ભડકી ઉઠ્યા અને જેમ તેમ બોલવા માંડ્યા કે ''અમે પહેલેથી જ સ્પષ્ટતા કરી હતી તો ય તમે અમારા માથે બોજ નાંખો છો. અમે કાંઇ જવાબદારી નહિ લઇએ. પાછળથી ફરિયાદ ન કરતા.'' એમનાં કડવાં વેણ વચ્ચે ય પૂજ્યશ્રી શાંત-શીતલ-સ્વસ્થ રહ્યા, જરા ય ઉશ્કેરાયા નહિ. જાણે કે એ 'કલ્પસૂત્ર'નું પેલું વચન સ્મરણમાં રાખી રહ્યા હશે કે ''जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा'' મતલબ કે જે ઉપશાંત રહે છે એને આરાધનાનો લાભ થાય છે, જે ઉપશાંત રહેતા નથી તેને આરાધનાનો લાભ થતો નથી.

પોતાની ઇચ્છાવિરુદ્ધ વધુ સંખ્યાના મહાત્માઓ આવવાથી શરૂઆતના તબક્કે પેલા અગ્રણીઓ અળગા-અસહકારનાં વલણમાં રહ્યા. પૂજ્યશ્રી તો ય વિચલિત ન થયા. એમણે એક તરફ ગુરુદેવની આજ્ઞાનો-ભાવનાનો આદર કરવાનો હતો, તો બીજી તરફ સ્વભાવની શીતલતા-ઉપશમભાવ પણ જાળવી રાખવો હતો. કેમ કે એ જાણતા હતા કે ''उवसमसारं खु सामण्णं.'' શ્રમણત્વનો સાર ઉપશમભાવ-ચિત્તશાંતિ છે. એ હસતે મુખે ને ઠંડે સ્વભાવે કામ લેતા ગયા. પરિણામ? પરિણામ એ આવ્યું કે ચાતુર્માસ મધ્ય સુધી આવતાં માહોલ બદલાઇ ગયો. પૂજ્યશ્રીના ઉપશમભાવથી અગ્રણીઓનાં મન જિતાઇ ગયા અને શ્રમણો-શ્રાવકો વચ્ચે મધુર સંબંધો રચાઇ ગયા. યાદ આવે પેલી કાવ્યપંક્તિ કે :-

“સામો થાય આગ... તો તું થજે પાણી...
એ છે પ્રભુ વીરની વાણી...”

* * *

પંચમહાભૂતમાં છેલ્લું તત્ત્વ છે આકાશ. વિરાટતાની દૃષ્ટિએ આકાશનો કોઈ મુકાબલો કરી ન શકે. કારણ કે વિશાલ ધરતીનો પણ ક્યાંક અંત છે, અફાટ સાગરને ય ક્યાંક કિનારા છે; જ્યારે આકાશનો ક્યાં ય અંત હોતો નથી. એ અનંત છે. આકાશ નિરંજન છે-કોઈથી લેપાય નહિ એવું છે, તો આકાશ ધર્માસ્તિકાયાદિ પાંચે ય તત્ત્વોનો આધાર છે. આ બધી વિશેષતા કરતા ચડિયાતી વિશેષતા એ છે કે આકાશ આત્મનિર્ભર છે. એને કોઈનાં આલંબનની-ટેકાની જરૂર નથી. આ વિશેષતાના આધાર પર જ શ્રી તીર્થંકર પ્રભુની સરખામણી આકાશ સાથે કરાઈ છે. એ માટે ‘અરિહંતવંદનાવલિ’માં પંક્તિ છે કે “આકાશની જેમ નિરાલંબન ગુણ થકી જે ઓપતા...”

સાગર સમુદાયના ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.ની વિશેષતા છે આ આકાશતત્ત્વ જેવી. એકસો બે વર્ષની અતિ દીર્ઘવયે જેઓશ્રી શ્રી સંઘને મજાની છત્રછાયા આપી રહ્યા છે અને તાજેતરમાં ‘સંઘસ્થવિર’ પદથી અલંકૃત થયા છે તે પૂજ્યશ્રીનાં સાધનાજીવનમાં Day oneથી આત્મનિર્ભરતાની મસ્તી છલકાતી નિહાળાય છે. હા, અહીં લખાયેલ Day one શબ્દ વાતની મજબૂત રજૂઆત માટે નથી, બલ્કે અક્ષરશઃ વાસ્તવિકતા દર્શાવવા માટે છે. આવો, આપણે પૂજ્યશ્રીનાં જીવનનો એવો અકલ્પનીય ગજબનાક હેરતભર્યો પ્રસંગ જોઈએ કે જેમાં આ વાસ્તવિકતા હૂ-બ-હૂ પ્રતિબિંબિત થતી હોય.

લગભગ અઢારેક વર્ષની ઊગતી યુવાનીના એ દિવસો. પૂજ્યશ્રીને જૈન કુલમાં જન્મ મળ્યો ન હતો, બલ્કે પટેલકુલમાં જન્મ મળ્યો હતો. પરંતુ પૂજ્યશ્રી

તો ‘‘दैवायत्तं कुले जन्म, मदायत्तं तु पौरुषम्’’(જન્મ ક્યાં ? એ પ્રારબ્ધને વશ છે, કિંતુ પુરુષાર્થ મને વશ છે)નું પ્રબળ પુરુષાર્થગાન કરનાર પુણ્યાત્મા હતા. એથી પટેલઅવસ્થાને ય જૈનત્વના રંગે રંગી દીક્ષા ગ્રહવા સજ્જ બન્યા. પોતાની જન્મભૂમિ  જેતપુરથી અર્ધી રાતે એ એકલા ભાગી છૂટ્યા અને રાત્રિના બિહામણા અંધકારમાં એકાકી ઓગણીશ કિલોમીટરનો પગપાળા પ્રવાસ કરી મહેસાણા પહોંચ્યા. આ હતી કોઈનાં ય આલંબનની-ટેકાની અપેક્ષા વિનાની આત્મનિર્ભરતાઃ જાણે કે નિરાલંબન આકાશનો એક નાનો શો અવતાર.

ત્યાંથી Train દ્વારા તેઓ અમદાવાદ-નરોડા પહોંચે છે અને ત્યાં પૂજ્યપ્રવર આગમોદ્ધારક આ.ભ.શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે તેઓ સંયમ સ્વીકારીને બને છે પૂ. નૂતન મુનિવર શ્રી દોલતસાગરજી મહારાજ. શું આપણે કલ્પના કરી શકીએ કે કોઇ તાજા જ દીક્ષિત મુનિવરને બીજા દિવસની પ્રભાત પૂર્વે એકાકી-કોઈ પણ શ્રમણ/શ્રાવકના સંગાથ વિના વિહાર કરાવી દેવાય? અને એ વિહાર પણ અન્ય શ્રમણોએ પૂરા સંયમપર્યાય દરમ્યાન એક દિવસમાં પ્રાયઃ ક્યારે ય ન કર્યો હોય એવો દીર્ઘ હોય? આ બન્ને કલ્પનાતીત વિ-લક્ષણ બાબતો બને છે પૂજ્યશ્રીનાં જીવનમાં. સંયમજીવનની પ્રથમ જ રાત્રિ. ગુરુનિશ્રાની ગોદમાં નિરાંતે નિદ્રાધીન મુનિવરને રાત્રિના ત્રણેક વાગ્યે ઉઠાડીને પૂ. સાગરજી મહારાજ કહે છે કે ‘‘પ્રતિક્રમણ-પ્રતિલેખનાદિ કરી તમારે એકલાએ વિહાર કરી કપડવંજ જવાનું છે. ત્યાં આપણા લબ્ધિસાગરજી મ. છે. એમનાં સાન્નિધ્યમાં તમારે કોઈ વિઘ્ન ન આવે માટે પહોંચી જવાનું છે.’’

પૂજ્યશ્રી કોઈ જ ‘किन्तु–परन्तु’ કર્યા વિના ‘‘आयरिया जं वए भिक्खु, तम्हा तं नाइवत्तए’’ આ આગમવચનને જાણે અનુસરતા હોય એમ ગુરુવચન તહત્તિ કરી એકાકી વિહાર શરૂ કરી દે છે. એકલપંડે પૂરા અડતાળીશ કિલોમીટરનો પગપાળા વિહાર દીક્ષાના ચોવીશ કલાકની અંદર કરી દઈને પૂજ્યશ્રીએ સમર્પણનો સુવર્ણઈતિહાસ રચ્યો : જાણે કે આકાશી આત્મનિર્ભરતાનો અહીં સત્ત્વભરપૂર સાક્ષાત્કાર થયો! અડતાળીશ કિલોમીટરના એ આત્મનિર્ભર વિહારના એકેક પગલે પૂજ્યશ્રી જાણે કહી રહ્યા હતા કે :-

સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી,
સાગર ડુબાડી દે મને એવો કિનારો હું નથી;
મારે સદા અજવાળવા અંધારઘેર્યા પંથ સહુ,
ચમકી અને તૂટી પડે એવો સિતારો હું નથી...

* * *

પ્રવરસમિતિના પાંચે ય પૂજ્ય આચાર્યભગવંતોનાં જીવનની એકેક વિશેષતાઓને એકેક પ્રસંગો દ્વારા અહીં માત્ર ઝલકરૂપે પ્રસ્તુત કરાઇ છે. બાકી તો અઢળક વિશેષતાઓ એ પૂજ્યશ્રીઓનાં જીવનમાં  અલગ અલગ **Angle**થી માણી શકાય-પ્રસ્તુત કરી શકાય. આપણે એ તમામ વિશેષતાઓને માનસચક્ષુ સમક્ષ ઉપસ્થિત કરી ભાવવિભોર અંતરે કહીએ કે :-

सूरीण दूरीकयकुग्गहाणं,
णमो णमो सूरसमप्पहाणं।



૯

# સપ્તરંગી મેઘધનુષ સમા સૂરિરાજ :
# પૂ. સિદ્ધાંતદિવાકર આ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.

આજના યુગમાં **Electricity**નો ઉપયોગ એટલો પ્રચૂર અને અનિવાર્ય થઇ ગયો છે કે પ્રત્યેક ઘરમાં પ્રકાશ માટે **Light-Tubelight** સિવાય બીજો વિકલ્પ વિચારણામાં ય ન હોય. દીવાનો ઉપયોગ માત્ર માંગલિક પ્રસંગમાં હોય, યા તો **Electricity** ખોરવાઇ જાય ત્યારે જ હોય. મહત્ત્વનું કારણ એમાં એ હોય છે **Light** કરવામાં મહેનત કાંઇ નહિ ને પ્રકાશ ભરપૂર મળે, જ્યારે દીવો પ્રગટાવવામાં મહેનત વધુ ને પ્રકાશ અલ્પ મળે. પરંતુ ચિંતકો **Light** કરતા

દીવાને એક મજાના Angleથી નિઃશંક ચડિયાતો પુરવાર કરે છે કે Lightના એક Bulb દ્વારા બીજો અપ્રકાશિત Bulb કદી પ્રકાશિત થઇ શકતો નથી, જ્યારે એક પ્રકાશિત દીવા દ્વારા અનેક અપ્રકાશિત દીવા તુર્ત પ્રકાશિત થઇ શકે છે!

દીવાની આ અદ્ભુત વિશેષતા લક્ષ્યમાં રાખીને જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ શાસનધુરીણ આચાર્યભગવંતોને દીવાની ઉપમા આપતા ફરમાવ્યું છે કે :-

जह दीवो दीवसयं, पइप्पइ सो अ दीप्पए दीवो।
दीवसमा आयरिया, परमप्पाणं च दीप्पेइ।।

ભાવાર્થ કે જેમ એક પ્રકાશમાન દીવો પોતાના દીપ્તિગુણથી સેંકડો દીવાને પ્રકાશિત કરે છે, એમ દીવા જેવા આચાર્યભગવંતો આરાધનાની જ્યોતિથી સ્વ અને પરને દેદીપ્યમાન કરે છે. દિવંગત સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. સાંપ્રત પ્રભુશાસનના એક આવા જ જ્યોતિર્મય ઝળહળતા દીપક હતા કે જેઓશ્રીએ સ્વજીવનને રત્નત્રયીની વિરલ આરાધના દ્વારા ઝગમગતું બનાવવા ઉપરાંત સંપર્કમાં આવનાર સેંકડો-હજારો પુણ્યાત્માઓનાં જીવનમાં રત્નત્રયીનો પ્રકાશ પ્રગટાવ્યો હતો. સાંપ્રત પ્રભુશાસનના ઇતિહાસમાં એક યશોજ્જવલ છાપ અંકિત કરી જનાર એ પૂજ્યશ્રીનાં જીવનની સપ્તરંગી મેઘધનુષ સમી સાત વિશેષતાઓનું આપણે અહીં અલપ-ઝલપ દર્શન કરીએ. આ પૈકી પ્રથમ બે વિશેષતાઓ જે સાંભળી છે તે પ્રસ્તુત છે અને તે પછીની પાંચ વિશેષતાઓ વિવિધ પ્રસંગોમાં વ્યક્તિગત સ્તરે અમે જે અનુભવી તે પ્રસ્તુત છે. આવો, આપણે એ સપ્તરંગી મેઘધનુષનું સૌંદર્યપાન કરીએ :

(૧) **પુણ્ય :-** કેટલીક વ્યક્તિઓનાં પુણ્ય એવાં હોય કે એ જ્યાં જ્યાં પદાર્પણ કરે ત્યાં ત્યાં જાહોજલાલી પ્રવર્તે : જાણે 'રામ ત્યાં અયોધ્યા.' એથી ય આગળ કેટલીક વ્યક્તિનાં પુણ્ય એવા હોય કે એનો લાભ એમની સાથે સંલગ્ન વર્તુળ સુધી વિસ્તરે. પૂજ્યશ્રીમાં પુણ્યની આ બન્ને ઝલકો ઝિલાતી જોવા મળે છે. એમણે જ્યાં ચાતુર્માસ કર્યાં ત્યાં વિશાલ સંખ્યામાં સામૂહિક માસક્ષમણો-શ્રેણિતપ-સિદ્ધિતપની પરંપરાઓ સર્જાઇ, તો એ ગચ્છાધિપતિપદે પ્રતિષ્ઠિત થયા તે પછી પૂ.આ.ભ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નો સમુદાય અતિશય ઝડપથી વિસ્તર્યો. તેઓ ગચ્છાધિપતિપદે આરૂઢ થયા ત્યારે એ સમુદાય દ્વિશતાધિક શ્રમણોનો હતો અને તેઓએ ચિરવિદાય લીધી ત્યારે એ સમુદાય ષટ્શતાધિક શ્રમણોનો થયો. કબૂલ કે સમુદાયવૃદ્ધિમાં ઘણાં ઘણાં પરિબળો કાર્યરત હોય. પરંતુ એમાં ગચ્છનાયકનું પુણ્ય પણ પ્રધાન પરિબળ ગણી શકાય.

(૨) **શાસ્ત્રબોધ :-** આગમાદિ શાસ્ત્રોના તેઓ પ્રકાંડ જ્ઞાતા ગણાતા. એનું કારણ હતું સંયમજીવનના પૂર્વાર્ધમાં એમણે કરેલ વિશિષ્ટ કક્ષાની શ્રુતોપાસના. આચાર્યપદારોહણ પૂર્વેનાં સંયમજીવનનાં તમામ વર્ષો તેઓ Lime lightથી લગભગ દૂર હતાઃ જાણે કે અજ્ઞાતવાસ ન સ્વીકાર્યો હોય! એ તમામ વર્ષોમાં એમણે કરેલ શાસ્ત્રોનાં વિશદ અધ્યયન-રટણ-અનુપ્રેક્ષણનું પરિણામ એ આવ્યું કે પ્રસિદ્ધિનાં-જવાબદારીનાં વર્ષોમાં પણ એમનો શાસ્ત્રબોધ તરોતાજા હતો. એમની સાથે જિજ્ઞાસા-સ્વરૂપના સંપર્કમાં આવનાર કેટલા ય નો અનુભવ એવો હતો કે પુછાયેલ શાસ્ત્રીય બાબત ક્યા ગ્રન્થમાં ક્યાં છે એ તેઓ સત્વર કહી શકતા. Google Searchના અને પુસ્તકપ્રાપ્તિની પારાવાર સુવિધાના આ યુગમાં કદાચ ઘણાને સત્વર ઉપસ્થિત

શાસ્ત્રજ્ઞાનનો મહિમા એટલો ન પણ સમજાય. પરંતુ સંસ્કૃત સુભાષિતકારો તો સ્પષ્ટ કહે છે કે :-

पुस्तकस्था तु या विद्या, परहस्तगतं धनम्।
कार्यकाले समुत्पन्ने, न सा विद्या न तद्धनम्।।

ભાવાર્થ કે જો જ્ઞાન પુસ્તકમાં રહ્યું હોય અને ધન અન્યોના કબજામાં હોય તો સમજી લેજો કે અણીના અવસરે એ જ્ઞાન કે એ ધન કાંઈ ઉપયોગી નહિ થાય.

(૩) ગ્રાહ્યવાક્યતા :- પ્રથમ કર્મગ્રન્થમાં આદેયનામકર્મની વ્યાખ્યા આ કરાઈ છે કે ''आइज्जा सव्वलोअगिज्झवओ'' મતલબ કે આદેયનામકર્મનાં કારણે વ્યક્તિનું વચન ગ્રાહ્ય-સ્વીકાર્ય બની જાય. પૂજ્યશ્રીસંબંધી આવો એક પ્રસંગ નજરે નિહાળ્યો વિ.સં. ૨૦૬૧માં.

અમારા આચાર્યપદારોહણ પછીના એ દિવસો હતા. ભાયંદરના બાવનજિનાલયસંઘમાં અમારી સ્થિરતા હતી, તો પૂજ્યશ્રી પણ તે દિવસોમાં ભાયંદરમાં અન્ય સ્થાને વિરાજમાન હતા. એ જ અરસામાં પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)નો કાલધર્મ થયો હોવાથી ભાયંદરના સુદામાટાવરસંઘે તેઓશ્રીની ગુણાનુવાદસભાનું આયોજન કર્યું હતું. પૂજ્યશ્રી પણ એ સભામાં હતા અને અમે પણ હતા. એક જ પ્રવચનપીઠ પર અમે સાથે હતા. સભા દરમ્યાન પૂજ્યશ્રીના સમુદાયવર્તી એક મુનિરાજે ગુણાનુવાદ શરૂ કર્યા. કદાચ એ મુનિરાજ પૂ.આ.શ્રી રામસૂરીશ્વરજી મ.સા.ના જીવન-પ્રસંગોથી પરિચિત નહિ હોય. એથી એમણે જૈનશાસન-આચાર્યભગવંતોની મહત્તા જેવા **General** ગણાય તેવા વિષય પર પ્રવચન લંબાવ્યું. પાંચ-સાત **Minute** થઈ ત્યાં સુધી વ્યક્તિગત ગુણોની કોઈ વાત ન આવતાં પૂજ્યશ્રીએ ચાલુ પ્રવચનમાં ટકોર કરી : ''વિષયાંતર જેવી વાત ન કરો. ગુણાનુવાદના પ્રસંગો જ લો''. મુનિરાજે 'હા જી, તહત્તિ' કહી અર્ધી મિનિટમાં પ્રવચન સમાપ્ત કરી દીધું!

મુનિરાજ સરેરાશ અચ્છા વક્તા હતા. એમને જાહેરમાં આ ટકોર કરાઈ. છતાં એમનાં મુખ પર ખિન્નતાની એક રેખા ન હતી અંકાઈ એ અમે ત્યારે મનોમન

બરાબર Mark કર્યું હતું. માનવું જ જોઈશે કે એમાં પૂજ્યશ્રીની આદેયતાનો-ગ્રાહ્યવાક્યતાનો મોટો હિસ્સો હતો.

(૪) પ્રમોદભાવ :- 'શાંતસુધારસ' ગ્રન્થમાં પ્રમોદભાવની ટૂંકી ને ટચ વ્યાખ્યા કરાઈ છે કે ''भवेत् प्रमोदो गुणपक्षपात:'' અર્થાત્ સ્વકીય-પરકીય જેવા ગણિત વચ્ચે લાવ્યા વિના માત્ર ગુણો પ્રત્યેનો આદર-પક્ષપાત, એનું નામ પ્રમોદભાવ. પૂજ્યશ્રીના પ્રમોદભાવનો પરિચય અમને પૂર્વોક્ત ગુણાનુવાદસભામાં આ રીતે થયો. એ સભામાં જ્યારે અમારે ગુણાનુવાદ કરવાનો ઉપક્રમ આવ્યો ત્યારે અમે પ્રસંગને અનુરૂપ, 'શાંતસુધારસ' ગ્રન્થના પ્રમોદભાવનાધિકારના આ હૃદયંગમ શ્લોકથી પ્રારંભ કર્યો કે :-

जिह्वे! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ।
वीक्ष्याऽन्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव।।

અમને ખ્યાલ હતો કે પૂજ્યશ્રી નેત્રો નિમીલિત કરી તલ્લીન ભાવે આ શ્લોક માણતા હતા અને જ્યારે ચતુર્થ પંક્તિ બીજી વાર બોલાઈ ત્યારે તેઓ સ્વયં એ પંક્તિ સાથે બોલ્યા. સ્પષ્ટ લાગતું હતું કે શ્લોકમાં પ્રસ્તુત ભાવોથી તેઓ ભાવિત હતા. તે પછી અમે પ્રવચનમાં પૂ.આ.ભ.શ્રી રામસૂરીશ્વરજી મ.સા.ની સહિષ્ણુતાના-સ્વાધ્યાયનિષ્ઠાના - આચારચુસ્તતાના ત્રણેક પ્રસંગો વર્ણવ્યા ત્યારે પણ તેઓ આદરવિભોર હતા. હૈયે છલકતા પ્રમોદભાવ વિના ન તો આવી અવસ્થા અનુભવી શકાય છે, ન તો અન્યો પર એની અસર થાય છે.

(૫) ઔચિત્યપ્રવીણતા :- ઔચિત્ય ગુણ માટે સુભાષિતકારો મજાની વાત લખે છે કે :-

औचित्यमेकमेकत्र, गुणानां कोटिरेकत:।
विषायते गुणग्राम:, औचित्यपरिवर्जित:।।

ભાવાર્થ કે એક તરફ માત્ર ઔચિત્યગુણ અને બીજી તરફ ક્રોડો ગુણો હોય તો બન્ને સમાન છે. ઔચિત્ય વિનાના અઢળક ગુણો તો વિષ જેવા નુકસાનકારી પુરવાર થાય છે. પૂજ્યશ્રીના વિશિષ્ટ ઔચિત્યગુણનો પરિચય પૂર્વોક્ત સભાના બે-ત્રણ દિવસ બાદ ભાયંદરમાં જ થયો. બન્યું હતું એવું કે એ દિવસે પ્રભાતે પૂજ્યશ્રી બાવનજિનાલયમાં દર્શન-ચૈત્યવન્દનાદિ માટે પધારવાના હતા અને તે પછી જિનાલયપરિસરમાં જ તેઓનુ નાનકડું માંગલિક પ્રવચન હતું. અમે જિનાલયની બાજુના ઉપાશ્રયમાં બીજા મજલે સ્થિરતા કરી હતી. પૂજ્યશ્રી પધાર્યા ત્યારે અમે સામે લેવા જવું-'મત્થએણ વંદામિ' આદિ ઉચિત વ્યવહાર કર્યો અને તેઓ જિનાલયે પધાર્યા ત્યારે અમે અમારાં સ્થાને ગયા.

થોડા સમય બાદ એક શ્રાવકે ઉપર દોડતા આવી કહ્યું કે ''નીચે ચૈત્યવન્દન-માંગલિક થઈ ગયા છે અને પૂ. જયઘોષસૂરીશ્વરજી મ.સા. ડોળીમાં વિરાજી ઉપર પધારી રહ્યા છે. બીજો માળ ચડી રહ્યા છે.'' અમને સાનંદ આશ્ચર્ય થયું. સાથે જ ખ્યાલ આવ્યો કે અમારા ગુરુદેવ પૂ. પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. તેઓશ્રી કરતાં દીક્ષાપર્યાયમાં વડીલ હતા. એથી એમને મળવાનું ઔચિત્ય દાખવવા તેઓશ્રી ઉપર પધારી રહ્યા છે. બન્ને પૂજ્યવર્યો એક પાટ પર વિરાજ્યા અને પ્રસંગોચિત સંગોષ્ઠી કરી. પૂજ્યશ્રીની ઔચિત્યપ્રવીણતાની-વ્યવહારકૌશલ્યની અમારાં ચિત્તમાં સરસ છાપ અંકિત થઇ ગઇ.

(૬) **પ્રશાંતગંભીર ચિત્તવૃત્તિ :-** 'પંચસૂત્ર' ગ્રન્થના પ્રથમ સૂત્રમાં શ્રમણભગવંતો માટે એક મજાનું વિશેષણ આ અપાયું છે કે 'पसंतगंभीरासया'. એટલે કે તેઓ પ્રશાંત અને ગંભીર ચિત્તવૃત્તિના ધારક હોય. પૂજ્યશ્રી સંબંધી અમને આવો અનુભવ થયો વિ.સં. ૨૦૬૩ના શ્રમણમિલનમાં. શ્રી વિજયદેવસૂરિસંઘ-ગોડીજી (પાયધુની) અને પાર્લા (પશ્ચિમ)-ચન્દ્રપ્રભ જિનાલયસંઘમાં બે તબક્કે યોજાયેલ એ શ્રમણમિલન આમ તો મધ્યમ સ્તરનાં શ્રમણસંમેલન જેવું જ હતું. કેમ કે એમાં તત્કાલીન તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.થી લઇને ઘણા મુખ્ય મુખ્ય સમુદાયોના ગચ્છાધિપતિ

પૂજ્યો ઉપસ્થિત હતા અને હાલની પ્રવર સમિતિનું સર્વપ્રથમ ગઠન પણ એ જ મિલનમાં થયું હતું. અમે પણ તેમાં અગ્રિમ ભાગ લીધો હતો.

વિવિધ શ્રમણસમુદાયોનું મિલન હોય એટલે મુક્ત મને શ્રમણોના પ્રશ્નો પરત્વે ચર્ચા-વિચારણા-સમાલોચના પણ તેમાં થાય. અમે એમાં નિહાળ્યું કે ચાહે ગમે તેવી ચર્ચાઓ થતી, પરંતુ પૂજ્યશ્રીનાં મુખ પર પ્રશાંત-ગંભીર ભાવો અંકિત રહેતા. તેમના સમુદાય વતી રજૂઆત પૂ.આ.શ્રી હેમરત્નસૂરિજી મ. કરતા. તેઓ લગભગ મૌનપણે પરિસ્થિતિનું આકલન કરતા. એક ગચ્છનાયક હોવા પછી શ્રમણ-સમુદાયસંબંધી ચર્ચામાં આવી પ્રશાંત-ગંભીર વૃત્તિ દાખવવી એ ઉચ્ચ આત્મસંયમ વિના શક્ય ન બને.

(૭) **પરહિતચિંતા :-** શ્રમણ એ છે કે જે સ્વહિતસાધનાની સાથો સાથ પોતાની મર્યાદાનુસાર પરહિત સાધવામા ય તત્પર રહે. પ્રવચન-વાચના-હિતશિક્ષાદિ કાર્યો આ પરહિતની બુદ્ધિથી થતા હોય છે. 'પંચસૂત્ર' ગ્રન્થમાં શ્રમણ માટે નિર્દિષ્ટ '**परोवयारनिरया**' વિશેષણ પણ આ જ સંદર્ભનું છે. પૂજ્યશ્રીની આ પરહિતચિંતાનો અનુભવ થયો એમના આયુષ્યનાં અંતિમ વર્ષેઃ

વિ.સં. ૨૦૭૫. એ વર્ષે આબુ-દેલવાડાતીર્થે સામૂહિક ચૈત્રી ઓળી કરાવી ઉગ્ર વિહારોપૂર્વક અમે મુંબઇ તરફ જઇ રહ્યા હતા. દીક્ષાદિ બે-ત્રણ ધર્મપ્રસંગો માટે અમદાવાદ આવવાનું થતાં એક સાંજે અમે પંકજ સોસાયટીના ઉપાશ્રયે પૂજ્યશ્રીને શાતાપૃચ્છાર્થે ગયા. વંદનાદિ કરી ઔપચારિક વાતો બાદ અમે પૂજ્યશ્રીને કહ્યું : ''આ બધા નાના-યુવા શ્રમણોને લઇને આવ્યા છીએ. કાંઇ હિતશિક્ષા આપશો?'' પૂજ્યશ્રીએ તુર્ત સાત-આઠ મિનિટની હિતશિક્ષા આપી. એ જનરંજક વ્યાખ્યાન જેવી ન હતી, બલ્કે શ્રમણજીવનના મૂલરૂપ વિનયગુણ-વૈરાગ્યવૃત્તિ અને પરિણતિને પુષ્ટ કરે તેવી હિતશિક્ષા હતી. અમારા સહુ શ્રમણો પ્રમુદિત થઇ ગયા એ નાની શી હિતશિક્ષાથી. પૂજ્યશ્રીના કાલધર્મના છ માસ પૂર્વેની અમારી આ અંતિમ મુલાકાત હતી.

શાસનશણગાર પૂજ્યશ્રીનાં ગુણાઢ્ય જીવનને હાર્દિક અંજલિ આપવા સાથે અંતે એ જ કહીશું કે માનસરોવર ત્યજીને રાજહંસો જ્યાં જશે એ સ્થાનને શોભાવશે. હાનિ તો એ માનસરોવરને થાય છે કે જેને રાજહંસનો વિયોગ થાય છે.

❀ ❀ ❀



## ૧૦

# સો ટચનું હેમ : પૂ. વિદ્વદ્વરેણ્ય આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.

ધારો કે એવો એક પ્રશ્ન પુછાય કે 'મળેલ આ માનવીય જીવનની સાર્થકતા શેમાં?' તો એનાં ઉત્તરરૂપે ''मुण्डे मुण्डे मतिर्भिन्ना'' ઉક્તિને સત્ય ઠેરવે તેવા અલગ અલગ ભાત-ભાતના પ્રતિભાવો આવે.

* જેઓ પ્રવાસનના-પર્યટનના શોખીન હશે તેઓ કહેશે કે ''જાણ્યા કરતાં જોયું ભલું. તાજમહાલ-કુતુબમિનાર યા **Eiffell Tower**-ઢળતો મિનારો જેવી અજાયબીઓ કે **Switzerland** જેવા સ્વર્ગને શરમાવતા પ્રદેશોની વાતો

વાંચવા કરતાં એનો નજારો નજરે નિહાળવો એમાં આ માનવીય જીવનની સાર્થકતા છે...''

* જેઓ ખાણી-પીણીના શોખીન હશે તેઓ કહેશે કે ''ખાઓ-પીઓ અને જલસા કરો. બંગાળી મિઠાઇ- South Indian વાનગીઓ-ચટાકેદાર ફરસાણોની લિજ્જત જ કોઇ અનોખી છે. જુસ્સાદાર જવાની છે ત્યાં સુધી આ બધા Taste માણવામાં જીવનની સાર્થકતા છે. બાકી Doctory restriction આવી ગયા પછી કાંઇ માણવા નહિ મળે...''

* જેઓ યશ-કીર્તિના આશિક હશે તેઓ કહેશે કે ''એવું 'કાંઇક' કરી બતાવીએ કે આવનારા દાયકાઓ જ નહિ, સૈકાઓ સુધી જગત યાદ કરે. Thomos Alva Edison કે Nuten જેવા વૈજ્ઞાનિક સંશોધનો, Tensing કે Helaire જેવા પર્વતારોહણો, Don Bradman કે સચિન તેંડુલકર જેવા રમતના વિશ્વવિક્રમો : આવું કાંઇક Record રૂપ કરી જવામાં આ માનવીય જીવનની સાર્થકતા છે...''

* જેઓ આત્મસાધનાની અને વૈરાગ્યની ભૂમિકામાં હશે તેઓ કહેશે કે ''બાહરી વિશ્વ વિસરાઇ જાય અને અમે જ અમારું વિશ્વ બની જઇએ-'સ્વ'ની સાધનામાં નિમગ્ન રહીએ એમાં જ આ જીવનની સાર્થકતા છે. आत्मप्रवृत्तावति जागरूक:, परप्रवृत्तौ बधिरान्धमूक: આ અમારું જીવનસૂત્ર છે...''

પણ...સબૂર! આ બધા કરતાં એક અલગ જ દૃષ્ટિબિંદુ આપ્યું છે 'શાંતસુધારસ' ગ્રન્થકાર પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રી વિનયવિજયજી ગણિવરે એ ગ્રન્થના ચૌદમા પ્રકાશમાં. તેઓ એવું એક અદ્‌ભુત દૃષ્ટિબિંદુ આપે છે કે જેનાથી ગુણવાન-મહાન વ્યક્તિઓ પ્રત્યે આપણામાં આદરભાવ-અહોભાવ છલકાય અને આગળ જતાં આપણે સ્વયં ગુણવાન બની જઇએ. હા, એની એક મહત્ત્વની આડઅસર એ ય છે કે તે તે વિરલ-વિશિષ્ટ વ્યક્તિત્વો પ્રત્યે આપણાં અંતરમાં ઇર્ષ્યા-અસૂયાનું નામનિશાન ન રહે. એ દૃષ્ટિબિંદુ છે ગુણાનુરાગનું. 'શાંતસુધારસ' ગ્રન્થના પ્રમોદભાવનાધિકારમાં ગ્રન્થકારશ્રી જણાવે છે કે જીભ ગુણવાન વ્યક્તિઓનાં ગુણગાનમાં તત્પર રહે, કાન એમના ગુણશ્રવણમાં તત્પર રહે અને આંખ એમની ગુણસંપદાનાં દર્શનમાં તત્પર રહે તે આ માનવીય જીવનની સાર્થકતા છે. ગ્રન્થકારના સ્વયંના શબ્દો આ છે કે ''संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव.''

આવો, 'શાંતસુધારસ' ગ્રન્થકાર જેને જીવનસાર્થક્ય ગણાવે છે એ ગુણાનુરાગથી આપણે ભીતરને તર-બ-તર કરીએ અને એમાં પુણ્યનિમિત્ત બનાવીએ પૂજ્યપાદ શાસનસમ્રાટ સમુદાયના વર્તમાન ગચ્છનાયક વિદ્વત્શિરોમણિ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને. ઉત્તમ આરાધકતા-પ્રભાવકતા-વિદ્વત્તા-આચારસંપન્નતા-સરલતા-ભવભીરુતા વગેરે વિશેષતાઓથી મંડિત તેઓશ્રી જાણે કે સો ટચનું 'હેમ' (=સુવર્ણ) છે. એમની સંયમયાત્રા પંચોતેરમા વર્ષમાં-અમૃતવર્ષમાં પ્રવેશી રહી છે એ ઘટના જ આપણને આદરભાવથી-અહોભાવથી તર-બ-તર કરી દે એવી છે.

એક કાવ્યપંક્તિ જીવનને ઉત્તમતાથી-ગુણવત્તાથી મંડિત કરવાનો અનુરોધ કરતાં સરસ વાત જણાવે છે કે :-

જન્મ એનું મૃત્યુ તો, નિશ્ચે જગતમાં થાય છે;
'કેટલું' નહિ 'કેવું' જીવ્યા, એ જ યાદ રહી જાય છે...

આ પંક્તિ quantityની નહિ, qualityની વાત કરે છે અને એ બિલકુલ યોગ્ય પણ છે. કારણ કે quality વિનાની quantity લગભગ અર્થહીન છે. પરંતુ જ્યારે quantityની સાથે quality નિહાળવા મળે ત્યારે એમ લાગે કે જાણે સુવર્ણમાં સુગંધનો અને કંચનકલશને કોરણીનો યોગ સર્જાયો છે. આચાર્યશ્રીનાં જીવનમાં આ સુભગ સંયોગ રચાયો છે કે અહીં quantity પણ છે અને quality પણ છે. એમની પંચોતેર-પંચોતેર વર્ષની સુદીર્ઘ સંયમયાત્રા quantityની દ્યોતક છે, તો એમાં ઝળહળતી અનેક વિશિષ્ટતાઓ qualityની દ્યોતક છે. આપણે એ વિશિષ્ટતાઓ પૈકી 'ગ્' અક્ષરથી શરૂ થતી ત્રણ વિશિષ્ટતાઓનો અહીં નિર્દેશ કરીએ :

(૧) ગુરુબહુમાન :- ગુરુભગવંતની નિશ્રામાં આજીવન રહેવું એ જ જો એક દુષ્કર સાધના છે, તો ગુરુદેવને આજીવન-કાલધર્મ પછી પણ હૈયે બહુમાનપૂર્વક વસાવી રાખવા એ એથી ય અધિક દુષ્કર સાધના છે. માનકષાયનો-આગળ આવી જવાની વૃત્તિનો-છવાઇ જવાની લાલસાનો હ્રાસ હોય તો આજીવન ગુરુનિશ્રા શક્ય બને. અને હૈયે છલોછલ કૃતજ્ઞભાવ-બહુમાનભાવ ભર્યો હોય તો આજીવન ગુરુદેવને હૈયે વસાવવા શક્ય બને. આચાર્યશ્રીમાં આ બન્ને વિશેષતાઓ ઝળહળતી નિહાળવા મળે છે.

તેઓશ્રી સંસ્કૃત વ્યાકરણના મૂર્ધન્ય વિદ્વાન ધર્મશાસ્ત્રોના અચ્છા જ્ઞાતા સંસ્કૃત કાવ્યગ્રન્થના સર્જક અને अभिधानचिन्तामणि: જેવા સટીક ગ્રન્થોના સંપાદક. આની સામે ગુરુભગવંતનું અભ્યાસનાં ક્ષેત્રે ખેડાણ નહિવત્. છતાં ગુરુદેવનું અજાણતા ય અવમૂલ્યન ન થઇ જાય, બલ્કે ઉચ્ચ બહુમાન જળવાઇ રહે, એની ખેવના એમનામાં સતત હતી. એમના ગુરુભગવંતની હયાતિસમયે રૂબરૂ મળતા ત્યારે એ ખેવના નજરે તરી આવતી. તો એમનાં લેખનમાં ય આ તત્પરતા તરી આવે. બે ઉદાહરણ જોઇએ :

* 'उपदेशमाला' (हेयोपादेयावृत्तिसहिता)માં પ્રારંભે એમનું 'मङ्गलकामना' શીર્ષક સાથે સંસ્કૃત નિવેદન છે. એમાં અંતે આ પંક્તિ છે કે ''श्रीविजयदेवगुरुपादारविन्दमकरन्दमधुकरस्य विजयहेमचन्द्रसूरे:'' શું છે આ શબ્દો? ગુરુભગવંત પ્રત્યેની જીવંત ભક્તિનું બોલતું પ્રમાણ.

* હમણાં-આ વિ.સં. ૨૦૭૮નાં ચાતુર્માસમાં અગત્યની વિચારણારૂપે તેઓશ્રીનાં પત્રો આવ્યાં. એમાં ''વિજય હેમચન્દ્રસૂરિ'' આ સહીની નીચે લખાયું હતું ''(દેવાન્તિષદ્)''. એક પત્ર જેવી બાબતમાં ય, દાયકાઓ પૂર્વે દિવંગત ગુરુદેવનું આ રીતનું સ્મરણ જીવનમાં સર્વત્ર ગુરુદેવને અગ્રિમતા આપવાની વૃત્તિ વિના શે શક્ય બને?

ઘણી વાર એવું જોવા મળે કે વ્યક્તિત્વ જ્યારે પુષ્પની ખીલતી-ખૂલતી કળી જેવું હોય ત્યારે અર્થાત્ પ્રારંભિક તબક્કે વ્યક્તિ 'ગુરુમુખી' હોય. પરંતુ વ્યક્તિત્વ જ્યારે પૂર્ણ રૂપે ખીલેલ ગુલાબસમું બની ગયું હોય અર્થાત્ પ્રસિદ્ધિ ભરપૂર થઇ ગઇ હોય ત્યારે ય વ્યક્તિ 'ગુરુમુખી' રહે એ જૂજ જોવા મળે. આચાર્યશ્રીમાં આ વિરલતા જોવા મળે છે. યાદ આવે અહીં 'ઉપદેશમાલા' ગ્રન્થની આ અદ્ભુત પંક્તિ કે ''गुरुमागमेसिभद्दा, देवयमिव पज्जुवासंति.'' આ પંક્તિ એમ જણાવે છે કે જેઓનું નિકટના ભાવિકાળમાં ભદ્ર=કલ્યાણ થવાનું છે તે શિષ્યો ગુરુની સેવા/સ્મૃતિ એવી રાખે કે જાણે ભગવાનની સેવા/સ્મૃતિ કરતા હોય.

**(૨) ગુણવત્તા :-** Marketingમાં નિષ્ણાત Companyઓ પોતાનો માલ ખપાવવા જાહેરાતમાં એક slogan આપે છે કે Go for the best, no compromise for quality. એ કહે છે કે ગુણવત્તામાં ક્યાં ય સમાધાન ન કરો.

આ ગુણવત્તાને જો ગ્રન્થો-શાસ્ત્રો-સૂત્રોના સંદર્ભમાં વિચારવી હોય તો એને શુદ્ધ પાઠની ગવેષણારૂપે લેવી રહે. કારણ કે એ પૂર્વાચાર્યોની રચનાઓ હોવાથી તાત્ત્વિક દૃષ્ટિએ એની ગુણવત્તામાં કોઇ વિકલ્પ હોતો નથી. જે વિકલ્પ છે એ શુદ્ધિ-અશુદ્ધિની દૃષ્ટિએ છે. એથી વિદ્વાન અને વિવેકી વિચારકોની દૃષ્ટિ પાઠની શુદ્ધિ-અશુદ્ધિ તરફ વિશેષ રહે. આચાર્યશ્રી આ પ્રકારની ગુણવત્તા અંગે-સૂત્રપાઠોની શુદ્ધિ અંગે કેવા જાગરૂક વિચારક છે એનો ખ્યાલ 'શ્રુતસંવિભાગ' માં પ્રકાશિત શુદ્ધિ-અશુદ્ધિ અંગેના તેઓના એક નાનકડા લેખમાંથી મળી રહે છે. એ લેખમાં તેઓએ છંદ-અર્થ-વ્યાકરણની દૃષ્ટિએ, પ્રચલિત સૂત્રોમાં જે ક્ષતિઓ નિહાળવા મળે છે એને પ્રાચીન હસ્તલિખિત પ્રતો તેમજ 'પ્રતિક્રમણપ્રબંધ' ના આધારે સુધારી છે. આપણે એમાંથી છંદ-અર્થ અને વ્યાકરણના સુધારા દર્શાવતી એકેક ઝલક આ જ પુસ્તકમાં અન્યત્ર પ્રકાશિત 'પ્રવરસમિતિ'ના પાંચ પૂજ્યો સંબંધી લેખમાં પૂજ્યશ્રી અંગેની પ્રસ્તુતિમાં નિહાળી ચૂક્યા છીએ. માત્ર એ જ નહિ, એ સિવાય પણ ઘણી અશુદ્ધિઓનું ચિંતન કરી તેઓશ્રીએ એ લેખમાં એના શુદ્ધ પાઠો રજૂ કર્યા છે.

આવી આવી વિચારણાઓમાં આચાર્યશ્રીની સૂત્રસંબંશ્રી ગુણવત્તા અર્થાત્ શુદ્ધિ-અશુદ્ધિ પરખવાની ચીવટ ઝળહળે છે...

(૩) ગુણાનુરાગ :- એક સંસ્કૃત સુભાષિત એમ કહે છે કે ''गुणी च गुणरागी च, सरलो विरलो जन:'' મતલબ કે વ્યક્તિ સ્વયં ગુણવાન હોય અને અન્યોના ગુણો-વિશેષતાઓ પર અનુરાગ ધરાવતી હોય : આવું વિરલ-જૂજ જોવા મળે. આચાર્યશ્રીમાં આ ગુણાનુરાગનો-ઉપબૃંહણાનો ગુણ જ્વલંત હોવાનો અનુભવ અમને થયો વિ.સં. ૨૦૭૨માં.

એ વર્ષે સિદ્ધક્ષેત્ર-પાલિતાણામાં વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલન યોજાયું હતું. શ્રમણસંમેલનની કાર્યસૂચિ-ચર્ચાઓ વગેરે માટે અલગ અલગ સ્તરે બેઠકો થઇ રહી હતી. એમાં એક દિવસ સાંજે ધાનેરાભવનમાં બે તિથિપક્ષના આચાર્યભગવંતો સાથે એક બેઠક યોજાઇ. સંમેલનમાં ૧૮-૧૮ સમુદાયો જોડાવાના હતા. માત્ર બે તિથિપક્ષના બે સમુદાયો સંમેલનમાં જોડાવા અંગે પ્રશ્નો ઊભા કરી રહ્યા હતા. એ વર્ગ સાથે સંમેલનની નીતિવિષયક સ્પષ્ટતા થાય એ માટેની એ બેઠક હતી. પૂ.ગ.આ. શ્રી વિજય પુણ્યપાલસૂરિજી મહારાજે પોતાના વર્ગના પ્રશ્નો-વિચારો રજૂ કરતું વકતવ્ય કર્યું. એ સમયે તપાગચ્છીય

પ્રવરસમિતિના કાર્યવાહક પૂ.ગ.આ.શ્રી વિજય અભયદેવસૂરિજી મહારાજે એ વક્તવ્યનો પ્રત્યુત્તર આપવા માટે અમને સૂચવ્યું. લગભગ દરેક મુખ્ય મુખ્ય પૂ. આચાર્યદેવો સહિત સવાસો જેટલા શ્રમણભગવંતો ત્યાં ઉપસ્થિત હતા. અમે એ સૂચન 'તહત્તિ' કરી અઢાર સમુદાયો તરફથી લગભગ ૪૦ મિનિટથી વધુ સમય વક્તવ્ય કરી આ.શ્રી પુણ્યપાલસૂરિજી આદિની દરેક વાતોના તર્કબદ્ધ જડબેસલાખ ઉત્તરો દ્વારા સંમેલનની નિષ્પક્ષ નીતિની સુરેખ સ્પષ્ટતા કરી. પછી તો એ વર્ગ નિરુત્તર થઇ 'અમે જોડાઇ શકીએ એમ નથી' એ સ્વીકારીને વિદાય થઇ ગયો. ત્યારે અંધારું થઇ ગયું હોવાથી બેઠક બાદ થોડી અલપ-ઝલપ વાતો સાથે સહુ પોતાનાં સ્થાને પહોંચ્યા.

બીજે દિવસે પારણાભવનમાં શ્રમણીભગવંતોને માર્ગદર્શન આપતી વિરાટ વાચના હતી. એમાં લગભગ અઢારસોથી બે હજાર શ્રમણીભગવંતો અને અગ્રિમ હરોળમાં થોડા શ્રાવકો પણ હતા. વાચના માટે અમે ત્યાં પ્રવેશ્યા ત્યારે પૂજ્યશ્રી ત્યાં વડીલસ્થાને વિરાજમાન હતા. ગઈ કાલની ધાનેરાભવનની બેઠકમાં પણ પૂજ્યશ્રી સંમેલનઅધ્યક્ષ પૂ. આચાર્યપ્રવર શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.ની બાજુમાં વિરાજમાન હતા. અચાનક પૂજ્યશ્રીએ અમને એમની પાસે બોલાવ્યા અને ખૂબ ખુશીથી બે ય હાથે અમારી પીઠ થાબડતા શબ્દો ઉચ્ચાર્યા : ''ગઈ કાલની બેઠકમાં તમે બહુ જ સરસ રીતે મક્કમતાભરી અને વિવેકપૂર્વકની રજૂઆત કરી હતી. ખૂબ ખૂબ ધન્યવાદ છે તમને.'' ઘણા બધા પૂ. આચાર્યાદિ શ્રમણભગવંતો અને વિરાટ શ્રમણીગણ વચ્ચે એકદમ સહજભાવે પૂજ્યશ્રીએ કરેલ આ ઉપબૃંહણામાં અમને એમના ગુણાનુરાગગુણનાં સુભગ દર્શન થયા..

સંયમજીવનના અમૃતવર્ષ (૭૫ વર્ષ)ના પુણ્યપ્રસંગે, ગુણાનુરાગથી તર-બ-તર હૈયે અમે પણ પૂજ્યશ્રીને ગુણાંજલિ આપતા એ જ ભાવોથી ભાવિત છીએ કે :-

ગુણીજનના ગુણ ગાવતાં, ઊપજે ગુણ નિજ અંગ;
ધૂલી પણ મસ્તક ચડે, સંતચરણને સંગ...



૧૧

# જૈન શાસનની 'દોલત' : શતાયુષી પૂ.આ. શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.

અંતરની અખૂટ શુભ કામનાઓ જ્યારે આશીર્વાદરૂપે અભિવ્યક્ત કરવાની હોય ત્યારે જે અલગ-અલગ પ્રકારની ભાવોર્મિસભર શબ્દપ્રસ્તુતિ થતી હોય છે એ ઘણી વાર ચમત્કૃતિભરી બની જતી હોય છે. સંસ્કૃત સુભાષિતકારોએ આવી એક ચમત્કૃતિ સમી શબ્દપ્રસ્તુતિ કરી છે શ્લોકના માત્ર એક ચરણ દ્વારા. શબ્દસૌંદર્ય સાથે અર્થસૌંદર્ય અને ભાવસૌંદર્ય ધરાવતી એ શ્લોકપંક્તિ

આ છે કે ''શતં જીવ શરદઃ'' ભાવાર્થ કે તારી જીવનયાત્રા સો શરદઋતુની સફર પૂર્ણ કરે.

પંક્તિમાં શત અને શરદનો પ્રાસ શબ્દસૌંદર્યનો અનુભવ કરાવે છે, તો વર્ષમાં ફક્ત એક વાર આવતી શરદઋતુ સો-સો વાર નિહાળવાનો નિર્દેશ વ્યક્તિ શતાયુષી થાય તેવા અર્થસૌંદર્યને વ્યક્ત કરે છે. સામાન્યતઃ દીર્ઘકાલ નિરોગી રહેનાર વ્યક્તિ જ શતાયુષી થઇ શકે. એથી આ પંક્તિમાં વ્યક્તિના નિરામય સ્વાસ્થ્યનું ભાવસૌંદર્ય પણ છલકાય છે. અલબત્ત, આશીર્વાદ ભલે ઘણી વ્યક્તિને અપાય, પરંતુ શતાયુષી બનવાનું સૌભાગ્ય તો બહુ જૂજ વિરલ વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે. બાકી તો કઈ કેટલીય વ્યક્તિઓ એવી હોય છે જે ખીલતી વયમાં પરલોકની પ્રવાસી બની જાય : જાણે ખીલ્યા-ખૂલ્યા વિના જ ખરી જતી પુષ્પની કળી!

હવે વિચારીએ આનાથી સાવ સામા અંતિમની વાત. ચિંતકો એમ કહે છે કે વ્યક્તિ કેટલું દીર્ઘકાલ જીવન જીવી એ મહત્ત્વની બાબત નથી, બલ્કે એ કેટલું ઉત્તમ જીવન જીવી એ મહત્ત્વની બાબત છે. જીવન ભલે અલ્પકાલીન હોય, પરંતુ એ જો સંયમમય-સદાચારમય-પરોપકારમય હોય તો સાર્થક છે. એથી વિપરીત જીવન દીર્ઘકાલીન ભલે હોય, પરંતુ એ જો અસંયમમય-અનાચારમય -સ્વાર્થમય હોય તો નિરર્થક છે.

પણ... સબૂર! ધારો કે એક જ પુણ્યવંતી વ્યક્તિમાં દીર્ઘકાલીન જીવન અને ઉત્તમ જીવન : આ બન્ને વિશિષ્ટતાનો સુભગ સંયોગ થયો હોય તો ? તો ચોક્કસપણે માનવું જ રહે કે એ સુવર્ણમાં સુગંધ જેવો સુયોગ છે. સુવિશાલ સાગરસમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ જિનાગમસેવી પૂજ્ય આચાર્યપ્રવર શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મહારાજનાં જીવનમાં આ દુર્લભ સુયોગ પ્રત્યક્ષ નિહાળવા મળે છે. કેમ કે એક તરફ એમણે સર કરેલ જીવનયાત્રાનું શતાબ્દીશિખર એમનાં સુદીર્ઘ જીવનનું દ્યોતક છે, તો બીજી તરફ એમની એંશી વર્ષની સુદીર્ઘ સંયમયાત્રા એમનાં ઉત્તમ જીવનની દ્યોતક છે. ખાસ નોંધપાત્ર મજાની બાબત એમાં એ છે કે

તેઓ કુલપરંપરાથી જૈન શાસન પામ્યા નથી, બલ્કે સમ્યક્ પુરુષાર્થથી જૈન શાસન પામ્યા છે! કુલપરંપરાથી તેઓ છે પટેલજ્ઞાતીય, પરંતુ સદ્‌ગુરુના સંયોગથી અને પુરુષાર્થની પરંપરાથી તેઓ શાસન-શ્રમણપદ અને સૂરિપદથી અલંકૃત થયા છે. એ પણ એવા સૂરીશ્વર કે જેઓએ સુવિશાલ ગચ્છનાયક બની શતાબ્દીશિખર સર કર્યું હોય. છેલ્લી શતાબ્દીમાં શતાયુષી સૂરીશ્વરો આંગળીના વેઢે ગણાય એટલા જ થયા છે અને એમાં ય સાંપ્રત સમયમાં તેઓ એકમાત્ર શતાયુષી સૂરીશ્વર છે. આવો, આપણે એ શતાયુષી સૂરીશ્વરનાં જીવનમાં વિલસતી સ્વસ્તિક પાંખડી સમી ચાર વિશિષ્ટતાઓ ચાર પ્રસંગો દ્વારા માણીએ :

(૧) **ભક્તિયોગ :-** સમર્થ શાસ્ત્રકાર પૂજ્યપાદ ન્યા. ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે પરમાત્મભક્તિનો મહિમા વર્ણવતા ફરમાવ્યું છે કે :-

**''भक्तिर्भागवती बीजं, परमानन्दसम्पदाम्''**

ભાવાર્થ કે પ્રભુની ભક્તિ મુક્તિની સંપદાનું મૌલિક કારણ છે. આ પ્રભુભક્તિ જ્યારે તન્મયભાવે-તલ્લીનભાવે થાય ત્યારે ભક્તિ કરનારને તો પ્રભુગુણમાં રમણતાનો લાભ થાય જ, ઉપરાંત એને માણનારને પણ ભક્તિ ભાગીરથીમાં ઝીલવાનો લહાવો મળે. અમને આવો લહાવો લગભગ સળંગ એક માસથી વધુ સમયપર્યંત મળ્યો હતો પૂજ્યશ્રીનાં માધ્યમે.

વિ.સં. ૨૦૩૫ની એ વાત. ત્યારે પૂજ્યપાદ પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની છત્રછાયામાં અમારા સહુની સ્થિરતા થઈ હતી શ્રી શંખેશ્વરજી મહાતીર્થે. અમે પ્રતિદિન પૂજ્ય પરમગુરુદેવશ્રીની સાથે શ્રી શંખેશ્વરદાદાના દરબારમાં ચૈત્યવંદનાદિ ભક્તિ કરતા. બરાબર એ સમયે નિત્ય પૂ.પં. શ્રી દોલતસાગરજી ગણિવર શંખેશ્વર-આગમમંદિરથી પધારે. પરમગુરુદેવની એક તરફ અમારા ગુરુદેવ વિરાજે અને બીજી તરફ પૂ. પંન્યાસજી મ. વિરાજે. સાથે મળીને થતી એ ચૈત્યવંદનામાં પ્રથમ સ્તવન અમારા ગુરુદેવ ગાય અને બીજું સ્તવન પૂ. પંન્યાસજી મ. ગાય. પૂ. પંન્યાસજી મ.ની વિશેષતા

એ હતી કે તેઓ નિત્ય 'શ્રી શાંતિજિનેશ્વર દીઠો રે...' આ એક સ્તવન જ શ્રી શંખેશ્વરપ્રભુનું નામ જોડીને ગાય. એક એક પંક્તિ અત્યંત સ્થિરતાથી-તન્મયતાથી ગાવાની એમની શૈલી એવી હતી કે એ આજે પણ અમારાં માનસચક્ષુ સમક્ષ તાદશ છેઃ જાણે એ સ્તવના હોઠથી નહિ, હૈયાથી ન ગવાતી હોય! અમે તો ત્યારે બાલમુનિ હતા. પરંતુ વિસ્મયભાવે એમની સમક્ષ જોતા રહી ધ્યાનથી સ્તવન સાંભળવાનાં કારણે થોડા જ દિવસમાં એ સ્તવન અમને આપોઆપ કંઠસ્થ થઇ ગયું. આ હતી એમના ભક્તિયોગની અસરકારકતા.

(૨) **જ્ઞાનયોગ :-** પ્રભુના સાક્ષાત્ વચનદેહસ્વરૂપ પવિત્ર આગમગ્રન્થો માટે પૂજ્યપ્રવર ૧૪૪૪ ગ્રન્થકર્તા સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે હૃદયસ્પર્શી વિધાન કર્યું છે કે :-

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिआ।
हा अणाहा कहं हुंता, जइ न हुंति जिणागमा।।

ભાવાર્થ કે જો આ શ્રી જિનાગમો ઉપલબ્ધ થયા ન હોત તો દુઃષમકાળના દોષોથી ગ્રસ્ત અમારા જેવા અનાથ આત્માઓનું શું થાત? આવા કલ્યાણકર આગમશાસ્ત્રો માટે પૂજ્યશ્રીની જે ભક્તિ હતી તે એમના 'જિનાગમસેવી' વિશેષણમાં સરસ પ્રતિબિંબિત થાય છે. આગમશાસ્ત્રો તામ્રપત્રો પર ઉત્કીર્ણ કરાવવા, એની શુદ્ધિ-અશુદ્ધિની ચીવટપૂર્વક ગવેષણા કરવી : આ એમનો પ્રિય વિષય હતો. આવો એક પ્રસંગ યાદ આવે છે મુંબઇ-ગોડીજી શ્રી વિજયદેવસૂરીય સંઘના ઉપાશ્રયનો. અમે સહુ ત્યારે ગોડીજીના તે ઉપાશ્રયે હતા અને પૂ. પંન્યાસજી મ. નિકટવર્તી શ્રી આદિનાથજી સંઘના ઉપાશ્રયે વિરાજમાન હતા. એક બપોરે તેઓ અમારા ગુરુદેવ પૂજ્યપાદ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પંન્યાસજી શ્રી સૂર્યોદયવિજયજી ગણિવર પાસે આવ્યા અને કેટલાક આગમપાઠો અંગે કલાકો સુધી ચર્ચા કરી. તેઓ ત્યારે 'આગમરત્ન મંજૂષા'ની વિરાટકાય પ્રતનું સંપાદન કરતા હતા કે જેમાં પીસ્તાલીશે ય આગમો એકત્ર હતા. પછીથી કાચની સુંદર પેટીમાં ઠેર ઠેર નિહાળવા મળતી એ આગમ મંજૂષાની વિરાટકાય પ્રત નિહાળતા અમને તરુણવયે એવો વિચાર આવતો કે આ મહાકાય ગ્રન્થનાં પ્રૂફસંશોધનમાં એમણે કેવી પ્રચંડ જહેમત ઉઠાવી હશે!

(૩) **શાસનસેવાયોગ :-** સંસારનિસ્તારક નિરુપમ જહાજ સમા શાસન માટે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે 'અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા'માં આ ભક્તિછલકતી પંક્તિ લખી છે કે :-

''कुवासनापाशविनाशनाय, नमोऽस्तु तस्मै तव शासनाय।''

ભાવાર્થ કે અનાદિકાલીન કુવાસનાઓના પાશને નષ્ટ-ભ્રષ્ટ કરનાર જિનશાસનને અમારા અગણિત નમન હો. આ શાસનને ઝળહળતું રાખવા કાજે વિ.સં. ૨૦૭૨માં પાલિતાણાની પુણ્યભૂમિમાં યોજાયું હતું વિરાટ તપાગચ્છીય શ્રમણસંમેલન. સાતસો શ્રમણોનાં આ સંમેલનમાં પ્રારંભ પૂર્વે અને અંતિમ મહાસભામાં બે હજાર શ્રમણીભગવંતો પણ ઉપસ્થિત હતા. અંતિમ બસોથી વધુ વર્ષોના ઈતિહાસમાં સંખ્યાદષ્ટિએ સૌથી વિરાટ આ શ્રમણસંમેલનમાં, અમે પણ ઠરાવોનું અંતિમ સ્વરૂપ નિર્ણીત કરવું-ઠરાવો લખવા વગેરે મહત્ત્વની બાબતો સંભાળી હોવાથી અગ્રિમ સ્તરે સહભાગી હતા. અમે પ્રવરસમિતિના પૂજ્યવર્યોની બેઠકથી એકદમ નિકટનાં સ્થાને હોવાથી એ પૂજ્યોની ગતિવિધિથી પૂરા માહિતગાર રહેતા. ત્યાં સાગરસમુદાયના ગચ્છનાયકની રૂએ પ્રવરસમિતિના એક સભ્યરૂપે વિરાજતા હતા પૂ.આ.ભ.શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મહારાજ. છન્નું વર્ષનું વય. એથી તેઓ મૌનપણે બધી કાર્યવાહી નિહાળતા. પરંતુ એક દિવસ એવું બન્યું કે એક મુદ્દા પર તેઓએ પ્રથમ વાર પોતાનો અભિપ્રાય સ્વયંસ્ફુરણાથી દર્શાવ્યો. સહુને એ એવો પસંદ આવ્યો કે સર્વાનુમતે એ અભિપ્રાય સ્વીકારાયો. એને ઠરાવરૂપે ઘોષિત કરતા અમને આનંદ એ થયો કે છન્નું વર્ષની વયે પણ પૂજ્યશ્રીની શ્રવણશક્તિ અને સમજશક્તિ કેવી સ-તેજ છે!

(૪) **જાપયોગ :-** મન્ત્રશાસ્ત્રના જાણકારો જાપ માટે બહુ સરસ પ્રસ્તુતિ આ કરે છે કે :-

''जपात् सिद्धिर्जपात् सिद्धि-र्जपात् सिद्धिर्न संशय:।''

આ જાપયોગ પૂજ્યશ્રીનાં જીવનમાં કેવો ઝગમગતો છે એનું પ્રત્યક્ષ દર્શન કર્યું અમે વિ.સં.૨૦૭૬ના વર્ષે. એ વર્ષના પ્રારંભે માગશર-પોષમાસમાં અમારી નિશ્રામાં શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થે શ્રી ઉપધાનતપ-અંજનશલાકા-

મહામહોત્સવાદિ ધર્મકાર્યો યોજાયાં હતાં. એ દરમ્યાન પૂજ્યશ્રી એક દિવસ એ તીર્થે પધાર્યા. અમે એમને વંદના-શાતાપૃચ્છાર્થે ગયા ત્યારે પૂજ્યશ્રી નવકારમન્ત્રની માળા ગણતા હતા! માળા પૂર્ણ કર્યા બાદ પૂર્વપરિચયની વાતો કરતા કરતા પૂજ્યશ્રી સહજતાથી બોલ્યા કે ''હું તો વિહારમાં પણ માળા જ ગણતો રહું છું.'' આયુષ્યના સોમા વર્ષે આવી રુચિ અને જાગૃતિ રહેવી એ જ ખૂબ મોટી વંદનીય બાબત છે.

પ્રાંતે, એ જ પ્રાર્થના સાથે સમાપન કરીએ કે એમના પ્રિય જાપયોગની માળાના મણકા જેમ એકસો આઠ હોય છે તેમ પૂજ્યશ્રીની જીવનયાત્રાના મુકામ (વર્ષ) પણ એકસો આઠ હો અને એ જીવનયાત્રા ભવયાત્રાનાં સમાપનનું પ્રબળ કારણ બની રહો...

❀ ❀ ❀



૧૨

# શ્રુતજ્ઞાનપ્રેમી સૂરિવર પૂ.આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.

જૈનપરંપરા હો કે અજૈનપરંપરા : સર્વત્ર ગુરુતત્ત્વનો મહિમા અજોડ-અદ્ભુત છે. એક શ્લોક ગુરુતત્ત્વનો ઉપકાર કેવો અનુપમ છે એ સમજાવતા જણાવે છે કે :-

दुर्लभो विषयत्यागो, दुर्लभं तत्त्वदर्शनम् ।
दुर्लभा सहजाऽवस्था, सद्गुरुकरुणां विना ।।

ભાવાર્થ કે પ્રવૃત્તિ-વૃત્તિ ઉભયનાં સ્તરે વિષયત્યાગ અતિ દુર્લભ છે, તત્ત્વની શ્રદ્ધાનાં અને સંવેદનનાં સ્તરની અનુભૂતિ અતિ દુર્લભ છે અને સહજ આત્મિક અવસ્થા અતિ દુર્લભ છે. પરંતુ આ ત્રણ ત્યાં સુધી જ દુર્લભ છે કે જ્યાં સુધી સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત થતી નથી. સદ્‌ગુરુ કૃપા મળે એટલે આ ત્રણે ય અતિ દુર્લભ બાબતો સહજસાધ્ય બની જાય છે. સદ્‌ગુરુતત્ત્વનો કેવો જબરજસ્ત મહિમા આ શ્લોક પ્રસ્તુત કરે છે!

બીજી સરસ વાત એ કે પ્રસિદ્ધ જૈન પ્રાર્થનાસૂત્ર (જયવીયરાયસૂત્ર)માં જે ''સુહગુરુજોગો''ની પ્રાર્થના કરાઈ છે એનું રહસ્ય એક હિંદી કાવ્યપંક્તિ સાંભળતા સમજાય છે. પ્રથમ નજરે સામાન્ય જણાતી એ કાવ્યપંક્તિ અસામાન્ય વાત કરે છે કે :-

''काबिल गुरु जब मीलते है, तब बात प्रभुसे होती है।''

આ બન્ને ઉલ્લેખો આપણને એ આબાદ સમજાવે છે કે સદ્‌ગુરુનું સ્થાન-માન કેવું ઉચ્ચતમ-શ્રેષ્ઠ છે.

ઓર એક વાત. એક અદ્‌ભુત શ્લોકમાં, સદ્‌ગુરુનાં કાર્યક્ષેત્રનો વ્યાપ 'શ્લેષ' દ્વારા દર્શાવીને અંતે ગુરુભગવંતને જીવંત પ્રભુ સમા ગણાવતા જણાવાયું છે કે :-

स्यादक्षरपदप्राप्ति-र्द्वेधाऽपि गुरुयोगतः।
गुरुरूपेण भूभागे, प्रत्यक्षः परमेश्वरः।।

'અક્ષર' શબ્દનો શ્લેષ કરતાં આ શ્લોકમાં એમ જણાવાયું છે કે ગુરુ બે પ્રકારે અક્ષરપદ પ્રાપ્ત કરાવે છે. એક, અક્ષરપદ=અક્ષરજ્ઞાન-શબ્દજ્ઞાન યાવત્ બોધરૂપ જ્ઞાન. અને બે, અ-ક્ષરપદ= મોક્ષ. 'અક્ષર'થી અ-ક્ષરપદ (મોક્ષ) સુધી લઈ જવાનું કલ્પનાતીત કાર્યક્ષેત્ર ગુરુનું છે. આવા ગુરુ તો પૃથ્વી પર વિચરતા જાણે કે જીવંત પરમાત્મા છે.

ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનાં શાસનની એક અજોડ બલિહારી છે કે અઢી હજારથી અધિક વર્ષોની એની અખંડ ધારામાં એ શાસને એકથી એક ચડિયાતા સદ્‌ગુરુ ભગવંતોની ભેટ જગતને ધરી છે. કોઈનો ત્યાગ-વૈરાગ્ય

મસ્તક ઝુકાવી દે, તો કોઈનું જ્ઞાન મસ્તક ડોલાવી દે; કોઈનું બેજોડ ચારિત્ર ચિત્ત ચમત્કૃત કરી દે, તો કોઈનું અંતર્મુખ વ્યક્તિત્વ આનંદનાં આંદોલનો રચી દે.

પોતપોતાના યુગમાં, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ રહીને યથાશક્ય આરાધક-પ્રભાવક-રક્ષકસ્વરૂપ ભૂમિકા અદા કરીને તે તે ગુરુભગવંતો પ્રભુશાસનની યથાશક્તિ સુંદર સેવા કરતા હોય છે. એ ગુરુભગવંતોમાં કોઈનું સ્તર અત્યંત ઉત્તુંગ હોય, તો કોઈનું સ્તર સરેરાશ-સામાન્ય હોય. આવા ગુરુભગવંતો પૈકીનું એક નામ એટલે દિવંગત શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ. એમણે પોતાના જીવનકાળ દરમ્યાન કરેલ વિવિધ ધર્મકાર્યોમાં સૌથી ત્વરિત નજરે તરી આવે તેવું કાર્ય એટલે શ્રી જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક પરિષદની સ્થાપના. ભારતના વિવિધ ક્ષેત્રીય જૈન પંડિતો-શિક્ષકો-શિક્ષિકાઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ બનીને આજે ય પાઠશાળાક્ષેત્રે સરસ સુવાસ ફેલાવતી 'પરિષદ' દિવંગત આચાર્યશ્રીના જ્ઞાનપ્રેમને અને સંઘ-શાસન પ્રત્યેની ખેવનાને ઉજાગર કરે છે.

બે-એક અંગત અનુભવોની વાત કરીએ તો અમારા દીક્ષાનાં પ્રારંભિક વર્ષો યાદ આવે :

વિ.સં. ૨૦૩૯. એ વર્ષે અમારા પરમતારક ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું ચાતુર્માસ મુંબઈ-ઘાટકોપરના સાંઘાણી એસ્ટેટ સંઘમાં હતું અને દિવંગત પૂજ્યશ્રીનું ચાતુર્માસ પણ એ જ ઉપનગરના નવરોજીલેન સંઘમાં હતું. અમારી દીક્ષાનું એ પાંચમું વર્ષ હતું. એ સમય શ્રમણજીવનનાં શૈશવનો અને માત્ર અભ્યાસપ્રધાન હતો. અમારા ચાતુર્માસ પ્રવેશ પૂર્વે બે-ત્રણ દિવસ નવરોજીલેનમાં ઉપાશ્રયમાં બન્ને સમુદાયોને સાથે રહેવાનું બન્યું. પ્રવચનથી લઈને ગોચરી સુધી સર્વત્ર આત્મીયતાભર્યો વ્યવહાર હતો. અમારા પૂ. ગુરુદેવશ્રી અમારા અભ્યાસમાં સતત કડક વ્યક્તિગત દેખરેખ એ દિવસોમાં રાખતા. આ દૃશ્ય બે દિવસ બરાબર નિહાળીને પૂ. લબ્ધિસૂરિજી મ. ત્રીજે દિવસે સવારે ગોચરીમાંડલીમાં અમારા પૂ. ગુરુદેવશ્રીને કહે : ''તમે રાજરત્નવિજયને જે રીતે ભણાવો છો, એ રીતે હું મારા શિષ્યને ભણાવી શકતો નથી. તમે એને ભણાવતા હો તો હું એને રોજ સાંઘાણીએસ્ટેટ ભણવા મોકલું...''

જો કે, એમને ત્યાંની પ્રવચનાદિ જવાબદારીઓ આદિનાં કારણે એ શક્ય ન બન્યું. પરંતુ આજે એ ઘટનાની સ્મૃતિ કરતા અમને તેમાં શિષ્યની હિતચિંતાની સ્પષ્ટ પ્રતીતિ થાય છે. ક્યારેક વ્યક્તિ પોતાના સુયોગ્ય વિચારોને અમલમાં લાવી શકે યા ન લાવી શકે એ સંયોગ-વ્યક્તિ-પરિસ્થિતિ આદિને આધીન હોય છે. પરંતુ આવી હિતચિંતાસભર વિચારણા કરવી એ પણ પ્રશંસાર્હ તો ગણાય જ...

અન્ય એક પ્રસંગ એ જ ચાતુર્માસનો. એ વર્ષે તેઓશ્રી 'શ્રીપાલચરિત્ર' નામે સંસ્કૃત કાવ્ય મુદ્રિત-પ્રકાશિત કરવા ઝંખતા હતા. તેમને અમારા પૂ. ગુરુદેવશ્રીના સંસ્કૃતવ્યાકરણવિષયક વિશદ જ્ઞાન માટે ખૂબ બહુમાનભાવ હતો. એમની એક અભિલાષા એ પણ તીવ્ર હતી કે ગ્રન્થ સર્વાંગશુદ્ધ-ક્ષતિરહિત જ પ્રકાશિત થવો જોઇએ. આથી લેશ પણ મોટાઇ દાખવ્યા વિના, એમણે સામેથી અમારા પૂ. ગુરુદેવશ્રીને જણાવ્યું કે ''આ ગ્રન્થનું સંશોધન-પ્રૂફસુધારણા વગેરે કાર્ય તમે સ્વીકારો તો જ એ શુદ્ધ-ક્ષતિરહિત પ્રગટ થાય.'' અમારા પૂ. ગુરુદેવશ્રી પણ શ્રુતરસિક અને પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા હતા. એમણે કોઇ ખાતરી-ખુલાસા વિના પૂર્ણ આત્મીયભાવે એ જવાબદારી સ્વીકારવાની સંમતિ આપી અને ચાતુર્માસ બાદ એ ગ્રન્થ સર્વાંગશુદ્ધ પ્રકાશિત થઇ પણ ગયો.

દિવંગત પૂ. લબ્ધિસૂરિજી મ.ના સ્વભાવનું ઔચિત્ય અને ઔદાર્ય એ ગ્રન્થમાં પ્રતિબિંબિત થયું. હમણાં જણાવ્યું તેમ અમારા પૂ. ગુરુદેવશ્રીએ તો માત્ર શ્રુતરસિકતા અને પરોપકારભાવે એ કાર્ય સ્વીકાર્યું હતું. એ માટે કોઇ ખુલાસો-ખાતરીની અપેક્ષા વ્યક્ત કરી ન હતી. પરંતુ લબ્ધિસૂરિજી મહારાજે 'પ્રસ્તાવના' માં જ સ્પષ્ટ ઉલ્લેખ કરાવ્યો કે 'આ ગ્રન્થનું સંપૂર્ણ સંશોધન-સંપાદન પૂ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. દ્વારા થયું છે અને સંસ્થા તે અંગે એમનો હાર્દિક ઋણસ્વીકાર કરે છે.' ઔચિત્ય અને ઔદાર્યનાં સંમિશ્રણ વિના આ વગર કહ્યે ઉલ્લેખ શક્ય ન જ બને...

દિવંગત આચાર્યશ્રીનાં જીવનઉદ્યાનમાં મઘમઘતાં આ ગુણપુષ્પોનાં સંસ્મરણ સાથે પૂજ્યશ્રીને વિનમ્ર વન્દનાંજલિ...

❀ ❀ ❀



## ૧૩

# સારલ્યપુંજ સૂરિવર : પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

લોકમાન્ય ટિળક જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારની વાત. એમાં એક વાર શિક્ષકે ગણિતના દશ દાખલા ઘરેથી ગણી લાવવાનું **Homework** દરેક વિદ્યાર્થીને આપ્યું હતું. દાખલા એટલા કઠિન હતા કે હોંશિયાર વિદ્યાર્થીઓનાં પણ અરમાન ઊતરી ગયા. બીજે દિવસે શાળામાં શિક્ષકે **Homework** તપાસવા માંડ્યું. ત્યારે મોટા ભાગના વિદ્યાર્થીઓના દાખલા મહદંશે ખોટા નીવડ્યા. કોઈ

વિદ્યાર્થીનો એક દાખલો સાચો, કોઈના બે દાખલા સાચા અને ત્રણ દાખલા તો કોઈક જ વિદ્યાર્થીના સાચા નીવડ્યા. નિરાશ શિક્ષકના હાથમાં ટિળકની નોટ આવી અને એ ચમકી ગયા. કેમ કે એમના દશેદશ દાખલા સાચા હતા. ખુશીથી તર-બ-તર થઈ ગયેલા શિક્ષકે ટિળકને ઈનામરૂપે એક રોકડો રૂપિયો આપ્યો. એ કાળે એક રૂપિયાનું મૂલ્ય પણ ઘણું હોવાથી અન્ય વિદ્યાર્થીઓ વિસ્મિત થઈને જોતા રહ્યા. પરંતુ જેમને ઈનામ મળ્યું હતું એ ટિળક તો રડવા માંડ્યા. ખુદ શિક્ષકે આશ્ચર્યથી પૂછ્યું :

''અરે! તું રડે છે કેમ ? તું તો બધા કરતાં શ્રેષ્ઠ પુરવાર થયો છે.''

ટિળકે ખુલાસો કર્યો : ''આ ઈનામનો હું પૂરો હકદાર નથી. કારણ કે આમાંના છ દાખલા જ મેં પોતે ગણ્યા છે. બાકીના ચાર પિતાએ ગણ્યા છે.'' વળતી જ ક્ષણે ખીસામાંથી બીજા ચાર રોકડા રૂપિયા કાઢી ટિળકને આપતા શિક્ષકે કહ્યું : ''પહેલો એક રૂપિયો મેં તારી હોંશિયારી જોઈને આપ્યો હતો. હવે આ ચાર રૂપિયા તારી સરલતા-નિખાલસતા જોઈને આપી રહ્યો છું!''

અલબત્ત, આ દૃષ્ટાંતમાં નિહાળવા મળે છે તેમ સરલતા-નિખાલસતા દરેક વેળાએ લાભદાયી જ બને એવું દુન્યવી જગતમાં નિશ્ચિત નથી હોતું. પરંતુ અધ્યાત્મજગતમાં એ નિશ્ચિત જ છે કે સરલતા-નિખાલસતા સદાય લાભદાયી જ બને, નુકસાનકારી કદી નહીં. એથી જ ઉત્તરાધ્યયન આગમગ્રન્થમાં સ્પષ્ટ જણાવાયું છે કે ''सोही उज्जूभूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ'' મતલબ કે જે વ્યક્તિ ઋજુ-સરલ-નિખાલસ છે, એને જ શુદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે અને જે શુદ્ધ છે એનામાં જ વાસ્તવિક ધર્મ ટકી શકે છે.

વાગડ સમુદાયના દિવંગત ગચ્છનાયક સૌહાર્દમૂર્તિ પૂજ્ય આચાર્યપ્રવર શ્રી વિજય કલાપ્રભસૂરીશ્વરજી મહારાજમાં આ સરલતાગુણ વિશેષપણે દીપ્તિમંત હતો એમ અમને લાગ્યું છે, લગભગ ત્રણેક વાર અલગ અલગ પ્રસંગે એમના પ્રત્યક્ષ પરિચયનો અવસર મળ્યો. એ દરેકમાં ઊડીને આંખે વળગે તેવો ગુણ અમને આ સરલતારૂપે નિહાળવા મળ્યો. આપણે આ ત્રણે ય પ્રસંગોનું આછું દિગ્દર્શન કરીએ :

વિ.સં.૨૦૬૦નું ચાતુર્માસ. એ ચાતુર્માસમાં મુંબઇ-ઘાટકોપરના જગડૂશાનગરસ્થિત ત્રિમજલી તીર્થસ્વરૂપ જિનપ્રાસાદને તોડી પાડવાના **Court order** સામે જિનાલય બચાવવાનું સફલ આંદોલન અમારા **પૂજ્ય ગુરુદેવ આચાર્યભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**નાં નેતૃત્વમાં થયું. સાઠ હજાર જૈનોથી ઉભરાતી તીર્થરક્ષા મહાસભા પૂર્વે ઘાટકોપરના ત્રણ મુખ્ય સંઘોમાં મહાસભાનો જુવાળ જગાવવા પૂ. ગુરુદેવ અને અમારે જવાનું નક્કી થયેલ. એમાંના એક મુખ્ય સંઘ ઘાટકોપર-નવરોજીલેનમાં પૂજ્યશ્રીનું ચાતુર્માસ હતું. તે પૂર્વે અમારે પૂજ્યશ્રીનો કોઇ પ્રત્યક્ષ યા પરોક્ષ પરિચય ન હતો. એથી જગડૂશાના સંઘ દ્વારા પૂજ્યશ્રીને આ આયોજન જણાવાયું. એમણે સરલતા દાખવી. તુર્ત કહ્યું : ‘‘ખુશીથી આવતીકાલે સભા કરો અને એમાં માત્ર જિનાલયરક્ષા પર જ પ્રવચન લો.’’ બીજે દિવસે પ્રવચન સમયે પૂ.ગુરુદેવશ્રી સાથે અમે ત્યાં ગયા ત્યારે પૂજ્યશ્રીની સરલતાનો દ્વિગુણિત અનુભવ થયો. પ્રવચનપીઠ પર અમે સહુ સાથે વિરાજ્યા ને તુર્ત પૂજ્યશ્રીએ અમને કહ્યું, ‘‘જરા ય ચિંતા કર્યા વિના તમારે પ્રવચનમાં જિનાલયરક્ષા માટે જેટલો સમય લેવો હોય તેટલો લેજો. મારું પ્રવચન નહીં હોય તો ય ચાલશે. અમે તો આ સંઘમાં રોજ પ્રવચન આપીએ જ છીએ.’’ અમને આમાં એમની ઉત્તમ સરલતા-સૌજન્યનાં દર્શન થયા. જો કે, એ સભામાં પછી પૂજ્યશ્રીનું પણ પ્રવચન અમારા આગ્રહથી થયું જ.

એ ઘટનાના બે-ત્રણ દિવસ બાદ જગડૂશાનગરમાં વિરાટ તીર્થરક્ષામહાસભા યોજાઇ. એ સભામાં એક તિથિ-બે તિથિ પક્ષ-સ્થાનકમાર્ગી વગેરે વિભિન્ન પરંપરાના સાધુ-સાધ્વીજી વિપુલ સંખ્યામાં ઉપસ્થિત હતા. મુખ્ય મુખ્ય પાંચેક ગુરુભગવંતોના પ્રવચન હતા. તે સિવાયની તમામ રજૂઆત ગૃહસ્થ પ્રવક્તાઓ દ્વારા હતી. એમાં એક પ્રવચન દિવંગત પૂજ્યશ્રીનું હતું. અમને સ્મરણ છે કે એ સભાનું એમનું પ્રવચન ઘણો જ સરસ જુસ્સો પ્રેરે તેવું હતું. એ જ સભામાં અમુક વર્ગ તરફથી રેલી આયોજન કરવાની વાત આવી. આંદોલનનું નેતૃત્વ કરી રહેલ પૂ. ગુરુદેવશ્રીને અને અમને રેલી જેવા આક્રમક આયોજનો પસંદ ન હતા. છતાં અમે ત્યાં ઉપસ્થિત અગ્રિમ હરોળના ગુરુભગવંતોનો અભિપ્રાય લીધો.

પૂજ્યશ્રીનો અભિપ્રાય આવો મળ્યો કે **“આ સમગ્ર આંદોલનનું નેતૃત્વ પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. કરે છે. એટલે એમનો જે વિચાર છે તે અમારો સમજવો. કારણ કે છેલ્લે બધી જવાબદારી એમને આવવાની છે.”** સરલતાભરી વિચારસરણી વિના આવો પ્રત્યુત્તર જલ્દી સંભવી ન શકે.

વિ.સં. ૨૦૭૨. એ વર્ષે પાલીતાણામાં યોજાયેલ તપાગચ્છીય વિરાટ શ્રમણ સંમેલનમાં દેવસૂર તપાગચ્છીય બધા સમુદાયોના આચાર્ય ભગવંતોનું સાન્નિધ્ય હતું. સંમેલનની કાર્યવાહીમાં અગ્રિમ સ્તરે ભાગ લેવાની તક મળી હોવાથી ઘણા ઘણા વડિલ આચાર્યભગવંતો સાથે વિમર્શનો લાભ અમને મળ્યો. એમાં વિચારોની આપ-લે પણ મુક્ત ભાવે થતી. સંમેલનની ફલશ્રુતિની મહાસભામાં બન્યું એવું કે પૂજ્યશ્રીની અને અમારી બેઠકવ્યવસ્થા એકદમ સાથે હતી. ત્યારે અંગત સ્તરની કહી શકાય એવી બે-ત્રણ શાસનલક્ષી વાતો પૂજ્યશ્રીએ અમને કહી. એમાંની એક વાત એવી હતી કે જે એમના સમુદાયની જાહેર નીતિથી અલગ હતી અને છતાં સાંપ્રત સંદર્ભમાં બિલકુલ વાસ્તવસ્પર્શી હતી. ત્યારે પણ અમને એવી છાપ ઉપસી કે સરલ ચિત્તવૃત્તિનાં કારણે જ તેઓએ મુક્ત મનથી આ વિચારોની આપ-લે કરી હતી.

સરલતાના આ વિશિષ્ટ ગુણ ઉપરાંત પૂજ્યશ્રીનાં સૌભાગ્યનો પણ એક ચોક્કસ દૃષ્ટિબિંદુથી ઉલ્લેખ કરવા જેવો લાગે છે. એમના ગુરુદેવ અને સાંપ્રત શાસનની વિરલ અધ્યાત્મવિભૂતિ **પૂજ્યપ્રવર આ.ભ.શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.**નું સૌભાગ્ય તો વિખ્યાત હતું જ. પરંતુ તે છતાં એમના ગચ્છનાયક કાળમાં વાગડસમુદાયની શ્રમણસંખ્યાની જે વૃદ્ધિ થઇ એના કરતા પૂ. આ. શ્રી કલાપ્રભસૂરિજી મ.સા.ના ગચ્છનાયક કાળમાં વાગડસમુદાયની શ્રમણસંખ્યાવૃદ્ધિ લગભગ ચાર ગણી થઇ. સમુદાયવૃદ્ધિનાં વિવિધ પરિબળોમાં ગચ્છનાયકનાં સૌભાગ્યને પણ એક પ્રબળ પરિબળ જરૂર ગણી શકાય.

**દિવંગત પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિને હાર્દિક શ્રદ્ધાંજલિ.**

❀ ❀ ❀



૧૪

# શ્રદ્ધા અને સદ્‌બોધનો સંગમ : પં. શ્રી ધીરજલાલ મહેતા

ગંગોત્રીની એક અદ્‌ભુત વિશેષતા એ છે કે તે ભલે એક જ સ્થળે સ્થાયી છે. પરંતુ એમાંથી વિસ્તરતો જલપ્રવાહ ગંગામહાનદીનું વિરાટ રૂપ-સ્વરૂપ ધરીને અનેક ગામ-નગરોને હરિયાળીથી સમૃદ્ધ બનાવે છે, અનેક તૃષાતુર વ્યક્તિઓને તૃપ્તિ આપે છે; તો વૈદિક માન્યતાનુસાર અનેકોનાં જીવનનાં પાપો ય દૂર કરે છે.

અમને લાગે છે કે મહેસાણાની ‘મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળા’ પણ આ ગંગોત્રી સમી અદ્‌ભુત વિશેષતા ધરાવે છે. એ ભલે મહેસાણામાં સ્થાયી હોય. પરંતુ એમાંથી પ્રગટેલ-પાંગરેલ વિદ્વાનોના પ્રવાહે ભારતના વિધવિધ જૈન સંઘોની પાઠશાળાઓને જ્ઞાનસમૃદ્ધ બનાવી છે, અનેક જિજ્ઞાસુઓની જિજ્ઞાસાતૃષા તૃપ્ત કરી છે; તો સમ્યગ્ બોધનાં માધ્યમે અનેકોનાં જીવનમાંથી વિરાધનાનાં પાપો ય દૂર કર્યા છે. આ પાઠશાળામાં અધ્યયન કરીને તૈયાર થયેલ કેટલા ય પુણ્યાત્માઓએ સંયમધર બની ક્રમશઃ આચાર્યાદિપદે પ્રતિષ્ઠિત થઈ ઉપરોક્ત કાર્ય કર્યું છે. તો કેટલા ય પુણ્યાત્માઓએ ગૃહસ્થ જીવનમાં આજીવન અધ્યાપનક્ષેત્રે સંલગ્ન રહી ઉપરોક્ત કાર્ય કર્યું છે.

જેઓ ગૃહસ્થ પંડિતોરૂપે અધ્યાપનક્ષેત્રે સંલગ્ન રહ્યા છે તેમાં ય બે સ્તર નિહાળવા મળે છે : એક એવા પંડિતો જે સંસ્કૃત બુક-પ્રકરણો-પ્રારંભિક ચાર કર્મગ્રન્થાદિનો સરેરાશ અભ્યાસ કરાવતા હોય. જ્યારે બીજા એવા પંડિતો કે જેઓ સંસ્કૃત વ્યાકરણ-ન્યાય-સાહિત્ય-છયે કર્મગ્રન્થો-કર્મપ્રકૃતિ-યોગગ્રન્થો-અધ્યાત્મગ્રન્થો વિગેરેનું ઊંડાણભર્યું તલસ્પર્શી અધ્યયન કરાવતા હોય. પંડિત શ્રી ધીરજલાલભાઈ આ બીજા પ્રકારમાં સ્થાન પામતા એવા વિદ્વાન હતા કે જેમની ગણના આંગળીના વેઢે ગણાય તેવા પંડિતોમાં થઈ શકે. અમદાવાદ અને સુરતમાં મળી સળંગ લગભગ સાઠ વર્ષોપર્યંત તેઓએ ઉપરોક્ત ઉચ્ચતર વિષયોનું અધ્યાપન સેંકડો પૂ. સંયમીભગવંતો સહિત મુમુક્ષુઓ-ગૃહસ્થવર્ગને કરાવ્યુ છે. એ પણ એ રીતે કે જેમાં વિદ્યાર્થીઓ જે તે વિષયનો નિઃસંશય બોધ લગભગ પામે. અધ્યાપનક્ષેત્રે નિયમ એ છે કે અધ્યાપકને સ્વયં તે વિષયનો સ્પષ્ટ બોધ હોવો જોઈએ. તો જ તે વિદ્યાર્થીને નિઃસંશય બોધ કરાવી શકે. શ્રી ધીરુભાઈનાં અધ્યાપનનું આ એક બહુ ઉમદા પાસુ હતું.

જે તે નિયત વિષયોનું અધ્યાપન કરવું અલગ છે અને તત્ત્વજ્ઞાનની કોઈ ભૂમિકા વિનાના છતાં જિજ્ઞાસુ સરેરાશ વ્યક્તિઓને સવાયો સંતોષ થાય તે રીતની સમજ આપવી સાવ અલગ વાત છે. ઘણી વાર મોટા ગજાના પંડિતો

પણ આવી સમજ આપવામાં કામિયાબ નથી નીવડતા હોતા. શ્રી ધીરુભાઈ પાસે આ વિશેષતા પણ નોંધપાત્ર હતી. લગભગ પચીશેક વર્ષ તેઓએ પરદેશમાં વિવિધ સ્થળે જૈન તત્ત્વજ્ઞાનની વાતો આ સ્તરના વર્ગ સમક્ષ રજૂ કરી. એનું એક 'જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો' નામે નાનું પુસ્તક પણ એમણે આલેખ્યું છે. આપણે એમાંનો એક પ્રશ્નોત્તર જોઈએ :

એમાં એ ભાવનો પ્રશ્ન છે કે 'કાઉસ્સગ્ગમાં લોગસ્સ કે નવકાર જ કેમ ગણવા? પૂર્વના મહાત્માઓ દીર્ઘ સમયના કાઉસ્સગ્ગમાં શું ગણતા હતા?' તેઓ આનો એ વર્ગને સમજાઈ જાય તેવો સરલ ઉત્તર આપે છે કે ''કાયોત્સર્ગમાં આત્માને અત્યંત સ્થિર કરી આત્માનાં સ્વરૂપનું ચિંતન કરવાનો મૂલ માર્ગ હતો. યોગી મહાત્માઓ કાઉસ્સગ્ગમાં આત્મસ્વરૂપનું ચિંતન કરતા, લોકનું સ્વરૂપ વિચારતા. તેનાં કારણે અમાપ કાલ સુધી કાઉસ્સગ્ગમાં રહેતા. પરંતુ ધર્માનુષ્ઠાન કરનારા સર્વસાધારણ જીવો આટલું સૂક્ષ્મ ભણેલા ન હોય તેથી આસન્ન ઉપકારી એવા આ વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરવા 'ચઉવીસત્થો' અર્થાત્ લોગસ્સ ગણાય છે.'' અનભ્યાસીને ય સમજાઈ જાય એવી સરલ પ્રસ્તુતિ છે આ.

જેમ અધ્યાપન અને લોકભોગ્ય સમજાવટશક્તિ બે અલગ બાબત છે, તેમ મોટા મોટા આકર ગ્રન્થોના ભાવાનુવાદો-વિવેચન એથી પણ અલગ બાબત છે. આવા અધિકૃત ભાવાનુવાદો-વિવેચનો માટે ઘણી ઘણી સજ્જતા અપેક્ષિત છે. ધીરુભાઈ પાસે આ સજ્જતા કેવી હતી તે એમના ભાવાનુવાદો-વિવેચનોના ગ્રન્થો જોવાથી સમજાય છે. એકમાત્ર 'પ્રમાણનયતત્ત્વાલોક' ગ્રન્થની 'રત્નાકરાવતારિકા' ટીકાનું વિવેચન-ભાષાંતર જોઈએ તો શ્રી ધીરુભાઈએ એના આઠ પરિચ્છેદો પર ત્રણ ભાગમાં કુલ સોળસો સત્તર પેજનું વિવરણ કર્યું છે! આ સિવાય યોગવિંશિકા - યોગશતક -યોગદષ્ટિસમુચ્ચય - છયે છ કર્મગ્રન્થો- તત્ત્વાર્થાધિગમસૂત્ર

-દ્રવ્યગુણપર્યાયનો રાસ - સમ્મતિપ્રકરણ - જ્ઞાનસાર વગેરે ગ્રન્થો પરના એમનાં વિવેચનો-ભાવાનુવાદો અલગ. એમ કહી શકાય કે શાસ્ત્રોમાં શ્રાવકો માટે નિહાળવા મળતા 'लद्धट्ठा गहियट्ठा' વગેરે વિશેષણો શ્રી ધીરુભાઈમાં સાર્થક થતા જોવાતા હતા.

છેલ્લે એમની શ્રદ્ધાળુતાનો અમારો એક અનુભવ ટાંકીશું : વિ.સં. ૨૦૬૭માં પૂ. ગુરુદેવ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં અમે ડભોઇ તીર્થે ચાતુર્માસ હતા. એ ચાતુર્માસમાં તત્ત્વજ્ઞાનપ્રચારકપરિષદનું મિલન વડોદરામાં યોજાતાં ઘણા પંડિતો તેમાં ઉપસ્થિત હતા. એમાં એક બપોરે પં. શ્રી ધીરુભાઇ-પં. શ્રી વસંતભાઇ વગેરે અગ્રણી પંડિતો પૂ. ગુરુદેવશ્રીને વંદનાર્થે આવ્યા. થોડી ઔપચારિક વાતો થઇ ત્યાં શ્રી ધીરુભાઇએ અચાનક અમને કહ્યું: ''સાહેબજી! થોડી હિતશિક્ષા-વાચના આપો.'' અમે 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થના 'स्वाध्याययोगैः०' શ્લોકના આધારે મનની સ્થિરતા કેળવવામાં **practical** પુરવાર થાય તેવા ઉપાયો દર્શાવ્યા. જે શ્રદ્ધાથી-ભાવથી એક સરેરાશ શ્રાવકની જેમ તેઓ સાંભળતા હતા તે જોતાં એવું ન લાગે કે સામે કોઇ વિદ્વાન પંડિત સાંભળે છે. એમના અંગેના આ સ્વાનુભવના આધારે અમે કહીશું કે 'ધીરુભાઇ એટલે શ્રદ્ધા અને સદ્‌બોધના સંગમ સમું વ્યક્તિત્વ.'

❀ ❀ ❀

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટના 215 પુસ્તકોની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૧) ધર્મવાણી
(૨) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૩) શ્રદ્ધાનું સંગીત
(૪) પર્યુષણાની પાવન પ્રેરણા
(૫) જીવનનું ઝવેરાત
(૬) પજુસણ આવ્યાં રે..
(૭) પગલું પડે તો પંથ ખૂલે
(૮) વન્દના...પાપનિકન્દના
(૯) રેતીમાં મોતી
(૧૦) રણ બને ઝરણ
(૧૧) મેઘધનુષ
(૧૨) દિવ્યધામ દર્ભાવતી
(૧૩) માયાનાં મૃગજળ
(૧૪) નમામિ વીરમ્
(૧૫) શ્રુતસૌરભ
(૧૬) શૂલ વચ્ચે ફૂલ
(૧૭) જીવન બને ઉપવન
(૧૮) આંખ ફરે અંતર ઠરે
(૧૯) પાઠશાળા પ્રવેશિકા
(૨૦) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૨૧) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૨૨) कथा-कल्पवल्लि: (संस्कृत)
(૨૩) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૨૪) દર્શનં મોક્ષસાધનમ્
(૨૫) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૨૬) સ્વાતિનાં મોતી
(૨૭) પ્રેરણાનાં પુષ્પો
(૨૮) આવો આરાધના કરીએ
(૨૯) તમે મન મૂકીને વરસ્યા
(૩૦) सुगंध (हिन्दी)
(૩૧) નવપદ ધરજો ધ્યાન
(૩૨) દીવડો ધરો ...તિમિર હરો
(૩૩) સૌરભ
(૩૪) હૈયાના હસ્તાક્ષર
(૩૫) અંતરજ્યોત
(૩૬) મયૂરપંખ
(૩૭) વંદન હોજો વાર હજાર
(૩૮) પ્રેરણાદીપ
(૩૯) આદર્શોનું અમૃત
(૪૦) પાનું ફરે ...સોનું ઝરે ...
(૪૧) ધર્મધારા
(૪૨) ધર્મસિન્ધુ
(૪૩) યુગદિવાકર મહાગ્રન્થ
(૪૪) વિમલાચલ-વન્દના
(૪૫) ધર્મસેતુ
(૪૬) હૈયે કરજો વાસ
(૪૭) મોતીની ખેતી
(૪૮) અમૃતનો આસ્વાદ
(૪૯) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૫૦) ખૂશ્બુનો ખજાનો
(૫૧) એક મૂઠી મોતી
(૫૨) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૫૩) ભીતર દીવા હજાર
(૫૪) વન થી વૃંદાવન
(૫૫) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૫૬) હયાતિના હસ્તાક્ષર
(૫૭) હસતા અક્ષર
(૫૮) માનસરોવરનાં મોતી
(૫૯) અજવાળાના અવતરણ
(૬૦) દરવાજે દસ્તક
(૬૧) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૬૨) અમૃતનું આચમન
(૬૩) વ્રત ધરીએ...ભવ તરીએ
(૬૪) મહામાનવ મોતીશાહ
(૬૫) પ્રેરણાનો પયગામ
(૬૬) પ્રેરણાના પારિજાત
(૬૭) પ્રેરણાનો પરાગ
(૬૮) પ્રેરણાની પરબ
(૬૯) પ્રેરણાનું પંચામૃત
(૭૦) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૭૧) ચાલો શિખરજી જઈએ
(૭૨) ઝાકળભીનો ઉજાસ
(૭૩) હૃદયદીપ
(૭૪) સુખનું સરનામું
(૭૫) સુખના સૂરજમુખી
(૭૬) અમૃતની અંજલિ
(૭૭) નંદનવનનાં પુષ્પો
(૭૮) તિમિરથી તેજ
(૭૯) પરમને પ્રાર્થના
(૮૦) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૮૧) તમે સૂરજ થઈને ચમક્યાં મહાગ્રન્થ
(૮૨) મહેંક માર્ગાનુસારિતાની ...
(૮૩) વિચારસેતુ
(૮૪) આનંદનું એવરેસ્ટ
(૮૫) વાસંતી વાયરા
(૮૬) ભવ આલોચના
(૮૭) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૮૮) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૮૯) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૯૦) જ્યોત
(૯૧) વૈભવ
(૯૨) સુગંધનું સરનામું
(૯૩) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૯૪) અક્ષરના દીવા
(૯૫) ઉદ્યોત
(૯૬) સાહિબ ! તમે મારા છો
(૯૭) રત્નકિરણ
(૯૮) ઉન્મેષ
(૯૯) દષ્ટાંતદર્પણ
(૧૦૦) અહો ! માસક્ષમણમ્
(૧૦૧) ગિરિરાજ ગુંજન
(૧૦૨) 'અમૃતવેલ'ની આનંદયાત્રા
(૧૦૩) ગૌરવ
(૧૦૪) પર્યુષણાનો પયગામ
(૧૦૫) મહેંક
(૧૦૬) પ્રમોદ પમરાટ
(૧૦૭) પ્રમોદ પરિમલ
(૧૦૮) પ્રસ્તાવના પમરાટ
(૧૦૯) પ્રસ્તાવના પરિમલ
(૧૧૦) પાથેય (આગામી)
(૧૧૧) નજરાણું (આગામી)
(૧૧૨) બોજ વિનાનો બોધ (આગામી)
(૧૧૩) ઉજાસ (આગામી)
(૧૧૪) સૂર (આગામી)
(૧૧૫) 'ધર્મરત્ન'નો ઝળહળાટ (આગામી)
(૧૧૬) ઐશ્વર્ય (આગામી)
(૧૧૭) માસક્ષમણની મહાસફર (આગામી)

## પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૪) ચિંતનની ચાંદની
(૫) મનનનાં મોતી
(૬) Treasure of Qualities
(૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૯) Entity of Supremacy
(૧૦) Bharat Chakravarti
(૧૧) Karma
(૧૨) A Step towards purity-I (આગામી)
(૧૩) A Step towards purity-II (આગામી)
(૧૪) A Step towards purity-III (આગામી)
(૧૫) प्रेरणाप्रपा (આગામી)
(૧૬) प्रेरणासेतु (આગામી)

## પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ સાહિત્ય

૧ થી ૬૧ પુસ્તકો

આ ઉપરાંત પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે નવા 50 પુસ્તકોના પ્રકાશનો સાથે ટ્રસ્ટની કુલ પ્રકાશન સંખ્યા 265 થશે.